


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 30 MAY, 2025 Vol. 23, No. 21 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ટ્રમ્પને ઝટકો : ટેરિફ પર US ફેડરલ કોર્ટનો સ્ટે

## કાયદો રાષ્ટ્રપતિને વિશ્વના લગભગ તમામ દેશો પર એકપક્ષીય રીતે ટેરિફ લાદવાનો અધિકાર આપતો નથી : કોર્ટ

**વોશિંગ્ટન**

યુનાઈટેડ સ્ટેટ્સની એક ફેડરલ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો અને જોરદાર ફટકો આપ્યો છે. ફેડરલ કોર્ટે વિશ્વના ઘણા દેશો પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ પર સ્ટે મૂક્યો છે. કોર્ટના આ નિર્ણયથી ટ્રમ્પની આર્થિક નીતિઓના એક મહત્વપૂર્ણ ભાગને ફટકો પડયો છે. આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતે પોતાના નિર્ણયમાં કહ્યું કે વ્હાઈટ હાઉસ દ્વારા ટેરિફ લાદવા માટે ટાંકવામાં આવેલ કટોકટી કાયદો રાષ્ટ્રપતિને વિશ્વના લગભગ તમામ દેશો પર એકપક્ષીય રીતે ટેરિફ લાદવાનો અધિકાર આપતો નથી.



અમેરિકાના મેનહટનમાં સ્થિત આંતરરાષ્ટ્રીય ટ્રેડ અદાલતે કહ્યું કે, યુએસ બંધારણ અનુસાર, કોંગ્રેસને વિશ્વના અન્ય દેશો સાથે વેપાર સરળતાથી ચલાવવા માટે ખાસ અધિકારો આપવામાં આવ્યા છે, જે અર્થતંત્રના રક્ષણના નામે રાષ્ટ્રપતિને આપી શકાતા નથી. જોકે, કોર્ટના નિર્ણય પછી તરત જ, ટ્રમ્પ વહીવટીતંત્રે અપીલ દાખલ કરી હતી.

હકીકતમાં, ફેડરલ કોર્ટના નિર્ણય પછી, વ્હાઈટ હાઉસ પાસે હવે તમામ ટેરિફ બંધ કરવા માટે અમલદારશાહી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૧૦ દિવસનો સમય છે. જોકે, આમાંના મોટાભાગના કેસોમાં, ટેરિફ પહેલાથી જ સ્થગિત કરી દેવામાં આવ્યો છે. તે જ સમયે, ભૂતપૂર્વ ટોચના CBP અધિકારી જોન લિયોનાર્ડે બીબીસીને જણાવ્યું હતું કે, હવે આ મામલો અપીલ પ્રક્રિયામાંથી પસાર થશે. જો વ્હાઈટ હાઉસ તેની અપીલ હારી જાય છે, તો યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન એજન્સી સૂચનાઓ જારી કરશે. જોકે, તેમણે કહ્યું, એ પણ શક્ય છે કે ઉચ્ચ અદાલતો ટ્રમ્પ પ્રત્યે વધુ સહાનુભૂતિ ધરાવે છે. પરંતુ જો બધી અદાલતો આ નિર્ણયને સમર્થન આપે છે, તો જે તમામ ઉદ્યોગપતિઓએ ટેરિફ ચૂકવ્યો છે તેમને વ્યાજ સાથે ચૂકવવામાં આવેલી રકમ પરત કરવામાં આવશે.

### ભારત પર શું થશે અસર?

ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ મુદ્દે વેપાર મંત્રણા થઈ રહી છે. બંને દેશો પોતાના દ્વિપક્ષીય વેપાર સંબંધોને ગાઢ બનાવવા તેમજ ટેરિફનો બોજો દૂર કરવા ચર્ચાવિચારણા કરી રહ્યા છે. જો કે, કોર્ટના આ નિર્ણયથી બંને દેશોના સમાધાનકારી વલણ પર અસર થઈ શકે છે. ભારત પોતાની અમુક રાહતોને દૂર કરી શકે છે.

# એલન મસ્કનો મોહભંગ : અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના 'બિગ બ્યુટીફુલ બિલ'ની ટીકા કરી

## વ્યવસ્થામાં સુધારો કરવું ખૂબ જ મુશ્કેલ કાર્ય : મસ્કે DOGEમાંથી રાજીનામું આપ્યું

**વોશિંગ્ટન**

ટેસ્લાના માલિક એલોન મસ્કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી મહત્વપૂર્ણ કાયદા 'બિગ બ્યુટીફુલ બિલ'ની ખુલ્લેઆમ ટીકા કરી છે. આ ટીકાને ગયા વર્ષની ચૂંટણી દરમિયાન બંને નેતાઓ વચ્ચે બનેલા સંબંધોમાં મોટો તિરાડ માનવામાં આવી રહી છે. ટ્રમ્પના ચૂંટણી પ્રચારને $250 મિલિયનનો ટેકો આપનાર અને તેમના વહીવટમાં સલાહકારની ભૂમિકા પણ ભજવનાર એલોન મસ્ક હવે આ બિલથી ખૂબ નિરાશ છે. તેમણે કહ્યું કે આ કાયદો માત્ર ખર્ચાળ નથી, પરંતુ તે તેમના વિભાગ, સરકારી કાર્યક્ષમતા વિભાગના પ્રયાસોને પણ નબળા પાડે



છે. મસ્કે ઉમેર્યું કે, 'એક બિલ મોટું અથવા સુંદર હોઈ શકે છે, પરંતુ મને નથી લાગતું કે તે બંને હોઈ શકે.'Xના માલિક એલોન મસ્કે કહ્યું કે આ બિલ સરકારી ખર્ચ અને નુકસાન બંનેમાં વધારો કરી રહ્યું છે. આ તે ઉદ્દેશ્યની વિરુદ્ધ છે જેના માટે તેમણે સરકારી ખર્ચમાં $1 ટ્રિલિયનનો ઘટાડો કરવા DOGE વિભાગ બનાવ્યો હતો. પરંતુ હવે તેમનું માનવું છે કે વોશિંગ્ટન ડીસીની સરકારી વ્યવસ્થા અપેક્ષા કરતાં વધુ ખરાબ છે. તેમણે કહ્યું કે, 'મને લાગ્યું હતું કે કેટલીક સમસ્યાઓ હશે, પરંતુ સરકારી વ્યવસ્થામાં સુધારો કરવો ખૂબ જ મુશ્કેલ કાર્ય છે.'

આ સાથે જ અબજોપતિ અને બિઝનેસમેન એલોન મસ્કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટના DOGE વિભાગ છોડવાનો નિર્ણય લીધો છે. આ વિભાગ ટ્રમ્પનું 'કોસ્ટ કટિંગ ટાસ્ક ફોર્સ' હતું, જેની સાથે મસ્કે તેમના જોડાણનો અંત લાવવાની જાહેરાત કરી હતી. મસ્કે બુધવારે રાત્રે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ દ્વારા આ માહિતી શેર કરી હતી.

**લાંબા ગાળાના શાંતિપૂર્ણ ઉકેલની આશા**

# ગાઝામાં યુદ્ધવિરામની પૂર્ણ સંભાવના નેતન્યાહૂએ કહ્યું, ટ્રમ્પનો પ્રસ્તાવ મંજૂર

**વોશિંગ્ટન**

ગાઝામાં યુદ્ધવિરામની પૂર્ણ સંભાવના છે, ત્યારે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે, તેમની સરકારે અમેરિકાના મધ્ય-પૂર્વ શાંતિ દૂત સ્ટીવ વિટકોફ દ્વારા કરાયેલા નવા યુદ્ધવિરામના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો છે. જ્યારે પેલેસ્ટિનિયન સંગઠન હમાસે પુષ્ટિ આપી છે કે, તેમને મધ્યસ્થી દ્વારા આ નવો પ્રસ્તાવ મળ્યો છે અને તેઓ તેના પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. અમેરિકાના દૂત સ્ટીવ વિટકોફે બુધવારે વોશિન્ગટનમાં કહ્યું હતુ કે, 'આપણે અસ્થાયી યુદ્ધવિરામ અને લાંબા ગાળાના શાંતિપૂર્ણ ઉકેલ લાવવાની દિશામાં આગળ વધી શકીએ છીએ, તેને લઈને મને ખુબ સારી લાગણી અનુભવાય છે.'

### યુદ્ધવિરામનો પ્રસ્તાવ

- આ યોજના 60 દિવસના યુદ્ધવિરામ માટે છે, જેમાં બંને પક્ષો લડાઈ બંધ કરશે.
- આ સમય દરમિયાન ગંભીર વાટાઘાટોની ગેરંટી આપવામાં આવી છે કે કાયમી યુદ્ધવિરામ થાય.
- બંધકોને મુક્ત કર્યા પછી ઇઝરાયલ લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરશે નહીં
- ઇઝરાયલી દળો પ્રથમ યુદ્ધવિરામ દરમિયાન તેમના સ્થાનો પર ફરશે
- હમાસ 60 દિવસના સમયગાળા દરમિયાન 10 જીવંત બંધકો અને કેટલાક મૃતદેહોને મુક્ત કરશે. બદલામાં ઇઝરાયલ 1,100થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે, જેમાં 100 એવા લોકોનો સમાવેશ થાય છે.












# ઉત્તરી સાસ્કમાં જંગલમાં આગને કારણે 4,000નું સ્થળાંતર

## પ્રિન્સ આલ્બર્ટ, ફ્લિન ફ્લોન અને સાસ્કેચવાનમાં રાહત કેન્દ્રો શરૂ કરાયા

**સાસ્કેચવાન**

ઉત્તરી સાસ્કાચેવાનમાં જંગલમાં લાગેલી આગને કારણે 4,000 લોકો પાસે તેમના ઘરો ખાલી કરાવાયા હતા. પ્રિન્સ આલ્બર્ટથી લગભગ 400 કિલોમીટર ઉત્તરપૂર્વમાં આવેલા પેલિકન નેરોઝ નામના ઉત્તરી ગામથી સ્થળાંતર કરનારાઓનો સૌથી મોટો સમૂહ ભાગી ગયો છે, જ્યાં જંગલમાં આગ લાગી છે, એ રસ્તા પર જવું જોખમી છે. પેલિકન નેરોઝની રહેવાસી ચેરીશ મોરિન મંગળવારે વહેલી સવારે સાસ્કાટૂન હોટલમાં પહોંચીને કહ્યું હતુ કે, પેકિંગ કરવું અને ઘર છોડીને જવું તણાવપૂર્ણ હતું.

પીટર બેલેન્ટાઈન ક્રી નેશન (પીબીસીએન)એ મંગળવારે પેલિકન નેરોઝ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. ચીફ પીટર બીટીએ



મીડિયાને જણાવ્યું હતું કે, લગભગ 2,000 લોકો પેલિકન નેરો અને આસપાસના સમુદાયો છોડી ચૂક્યા છે અને બીજા 2,000 લોકોને તાત્કાલિક બસ દ્વારા અથવા પોતાના વાહનોમાં ત્યાંથી નીકળી જવાનું કહેવામાં આવી રહ્યું છે. પ્રિન્સ આલ્બર્ટ, ફ્લિન ફ્લોન અને સાસ્કેચવાનમાં સ્થળાંત કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. મોરિને જણાવ્યું હતું કે સોમવારે સાંજે હાઈવે 106 બંધ કરવામાં આવ્યો હતો, જેના કારણે તેને લા રોંગે નજીકનો રસ્તો અપનાવવાની ફરજ પડી હતી, જેના કારણે મુસાફરીનો સમય વધ્યો હતો. મોરિને કહ્યું કે, તે તેના સમુદાયના અન્ય ઘરો અને તેના દાદાન જેમ લોકો વિશે પણ ચિંતિત છે, જેમણે ત્યાં રહેવાનું અને મદદ કરવાનું નક્કી કર્યું છે. દરમિયાન સોમવારે બીજી એક જંગલી આગને કારણે 380થી વધુ લોકો હોલ લેકના ઉત્તરીય સમુદાયમાંથી નીકળી ગયા હતા. ઉત્તરપશ્ચિમ સાસ્કાચેવાનમાં, મેડો લેકથી લગભગ 120 કિલોમીટર ઉત્તરમાં આવેલા કેનો લેકના નેતાઓએ સોમવારે સમુદાયની ખૂબ નજીક આગ શરૂ થયા પછી સ્થળાંતર કરવાનો નિર્ણય લીધો હતો.

# કેનેડા-ભારતના સંબંધો સુધરવાની સંભાવના એક વર્ષ બાદ વિદેશ મંત્રીઓ વચ્ચે સંવાદ

**ટોરોન્ટો**

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા બે વર્ષોથી સંબંધોમાં પડેલી તિરાડ હવે દૂર થવાનો આશાવાદ વ્યક્ત થઈ રહ્યો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે આ સંકેત આપ્યો છે. તેમણે બંને દેશો ટૂંકસમયમાં પોતાના સંબંધોમાં સુધારો કરવાના પ્રયાસ શરૂ કરશે તેવી શક્યતાઓ જણાવી છે. જયશંકરે રવિવારે મોડી રાત્રે કેનેડાના નવા વિદેશ મંત્રી અનિતા આનંદ સાથે ટેલિફોનિક વાર્તાલાપ કર્યો હતો. બંને વચ્ચે વાર્તાલાપ સકારાત્મક રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.



બંને વિદેશ મંત્રીએ આર્થિક સહયોગ પર ચર્ચા કરી હતી. કેનેડામાં હાલમાં જ માર્ક કાર્નિના નેતૃત્વ હેઠળ નવી સરકાર બની છે.

નવી સરકાર ભારત સાથે સંબંધો સુધારવા પ્રયાસ કરતી જોવા મળી છે. તે પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો દ્વારા ભારત વિરોધી નિવેદનો મારફત સંબંધોમાં આવેલી તિરાડ પૂરવાનું વલણ દર્શાવી રહી છે.

ઉલ્લેખનીય છે, બંને દેશોના વિદેશ મંત્રીએ ફેબ્રુઆરી, 2024 બાદ પ્રથમ વખત બેઠક કરી છે.

ભારતે કેનેડા દ્વારા મૂકવામાં આવેલા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતાં. ભારતે આક્ષેપ કર્યો હતો કે, ટ્રુડોએ પોતાના રાજકીય હિતો માટે ભારત સાથે સંબંધો બગાડ્યા છે. જેના લીધે એફટીએ મીટિંગ સ્થગિત થઈ હતી.

# ટોરોન્ટોમાં જૂનમાં આઇલેન્ડ ઇટ્સ ફૂડ એન્ડ ટ્રાવેલ ફેસ્ટિવલ યોજાશે

**ટોરોન્ટો**

ટોરોન્ટોનો ઉનાળો શરૂ થઈ ગયો છે, ત્યારે મેલ લાસ્ટમેન સ્ક્વેર ખાતે શનિવાર, 14 જૂને બપોરે 1 થી 10 વાગ્યા સુધી અને રવિવાર 15 જૂને બપોરે 1થી 8 વાગ્યા સુધી આઈલેન્ડ ઈટ્સ ફૂડ એન્ડ ટ્રાવેલ ફેસ્ટિવલ યોજાશે. આ બે દિવસીય મફત આઉટડોર ઈવેન્ટમાં મહેમાનો માટે ટાપુઓ પર ઉજવણી થશે. ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે પાસપોર્ટની જરૂર નથી. આઈલેન્ડ ઈટ્સ શહેરના હૃદયમાં કેરેબિયનની ભાવના લાવે છે, જે ભોજનપ્રેમીઓ, સંગીતચાહકો અને સંસ્કૃતિ ઉત્સાહીઓને એક કરે છે. આઈલેન્ડ ઈટ્સ ફક્ત એક તહેવાર કરતાં વધુ છે. તે આપણા




કેરેબિયન મૂળને પ્રેમપત્ર છે. ફેસ્ટિવલ મેનેજર પેટ્રોનિલા માર્ચન કહે છે કે, તે એક એવી જગ્યા છે જ્યાં સંસ્કૃતિઓ જોડાય છે, પરંપરાઓ ખીલે છે, અને સમુદાય નૃત્ય કરવા, ખાવા અને ઉજવણીનો અવસર મળે છે. મહેમાનો "બ્રીઝ એન્ડ બ્રુઝ" બારમાં વિવિધ પ્રકારની મીઠી વાનગીઓ, ઉષ્ણકટિબંધીય વાનગીઓ અને તાજગીભર્યા પીણાંનો આનંદ માણી શકે છે.












# ઑન્ટેરિયોમાં SUV અને ટ્રાન્સપોર્ટ ટ્રક વચ્ચે ટક્કર, 4 કિશોર સહિત 5ના મોત

## બીજી SUVમાં સવાર અને ટ્રાન્સપોર્ટ ટ્રક ડ્રાઈવરને પણ ઈજા અકસ્માતને પગલે કલાકો સુધી રસ્તા પર ટ્રાફિક જામ થઇ ગયો




**ઑન્ટેરિયો**

દક્ષિણ-પશ્ચિમ ઑન્ટારિયોમાં અનેક વાહનો વચ્ચે થયેલા અકસ્માતમાં ચાર કિશોરો અને એક શિક્ષક સહિત પાંચ લોકોનાં મોત થયાં હતા. ઑન્ટારિયો પ્રાંતીય પોલીસનું કહેવું છે કે, આ અકસ્માત શુક્રવારે સાંજે 4:30 વાગ્યે લંડન, ઑન્ટેરિયો નજીક મિડલસેક્સ કાઉન્ટીમાં થયો હતો. તપાસકર્તાઓનું કહેવું છે કે, આ ઘટનામાં પાંચ લોકોને લઈ જતી એક SUV થોર્નડેલ રોડ અને કોબલ હિલ્સ રોડના આંતરછેદ પર એક ટ્રાન્સપોર્ટ ટ્રક સાથે અથડાઈ હતી, ત્યારબાદ બીજી SUV સાથે અથડાઈ હતી.

પહેલી SUVના ત્રણ મુસાફરો, બે 17 વર્ષની છોકરીઓ અને એક 16 વર્ષની છોકરીને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવી હતી. 33 વર્ષીય પુરુષ ડ્રાઈવર, મેટ એકર્ટ અને તે જ SUVના અન્ય 16 વર્ષની છોકરીને જીવલેણ ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. 16 વર્ષની છોકરીને ઓર્ન્જ દ્વારા એરલિફ્ટ કરાઈ હતી. જ્યાં બંનેના હોસ્પિટલમાં મૃત્યુ થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા એકર્ટ હાઈસ્કૂલના શિક્ષક અને ઓવેન સાઉન્ડ નોર્થસ્ટાર્સ જુનિયર બી લેક્રોસ ક્લબના સહાયક કોચ હતા. ટીમે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેમના મૃત્યુથી અમે દુઃખી છીએ, તેમને ખેલાડીઓ માટે સમર્પિત માર્ગદર્શક અને સાથી કોચના શ્રેષ્ઠ મિત્ર તરીકે યાદ કર્યા હતા.

પ્રીમિયર ડગ ફોર્ડે પણ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. બીજી SUVમાં સવાર અને ટ્રાન્સપોર્ટ ટ્રક ડ્રાઈવરને નાની ઈજાઓ થઈ હતી. એ રસ્તો ઘણા કલાકો સુધી બંધ રહ્યો હતો. પરંતુ પછીથી ફરી ખુલી ગયો હતો.

# રસ્તામાં બાળકને સ્તનપાન કરાવવા છતાં કેનેડિયને ૧૦૦ કિમીની અલ્ટ્રા મૅરેથોન જીતી

**ઑન્ટેરિયો**

કેનેડિયન અલ્ટ્રારનર સ્ટેફની કેસે ૧૭ મેના રોજ અલ્ટ્રા-ટ્રેઈલ સ્નોડોનિયામાં ૧૬:૫૩:૨૨ના સમયે મહિલાઓ માટે યોજાયેલા દોડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને વાયરલ રેસના ફોટા માટે વિશ્વભરમાં હેડલાઈન્સ બનાવી હતી, જ્યાં તેણી તેની ૭ મહિનાની પુત્રી, પેપરને સ્તનપાન કરાવતી હતી. છેલ્લા ત્રણ વર્ષથી રેસિંગમાંથી વિરામ લીધા પછી અને ચુનંદા દોડવીરોથી 30 મિનિટ પાછળ રહીને કેસ કહે છે કે, તેણીએ વિજેતા ચિપ ટાઈમથી પોતાને પણ આશ્ચર્યચકિત કરી દીધા હતા. 17 કલાકની દોડ દરમિયાન સમગ્ર કોર્સમાં કેસના ભાગીદાર જોન તેને તે બે



ચેકપોઈન્ટ પર પેપર સાથે મળ્યા હતા. વધુમાં, કેસે 50-કિલોમીટર ચેકપોઈન્ટ પર તેના બાળકને સહાય પૂરી પાડવા ખાસ પરવાનગી માંગી હતી.

કેસે કહ્યું કે 50 કિલોમીટરનો ચેકપોઈન્ટ સૌથી મુશ્કેલ હતો. કારણ કે જોનને તેની બોટલો ભરવા, ખોરાક મેળવવા અથવા સહાય સ્ટેશન પર તેને જોઈતી અન્ય કોઈપણ વસ્તુ મેળવવામાં મદદ કરવાની મંજૂરી નહોતી. પરંતુ સ્વયંસેવકો ખૂબ જ સહાયક હતા. તેણીની છેલ્લી મોટી રેસ 2022માં હાર્ડરોક ખાતે હતી.









તંત્રી સ્થાનેથી

# ભારતનો ચોથી ઈકોનોમીનો દાવો સફળતાની દિશામાં પહેલો પડાવ

ભારતના નીતિ આયોગના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર (CEO) બી.વી.આર સુબ્રહ્મણિયમે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ભારત વિશ્વની ચોથી ઈકોનોમી બની ગયાનો દાવો કર્યો હતો. આ સાથે જ એવો ઉલ્લેખ પણ કરાયો કે, ભારતે અર્થતંત્રમાં જાપાનને પણ પાછળ છોડી દીધું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને શનિવારે નીતિ આયોગની 10મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક મળી પછી પત્રકાર પરિષદ યોજીને કરાયેલા દાવાથી સોશિયલ મીડિયામાં તો દેશપ્રેમનું પૂર જ આવી ગયુ. જ્યારે મેઈનસ્ટ્રીમ મીડિયા પણ હંમેશાની જેમ કુદી પડ્યું. જો કે, સરકાર ભલે ગમે તે દાવો કરે પણ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. હકીકતે ભારત વિશ્વમાં ચોથા નંબરની સૌથી મોટી આર્થિક મહાસત્તા બની નથી. પણ બની શકે છે એવી આગાહી કરાઈ છે. ભારતની ધારણા પ્રમાણે આર્થિક વિકાસ ચાલુ રહેશે તો 2026ના માર્ચ સુધીમાં તે વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર હશે.



તંત્રી - સ્વદેશ

વિશ્વમાં ક્યા દેશની જીડીપી કેટલી છે અને ક્યા દેશના અર્થતંત્રનું રેન્કિંગ કેટલું છે એ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) નક્કી કરે છે. આઈએમએફ દ્વારા સત્તાવાર રીતે ભારત વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું હોવાની જાહેરાત પણ કરાઈ નથી. નીતિ આયોગના સીઈઓએ એવો દાવો પણ કર્યો કે, આપણે આપણા આયોજન અને વિચારો પર ટકી રહીશું તો અઢી-ત્રણ વર્ષમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જઈશું. સુબ્રહ્મણિયમે IMFના ડેટાનો હવાલો આપીને આવી વાતો કરી, પરંતુ વાસ્તવમાં આઈએમએફના રિપોર્ટમાં એવું કશું કહેવાયું નથી. IMF દર 6 મહિને એટલે કે, વરસમાં બે વાર વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ બહાર પાડે છે. વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં વૈશ્વિક આર્થિક વલણો અને નીતિગત પડકારોની ચર્ચા કરાય છે અને તેના આધારે આગાહીઓ કરાય છે.

એપ્રિલમાં બહાર પડાયેલા વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં ભારતનું અર્થતંત્ર સારી પ્રગતિ કરશે એવી આગાહી કરાઈ છે. આ રિપોર્ટ પ્રમાણે નાણાકીય વર્ષ 2026 એટલે કે, 31 માર્ચ 2026 સુધીમાં ભારતની નોમિનલ જીડીપી લગભગ 4.187 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. જ્યારે જાપાનની નોમિનલ જીડીપી 4.186 ટ્રિલિયન ડોલર કરતાં થોડીક વધારે હશે.

આ રિપોર્ટ પ્રમાણે ભારત 2025માં જ જાપાનને પાછળ છોડીને ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જાય એવી શક્યતા છે આઈએમએફની વેબસાઈટ પર આ રિપોર્ટ છે. ટૂંકમાં આ બધી આગાહીઓ છે અને આપણે આશા રાખીએ કે, આ આગાહીઓ સાચી પડે. હવે આ સમગ્ર બાબતને સમજવા જેવી છે. ભારતનો જે જીડીપી છે તે ૧૪૦ કરોડ લોકો વચ્ચે વહેંચાયેલો છે. જ્યારે જાપાનનો જીડીપી માત્ર ૧૪ કરોડ લોકો વચ્ચે વહેંચાયેલો છે. જાપાનની સરખામણીમાં ભારતની વસતી ૧૦ ગણી વધારે છે. તેના પગલે જ તમામ લક્ષ્યો પ્રાપ્ત કરવા તે ભારત માટે મોટો પડકાર બની રહેશે. આઈએમએફના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૬માં ભારતનો નોમિનલ જીડીપી અંદાજે ૪,૧૮૭ અબજ ડોલરની આસપાસ રહેવાની શક્યતાઓ છે. જ્યારે જાપાનનો જીડીપી અંદાજે ૪,૧૮૬ અબજ ડોલર સુધી રહેશે. છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતે પોતાના આર્થિક નીતિઓ, માળખાગત સેવાઓ અને સુવિખાઓના વિકાસ, રોકાણ માટેનું સાનુકુળ વાતાવરણ વગેરે જેવી બાબતોમાં કામ કરીને વૈશ્વિક સ્તરે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. જાપાનની અર્થવ્યવસ્થા હાલમાં ભારતથી પાછળ થઈ ગઈ પણ સંસ્થાગત વિશ્વસનિયતા, વર્ક કલ્ચર, ઉચ્ચ ગુણવત્તાવાળી સેવાઓ વગેરે મુદ્દે આજે પણ જાપાન દુનિયામાં મોખરે છે. આ ઉપરાંત જાપાનની માથાદિઠ જીડીપી ૩૩,૯૬૦ ડોલર છે. જ્યારે ભારતની માથાદિઠ જીડીપી ૨,૮૮૦ ડોલર છે. તેના કારણે જ ભારતે વિવિધ ક્ષેત્રોમાં મોટાપાયે સુધાર કરવો પડશે. ભારતીય અર્થતંત્ર દ્વારા છેલ્લાં એક દાયકામાં અનેક ઉતારચડાવ ઉપરાંત ૧૦૫ ટકા જેટલો મોટો વિકાસ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે તો અમેરિકા, ચીન અને જર્મની જેવા દેશો પણ પાછળ છે. ફ્રાન્સ, બ્રિટન અને હવે જાપાનને પાછળ છોડયું, તે ઐતિહાસિક છે અને આ બાબત અર્થતંત્રની ગતિ અને મજબૂતીને સુપેરે રજૂ કરે છે. પણ ભારતે એ પણ સ્વીકારવું પડશે કે, સામાન્ય લોકોના જીવનમાં કેવું પરિવર્તન આવે છે, તે વિકાસનો સાચો માપદંડ છે. જાણકારો માને છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને પીએલઆઈ જેવી યોજનાઓ લાગુ કરાઈ, જેના કારણે રોકાણ વધ્યું અને ઔદ્યોગિક વિકાસને મોટો વેગ મળ્યો. બીજી તરફ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ટેક્સ સુધારાના કારણે વિદેશી રોકાણમાં પણ વ્યાપક વધારો થશે. ભારતની આઈટી સર્વિસ અને ટેક્નોલજી સેક્ટરની કામગીરી વૈશ્વિક સ્તરે વધી અને તેનું કદ એટલું મોટું થયું કે, ભારતની નિકાસ વધી અને રોજગારીમાં પણ વ્યાપક વધારો થયો. ભારતની અડધા ઉપરની વસતી યુવાનનોની છે જેના કારણે કન્ઝુમર બેઝ મોટો થયો અને બીજી તરફ શ્રમ અને રોજગારમાં પણ મહત્ત્વની ભૂમીકા ભજવી.

વૈશ્વિક સપ્લાય ચેનમાં પણ ફેરફાર તથા ચીન અને જાપાનમાં આવેલી આર્થિક સુસ્તીને કારણે ભારતે તક ઝડપી અને મોટો ફાયદો થયો છે. પણ દેશમાં આજે પણ કરોડો લોકો ગરીબી રેખાની નીચે જીવે છે. બીજી તરફ જર્મની ભારત કરતા અનેકગણો નાનો દેશ છે, પણ તેની ઈકોનોમી મજબૂત છે. જર્મનીમાં આજે પણ દરેક નાગરિકને મફત હેલ્થકેર, એજ્યુકેશન અને તમામ મૂળભૂત સુવિધાઓ આપવામાં આવે છે. દેશની ઈકોનોમીનો અર્થ થાય છે, જીડીપી અને ઉત્પાદન સાથે સંકળાયલા આંકડા. માત્ર ધનિકોની સમૃદ્ધિ વધવાથી પણ દેશની જીડીપીમાં વધારો થઈ જ શકે છે. અમેરિકા અને ભારતની જીડીપી પણ આ રીતે આગળ વધી જ છે. તેનો અર્થ સ્પષ્ટ થાય છે કે, દેશ ઈકોનોમીમાં મજબૂત હોઈ શકે છે પણ તેનો અર્થ એ નથી કે દેશ સમૃદ્ધ છે. સમૃદ્ધિનો સંબંધ જીવનની ગુણવત્તા, સ્વાસ્થ્ય, શિક્ષણ, સુરક્ષા, સુવિધા અને ખુશી સાથે જોડાયેલો છે. આર્થિક અસમાનતાના કારણે દેશ સમૃદ્ધ થતો નથી. અહીં મોટો પડકાર એ છે કે, ભારતમાં મધ્યમવર્ગનું કદ વધશે. ગરીબીમાં ઘટાડો થશે પણ આર્થિક અસમાનતા પણ વ્યાપક રીતે વધશે, જે સમાજને નુકસાન પહોંચાડી શકે છે. આર્થિક અસમાનતાની બજાર ઉપર પણ અસર જોવા મળશે. મોટા શહેરોમાં અંધાધૂંધ વિકાસ થશે, જ્યારે નાના શહેરો અને ગામડાં પાછળ રહી જવાની શક્યતા છે. ગ્રામ્ય અને શહેરી જીવન વચ્ચેનો તફાવત વધુ મોટો થવાનું પણ જોખમ રહેલું છે.

manoj1968@yahoo. ca






# કરોડો ઘરમાં આવે અને પિતાને કેમ જાણ ન હોય: કોંગ્રેસ

## દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખે મનરેગા કૌભાંડ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈ-મેઈલ કરીને મળવા માટે સમય માગ્યો

દાહોદ

દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં કરોડો રૂપિયાના કૌભાંડ મામલે કૃષિ રાજ્યમંત્રી બચુ ખાબડના બંને પુત્ર બળવંત ખાબડ અને કિરણ ખાબડની ધરપકડ કરાઈ છે. ત્યારે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખે મનરેગા કૌભાંડ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈ-મેઈલ કરીને મળવા માટે સમય માગ્યો હતો. જે અંગે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે માહિતી આપી હતી.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. 71 કરોડ રૂપિયાના મનરેગા કૌભાંડમાં ભાજપ સરકારના મંત્રીના બે પુત્રોની ધરપકડ કરવામાં આવી છે. આખા દાહોદ જીલ્લાની તપાસ કરવામાં આવે તો 400 કરોડ આસપાસના ભ્રષ્ટાચારની હકીકતો બહાર આવશે. કોંગ્રેસે સમગ્ર કૌભાંડની તપાસ CBI દ્વારા થવી જોઈએ તેવી માંગ કરી હતી. સાથે જણાવ્યું હતુ કે, કરોડો રૂપિયા ઘરમાં આવે છે છતાં બે પુત્રના પિતાને જાણ ન થાય તે બાબત સમજાય તેમ નથી.

### મોદીએ ગુજરાત પ્રવાસ વચ્ચે બચુ ખાબડથી અંતર જાળવ્યું!

મનરેગા કૌભાંડે ગુજરાત સરકારની પ્રતિષ્ઠા ધૂળધાણી કરી છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મંત્રી બચુ ખાબડથી દૂરી બનાવી રાખી છે. દિલ્હીથી અપાયેલી સૂચનાને કારણે રાજ્યકક્ષાના કૃષિ મંત્રી બચુ ખાબડ સતત બીજા દિવસે પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં આયોજીત કાર્યક્રમમાં દેખાયા ન હતાં, તે ચર્ચાનો વિષય બન્યો હતો. ગુજરાત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદમાં બનેલું રેલવે એન્જિન દેશને સમર્પિત કર્યું હતું. આ ઉપરાંત કરોડો રૂપિયાના વિકાસના કામોનું લોકાપર્ણ અને ખાતમુહુર્ત કર્યુ હતું. આ પ્રસંગે પણ મંત્રી બચુ ખાબડની ગેરહાજરી રહી હતી.

### દાહોદ મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બંને પુત્રોને મળ્યા જામીન

દાહોદ : દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં કરોડો રૂપિયાના કૌભાંડ મામલે કૃષિ રાજ્યમંત્રી બચુ ખાબડના બંને પુત્ર બળવંત ખાબડ અને કિરણ ખાબડની ધરપકડ કરાયા બાદ સોમવારે દાહોદ ચીફ કોર્ટે બળવંત ખાબડ અને કિરણ ખાબડના જામીન મંજુર કર્યા છે. ધાનપુર, દેવગઢબારિયામાં મનરેગા યોજનામાં કૌભાંડ બચુ ખાબડના બંનેનું સામેલ છે. સત્તાના જોરે મંત્રીપુત્ર, પરિવારજનો અને ભ્રષ્ટ અધિકારીએ મિલીભગતથી દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડ આચર્યું છે.

# વડોદરામાં 69 લાખ ટ્રાન્સફર કરવાના કિસ્સામાં ઠગોના બે મદદગાર પકડાયા

વડોદરા

વડોદરામાં ખાનગી કંપનીના એક અધિકારીને થોડા સમય પહેલા વોટ્સએપ પર મેસેજ આવ્યો હતો. જેમાં પ્રોફાઈલમાં કંપનીના માલિકનો ફોટો હતો. મેસેજ કરનારે માલિક તરીકે જ વાત કરી હતી અને સરકારી અધિકારી સાથે પ્રોજેક્ટના કામમાં બેઠો છું તાત્કાલિક પૈસાની જરૂર છે તેમ કહી 69 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ત્યારબાદ અધિકારીને પોતે ઠગાયા છે તેવી જાણ થતાં સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ દરમિયાન બેન્ક એકાઉન્ટ તેમજ ટેકનિકલ સોર્સના આધારે પોલીસે ઓનલાઈન ઠગો માટે બેન્ક એકાઉન્ટની ફેસીલીટી કરી આપનાર બે મદદગારને ઝડપી પાડ્યા છે.

ટ્રાન્સફર વોરંટથી પકડાયેલામાં હાર્દિક ઉર્ફે રવિ રાજેશભાઈ પરમાર (લાઈટ હાઉસ બિલ્ડીંગ, રૈયા ગામ, રાજકોટ) અને નવાજ ફારૂક બુખારી (જામનગર રોડ, રાજકોટ) નો સમાવેશ થાય છે. બંને જણાએ 30 થી વધુ એકાઉન્ટની સવલત કરી ખાતાધારકોના ચેકો પર સહી લઈ ઉપરની લીંકના આકાઓને મોકલ્યા હોવાની વિગતો જાણવા મળી છે.

# બિલ્ડર ધવલ ઠક્કરે ગુંડા ટોળકી સાથે કાકા સસરા ઉપર કરેલા હુમલાના ફુટેજ વાયરલ

## કાકા સસરા સાથે ફોન પર ગાળા ગાળી કરી બાદમાં ગુંડાઓ પાસે માર મરાવ્યો

વડોદરા

કાન્હા ગ્રુપના બિલ્ડર ધવલ ઠક્કરે પહેલા કાકા સસરા સાથે ફોન પર ગાળા ગાળી કરી બાદમાં ગુંડાઓ પાસે માર મરાવ્યાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. જેમાં માથાભારે ગુંડા તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનું દેખાય છે.

છાણી હરીભાઈ એસ્ટેટ ખાતે રહેતા જગદીશભાઈ ઠક્કર દુમાડ શિવ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટ ઓફિસમાં નોકરી કરે છે. તેમના મોટા ભાઈ લાલજીભાઈ ઠક્કરની દીકરીના લગ્ન ઈલોરાપાર્ક સ્થિત આમ્રકુંજમાં રહેતા અને કાન્હા ગ્રુપના બિલ્ડર ધવલ ઠક્કર સાથે થયા હતા. જગદીશભાઈએ આ મામલે ફરીયાદ નોંધાવી હતી કે, ધવલને દારૂ પીવાની ટેવ છે. તે રોજ દારૂ પીને પોતાની પત્નીને માર મારતો હતો. તેના કારણે ધવલની પત્ની વારંવાર પિયરમાં જતી રહેતી હતી. સમજાવવા જતા ધવલે ધુળેટીના દિવસે કાકા સસરા જગદીશભાઈને ફોન કરી ગાળાગાળી કરી હતી.

ગઈ રાત્રે જગદીશભાઈ પર થયેલા હુમલાના સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે, જગદીશભાઈ તેમના રૂમ પર સુઇ રહ્યાં હતા. ત્યારે રાત્રે પોણા બાર વાગ્યાની આસપાસ છ બાઈક અને એક મર્સિડિઝ કાર આવી હતી. મર્સિડિઝમાં કાન્હા ગ્રુપનો બિલ્ડર ધવલ ઠક્કર હતો. તેણે જોરથી બુમ પાડી હતી.

# લાલપુરા ચેકપોસ્ટ પાસે હરતો ફરતો જુગારનો અડ્ડો પકડાયો, ભાજપના યુવા મોરચા પ્રમુખની ધરપકડ

## રોકડ સહિત રૂા. 3.15 લાખનો મુદ્દામાલ જપ્ત : ટેમ્પો ચાલક સહિત 16 વિરૂદ્ધ ગુનો

આણંદ

વડોદરાના સાવલીથી નીકળી ઉમરેઠ તાલુકાના લાલપુરા થઈ ઉમરેઠ તરફ આવી રહેલા એક ટેમ્પાના પાછળના ભાગે કેટલાક શખ્સો એકત્ર થઈ જુગાર રમી રહ્યા હોવાની માહિતી ઉમરેઠ પોલીસને મળી હતી. જેથી ઉમરેઠ પોલીસની ટીમ લાલપુરા ચેકપોસ્ટ નજીક વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન એક ટેમ્પો આવી ચડતા પોલીસે તેને અટકાવી પાછળના ભાગે તપાસ કરતાં ૧૫ શખ્સો જુગાર રમી રહેલ નજરે ચડયા હતા. પોલીસે ટેમ્પાના ચાલક સહિત ૧૬ શખ્સોની અટકાયત કરી હતી.

પોલીસે ઝડપાયેલા શખ્સોની અંગજડતીમાંથી તેમજ દાવ પરથી મળી રોકડા રૂપિયા ૧૫,૩૦૦ તેમજ ટેમ્પો મળી કુલ રૂપિયા ૩.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા ૧૬ શખ્સો વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો. લાલપુરા ચેકપોસ્ટ નજીકથી ચાલુ આઈસર ટેમ્પામાં જુગાર રમી રહેલ ૧૫ શખ્સોને ઉમરેઠ પોલીસે ઝડપી પાડયા હતા જેમાં ઉમરેઠ શહેર ભાજપ યુવા મોરચાનો પ્રમુખ ઋત્વિક પટેલ પણ જુગાર રમતા ઝડપાયા હોવાની વાતને લઈ સમગ્ર નગરમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો હતો. નવાઈની વાત તો એ છે કે, કેટલાક રાજકીય મોટા માથાઓએ આ વાતમાં ઝૂકાવતા સૌપ્રથમ પોલીસે જુગારીઓના નામ સામે ઢાંક પીછોડો કરવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપ કરાયા છે અને બાદમાં પોલીસ દ્વારા તમામ ૧૫ જુગારીઓના નામ સાથેની યાદી જાહેર કરવામાં આવી હતી.

# પંચમહાલમાં રૂપિયા 500ના દરની 361 નકલી ચલણી નોટ સાથે શખ્સ ઝડપાયો

પંચમહાલ

રાજ્યમાં નકલીની ભરમાર વચ્ચે નકલી નોટો ઝડપાયાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે પંચમહાલ એસઓજી અને એલસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મોરવા હડફમાંથી 361 જેટલી રૂ.500ની નકલી ચલણી નોટ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલો વ્યક્તિ નકલી નોટ ક્યાંથી અને કેવી રીતે લાવ્યો તેને લઈને મોરવા હડફ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે આપેલી માહિતી મુજબ, પંચમહાલના મોરવા હડફના તાજપુરી વંદેલી ગામ તરફ જતાં આંતરિક માર્ગ ઉપરથી ભારતીય બનાવટની રૂપિયા 500ના દરની 361 નકલી ચલણી નોટો સાથે વિરણીયા ગામના રઘુવિરસિંહ અભેસિંહ ઘોડ નામના શખ્સને મોરવા હડફ પોલીસે ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કુલ 1.80 લાખ રૂપિયાની નકલી ચલણી નોટ મળી આવી છે. પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડ્યો હતો.

સમગ્ર મામલે ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીએ કેટલીક નકલી ચલણી નોટો બજારમાં ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# અલકાપુરીમાં ઝાડ પર ચડી ગયેલા યુવકે પોલીસ અને ફાયર બ્રિગેડને દોડતા કર્યા

વડોદરા

અલકાપુરીની પંચશીલ હોટલ પાછળ આવેલા પીપળાના આશરે 40 થી 50 ફૂટ જેટલા ઊંચા ઝાડ ઉપર ચડી ગયેલા યુવકે બકવાસ કરવા માંડતા લોકો એકત્રિત થઈ ગયા હતા. આ યુવક વધુને વધુ ઉપર જઈ રહ્યો હોવાથી કોઈ વ્યક્તિએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવના સ્થળે પોલીસ પણ દોડી આવી હતી અને યુવકને નીચે ઉતારવા માટે સમજાવવામાં આવ્યો હતો. પરંતુ ફાયર બ્રિગેડની ટીમ ઉપર જતા તેના પર પણ હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવક વધુને વધુ ઉપર જઈ રહ્યો હોવાથી તેના જીવનું જોખમ સર્જાયું હતું. આ ઉપરાંત તેણે પોતાનો મોબાઈલ પણ તોડી નાખ્યો હતો અને હાથમાં લાકડું રાખી ધમકી આપી રહ્યો હતો.

# લંડનમાં રહેતી વિદ્યાનગરની વિધવાના પ્લોટ પર કબજો જમાવી મિલકત પચાવી

આણંદ

આણંદ ખાતે રહેતા રમેશભાઈ રણછોડભાઈ ઠાકોરના મિત્ર સુરેશભાઈ વકીલે તેમના સંબંધી રંજનબેન પટેલ સાથે મુલાકાત કરાવતા રંજનબેને બાકરોલની સીમમાં આવેલી જમીન કે જે માનસરોવર પાર્ક તરીકે ઓળખાય છે તેમાં એક પ્લોટ તેઓએ ૧૯૯૫માં વિનોદભાઈ પટેલ પાસેથી વેચાણ રાખ્યો હોવાનું કહ્યું હતું. આ પ્લોટ ઉપર આવેલા મકાનમાં તેઓ લંડન હોવાથી અને વિધવા હોવાથી તેમનો વહીવટ કરનાર રઘુભાઈ કચ્છી અને તેનો દીકરો ભાવિનભાઈ ગેરકાયદે મકાનમાં ઘૂસી જઈ કબજો કર્યો છે તેમ જણાવ્યું હતું.

રમેશભાઈ ઠાકોર મકાન ખાતે જતા પિતા અને પુત્ર બંનેએ કબજો નહીં છોડવાનું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે જિલ્લા કલેકટર કચેરીમાં ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. જેમાં તપાસ બાદ લેન્ડ ગ્રેબિંગનો ગુનો બનતો હોવાથી વિદ્યાનગર પોલીસને ફરિયાદ નોંધવા આદેશ કરાતા વિદ્યાનગર પોલીસે રઘુભાઈ કચ્છી અને ભાવિનભાઈ કચ્છી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પીએમના કાર્યક્રમમાં ફરજ બજાવનાર હોમગાર્ડ જવાનનું મોત, બે મહિલા બેભાન

વડોદરા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરામાં સિંદૂર સન્માન યાત્રા માટે બંદોબસ્તમાં મુકવામાં આવેલા 29 વર્ષના હોમગાર્ડ જવાનું ચાલુ બંદોબસ્ત દરમિયાન હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે મહિલાને પણ ચક્કર આવતા ઢળી પડી હોવાનું જાણવા મળ્યું છે. હોમગાર્ડ જવાના પરિવારે આક્ષેપ કર્યો છે કે નિતેશભાઈને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હોત તો તેમનો જીવ બચી ગયો હોત. વડોદરા શહેર નજીકના લક્ષ્મીપુરા ગામમાં રહેતા 29 વર્ષના નિતેશભાઈ જરીયા હોમગાર્ડમાં ફરજ બજાવતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગત કાર્યક્રમમાં તેમને રવિવારે સવારે 11 વાગ્યાથી ડ્યુટી પર તૈનાત કરવામાં આવ્યા હતા.

# આ વખતે બધું કેમેરા સામે કર્યું, જેથી કોઈ પુરાવા ન માંગે : મોદી

## ગાંધીનગરમાં PM મોદીનું ઓપરેશન સિંદૂર મુદ્દે નિવેદન, મહાત્મા મંદિરમાં 5,536 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

**ગાંધીનગર**

ઓપરેશન સિંદૂરની સફળતા બાદ પહેલી વખત ગાંધીનગર આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા માટે ગાંધીનગરમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગાંધીનગરમાં રોડ શો બાદ તેમણે મહાત્મા મંદિરમાં 5,536 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. આ દરમિયાન તેમણે ગુજરાત શહેરી વિકાસની 20મી વર્ષગાંઠના સમારંભમાં જનમેદનીને સંબોધન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેનાની કાર્યવાહીના પુરાવા માંગનારા વિપક્ષી નેતાઓ પર નિશાન સાધતા કહ્યું કે, 'આ વખતે બધુ જ કેમેરા સામે કર્યું એટલે કોઈ પુરાવા આપવા નહીં માંગે. હું 2 દિવસથી ગુજરાતમાં છું. ગર્જના કરતો સિંદૂરિયો સાગર અને લહેરાતો તિરંગો જન-જનના હૃદયમાં માતૃભૂમિ પ્રત્યે અપાર પ્રેમ દર્શાવતો હતો. આવો નજારો અને આવો દ્રશ્ય હતું. આ માત્ર ગુજરાતમાં જ નહીં, હિન્દુસ્તાનના ખૂણે ખૂણે છે. શરીર ભલે ગમે તેટલું સ્વસ્થ હોય, પણ જો એક કાંટો વાગે તો આખું શરીર પરેશાન થઈ જાય છે.

મોદીએ ભારત-પાકિસ્તાનના ભાગલાની વાત કરતા કહ્યું કે, વર્ષ 1947માં મા ભારતીના ટુકડા થયા, ત્યારે સાંકળો કપાવી જોઈતી હતી પણ ભુજાઓ કાપી નાખવામાં આવી. દેશના 3 ટુકડા કરી દેવામાં આવ્યા. તે જ રાત્રે પહેલો આતંકવાદી હુમલો કાશ્મીરની ધરતી પર થયો. મા ભારતીનો એક ભાગ આતંકવાદીઓના દમ પર મુજાહિદ્દીનોના નામે પાકિસ્તાને હડપ કરી લીધો. જો તે જ દિવસે આ મુજાહિદ્દીનોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોત, સરદાર પટેલની ઈચ્છા હતી કે જ્યાં સુધી PoK પાછું ન આવે ત્યાં સુધી સેના રોકાવી ન જોઈએ, પણ સરદાર સાહેબની વાત કોઈએ માની નહીં.

### અમે આ કાંટો દૂર કરીને જ રહીશું



આજે ગાંધીનગરમાં જનમેદનીને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે શરીર ગમે તેટલું સ્વસ્થ હોય, પણ જો પગમાં કાંટો વાગે તો આખું શરીર બેચેન રહે છે. તેથી અમે નક્કી કર્યું છે કે અમે આ કાંટો દૂર કરીને જ રહીશું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતે પાકિસ્તાનને યુદ્ધમાં ત્રણ વખત હરાવ્યું હતું. આપણે આપણા પડોશીઓ માટે પણ સુખ અને શાંતિ ઇચ્છીએ છીએ. હજારો વર્ષોથી આ આપણો સ્વભાવ રહ્યો છે, પરંતુ જ્યારે આપણી શક્તિને વારંવાર પડકારવામાં આવે છે, ત્યારે યાદ રાખવું જોઈએ કે આ દેશ વીરોની ભૂમિ છે. જો આપણે મુજાહિદ્દીનોને પહેલા મારી નાખ્યા હોત તો આ દિવસ ન જોવો પડ્યો હોત. અમે આતંકવાદનો કાંટો કાઢીને જ રહીશું.

# ગાંધીનગરમાં 1.05 લાખ દસ્તાવેજ સરકારને 1223 કરોડની આવક

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લો વિકાસની હરણફાળ લગાવી રહ્યો છે તેમાં પણ રીયલ એસ્ટેટ એટલે કે, જમીન, મકાન,ફ્લેટ-દુકાન સહિતની લેવાલી પણ છેલ્લા ઘણા વર્ષોમાં સતત વધી રહી છે. તેજીના પવન વચ્ચે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧.૦૫ લાખ દસ્તાવેજની નોંધણી કરવામાં આવી છે જેમાં સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી મળીને ૧,૨૨૩.૬૩ કરોડ રૂપિયાની વિક્રમી આવક થઈ છે. જેમાં સ્ટેમ્પ ડયુટીની ૧,૦૩૬.૩૨ કરોડ રૂપિયા તથા નોંધણી ફીની ૧૮૭.૩૧ કરોડનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૨૩-૨૪ના નાણાકિય વર્ષ દરમિયાન કુલ ૧,૦૩,૯૬૩ દસ્તાવેજની નોંધણી થઈ હતી જેમાંથી સ્ટેમ્પ ડયુટીની આવકા ૯૨૫,૦૩,૯૦,૫૬૯ થઈ જ્યારે દસ્તાવેજ નોંધણીની ફી સ્વરૂપે પણ સરકારને આવક થઈ હતી નોંધણી ફીની ૧૬૫,૨૪,૮૬,૯૭૦ વસુલાત કરવામાં આવી હતી. જે સાથે વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારને દસ્તાવેજ નોંધણીમાંથી સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી બન્નેની થઈને કુલ ૧૦૯૦,૨૮,૭૭,૫૩૯ની આવક થઈ હતી.

# ગાંધીનગરમાં બળાત્કારના ગુનાના આરોપીની પત્ની, પુત્રીનો મહિલા ઈન્સ્પેક્ટર ઉપર હુમલો

**ગાંધીનગર**

ગાંધીનગરના અમિયાપુર ગામે રહેતા ભરતસીંગ રાજપુરોહિત સામે ગત તારીખ ૨૪મી ફેબ્રુઆરીએ મુળ ઉતરપ્રદેશની અને અહી રોજગારી રળવા આવેલી ૨૩ વષય યુવતીએ બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવી હતી. જોકે આરોપી ફરિયાદ નોંધાયાના પગલે નાસતો ફરતો થઈ ગયો હતો. દરમિયાન આ ગુનાની તપાસ મહિલા ઈન્સપેક્ટર પી. એન ધાંધલ્યાને સોંપવામાં આવી હતી. આરોપીને પકડવા પોલીસ દ્વારા બાતમીદારોને કામે લગાડવામાં આવ્યા હતાં. દરમિયાન તારીખ ૨૪મીની રાત્રે ઉપરોક્ત આરોપી તેના ઘરે આવવાનો હોવાની માહિતી મળતાં સર્વેલન્સ ટીમ ખાનગી વાહનમાં અને ઈન્સપેક્ટર ધાંધલ્યા બીજી ટીમ સાથે સરકારી ગાડી લઈને સ્થળ પર પહોંચ્યા હતાં. ત્યારે એસી ચાલુ હોવાના અવાજ સાથે ઘરની લાઈટો પણ ચાલુ હતી. ઈન્સપેક્ટરે ઘરનો દરવાજો ખખડાવી ભરતસિંહ તેમે ઘરે છો, દરવાજો ખોલો તેમ બુમ પાડી હતી. પરંતુ દરવાજો ખોલ્યો ન હતો. દરમિયાન પોલીસે ઘરની ઘેરબંધી કરી લીધી હતી. ત્યારે આરોપી કમ્પાઉન્ડ વોલ કુદીને નાશવા જતાં તેને પકડીને ગાડીમાં બેસાડી દેવાયો હતો.આ સાથે આરોપીની પત્ની વંદના તથા દિકરી અને જમાઈ ઘરમાંથી બહાર દોડી આવ્યા હતાં અને આરોપી છોડાવવા ઝપાઝપી કરી હતી. પોલીસે તેમને રોકવાની સાથે ગુનો કરશો તો તમારી સામે કાર્યવાહી થશે તેવી ચેતવણી આપવા છતાં અટક્યા ન હતાં. દરમિયાન ભરતસિંહની દિકરીએ હાથમાં પકડેલો મોબાઈલ ફોન ઈન્સપેક્ટરને કપાળમાં મારી દીધો હતો.

# પાટણના સાંતલપુરમાં દલિત આધેડને જીવતો સળગાવી દેવાયો, બે લોકોની ધરપકડ કરાઈ

## હત્યા કર્યાની આશંકા વ્યક્ત કરાઈ, પગમાં ઝાંઝર અને ચણિયો પહેરાવવામાં આવ્યો

**પાટણ**

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના જાખોત્રા ગામે દલિત સમાજના આધેડ વ્યક્તિને સળગાવીને હત્યા કર્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આધેડના પગમાં ઝાંઝર, ચણિયો પહેરાવવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતદેહનો કબજો લઈ વધુ તપાસ તેમજ પેનલ ફોરેન્સિક પીએમ અર્થે મૃતદેહને ધારપુર મેડિકલ કોલેજ ખાતે મોકલવામાં આવ્યો છે.

પાટણ ડીએસપીએ આ ઘટનનાની પુષ્ટિ કરી હતી. મૃતકનું નામ હરજીભાઈ દેભાભાઈ સોલંકી મૂળ પીપરાળા ગામના રહેવાસી છે. હાલમાં રવૌવા ગામે રહે છે અને મૃતદેહ જાખોત્રા (તા. સાંતલપુર, જી પાટણ)થી મળી આવ્યો છે. ઘટનાની ગંભીરતાને જોતાં પાટણ એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાને લઈને કોંગ્રેસ નેતા જીજ્ઞેશ મેવાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું છે કે ' ખૂબ જ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે વિકાસના તમામ દાવાઓ છતાં, ગુજરાત દલિતો માટે નર્ક બની રહ્યું છે! હું મારા બધા મિત્રોને પાટણના ધારપુરની સિવિલ હોસ્પિટલ પહોંચીને ન્યાય માટે વિનંતી કરું છું! સરકારે પીડિત પરિવારને યોગ્ય વળતર અને 2 એકર ખેતીની જમીન પણ આપવી જોઈએ!'

ગુજરાતમાં વારંવાર દલિત સમાજના લોકો પર આ રીતે બનતા જીવલેણ હુમલાઓ અને હત્યાઓ દર્શાવે છે કે લોકોમાં કાયદાનો ડર રહ્યો નથી. ત્યારે સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે.

# સાબરકાંઠાના તલોદમાં બે જૂથ વચ્ચે અથડામણ, ટોળાનો પોલીસ પર હુમલો

## ઘટનામાં ઈજાગ્રસ્ત 6 લોકોને હિંમતનગરની સિવિલમાં ખસેડાયા

**તલોદ**

સાબરકાંઠા જિલ્લાના તલોદમાં ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ પર હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર ઘટનાની મળતી માહિતી મુજબ સાબરકાંઠાના તલોદના હરસોલ બજારમાં સામાન્ય બાબતમાં બે જુથ વચ્ચે અથડામણ થઈ હતી. જેની માહિતી મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. તેમજ સમગ્ર મામલાને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ પર જ હુમલો કર્યો હતો. આ મામલામાં 6 લોકોને ઈજા પહોંચી છે. જેની બાદ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને તપાસ હાથ શરૂ કરી છે.

આ અથડામણમાં 6 લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં બે લોકો વધુ ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. આ ઘટનાની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તપાસ શરૂ કરી હતી.

# આહીર બાદ રબારી સમાજે નિયમો અમલમાં મૂક્યા સામાજિક પ્રસંગોમાં બિનજરૂરી ખર્ચ પર કાપ મુકાશે

**થરાદ**

બનાસકાંઠાના થરાદ બાદ હવે ડીસામાં પણ રબારી સમાજે સુધારાવાદી નિર્ણય લીધો છે. અગાઉ પણ રાજ્યના કેટલાક જિલ્લામાં રબારી સમાજ દ્વારા કુરિવાજો નાબુદ કરવા, સમાજમાં શિક્ષણનું સ્તર વધારવાનો નિર્ણય લેવાયો છે, ત્યારે સમાજે ડીસાના દુધેશ્વર મહાદેવના મંદિરમાં નવા નિયમો અમલમાં મૂક્યા છે. પહેલા પણ આહીર સમાજ દ્વારા આ પ્રકારનો નિર્ણય કરાયો હોવાનું સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, બનાસકાંઠાના ડીસાના ઝેરડા ગામે રબારી સમાજ સુધારાવાદી નવા નિયમો અમલમાં મુક્યા છે. જેમાં વધતી મોંઘવારી વચ્ચે મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યું છે. થોડા દિવસ પહેલા ડીસાના વડાવળ અને તાલેગંજ ગામે રબારી સમાજ દ્વારા નવું બંધારણ અમલમાં મૂકાયું હતું.

### રબારી સુધારાવાદીમાં લેવાયેલા નિર્ણય

■ લગ્નમાં પત્રિકા છપાવવી નહી, માત્ર ટેલિફોનિક અને ડિજિટલ માધ્યમથી જાણ કરવી. ■ દીકરીના લગ્નમાં જે પડલામાં કપડા આવે તેનો ઉપયોગ કરવો, ભાડે વસ્ત્ર લાવી પહેરવા નહી. ■ લગ્નમાં કે કુંડીમાં કટલરી અને પૈકીંગ વસ્તઓ જેવી કે બદામ, કાજુ, પિસ્તા જેવા સુકામેવા મુકવા નહી. ■ દીકરી કે દીકરાના લગ્નમાં વરરાજા સિવાય કોઈએ શૂટ કે શેરવાની ભાડે લાવવી નહી. ■ કોઈપણ પ્રસંગમાં દીકરીઓએ ટૂંકા વસ્ત્રો પહેરવા નહી. ■ દીકરા-દીકરીના લગ્ન પ્રસંગે ભોજનમાં બે મીઠાઈ, એક ફરસાણ, બે શાક, પુરી-રોટલી, દાળ-ભાત, છાશ જ રાખવી. અન્ય કોઈ વસ્તુ રાખવી નહી. ■ લગ્નમાં મંડપ સાદો રાખવો, ડિસ્પ્લે રાખવું નહી અને સ્વાગતમાં ફુલ નાખવા નહી. ■ બાળકનો જન્મ થાય ત્યારે સોના-ચાંદીના દાગીના આપવાની જગ્યાએ 21000 કે 51000 રોકડ આપવા.

# ગુજરાતી લોક ગાયક કાજલ મહેરિયાએ કડી વિધાનસભા બેઠક ઉપર ટિકિટ માગી

**વિસનગર**

કડી વિધાનસભા બેઠક પર ભાજપમાંથી લોક ગાયક કાજલ મહેરિયાએ ટિકિટ માગી છે. તેમણે કડી બેઠક પર દાવેદારી નોંધાવતા નિરીક્ષકો સમક્ષ બાયોડેટા રજૂ કર્યો છે. આ અંગે મીડિયા સમક્ષ વાત કરતા લોક ગાયક કાજલ મહેરિયાએ કહ્યું કે, મેં ટિકિટ માગી છે. છેલ્લા 15 -20 વર્ષથી પાર્ટી સાથે જોડાયેલી છું. બધા કામોમાં મારી હાજરી છે. હવે હું વિચારું છું કે જો કદાચ ટિકિટ મળી જાય તો આનાથી પણ વધારે કામ કરીશ. મારુ બળ જાગશે અને પાર્ટી માટે કામ કરવાની મારી શક્તિ વધી જશે. 15 વર્ષથી જોડાયેલું છું એટલે વધારે શક્તિ જાગી છે કે હું પણ કંઈક કામ કરું પાર્ટી માટે. લોકોની સેવા કરવાનો મોકો મળ્યો છે.

# 2.90 કરોડની લાલચ આપી અમલસાડના વૃદ્ધ પાસે વધુ 37.41 લાખ પડાવી લેવાયા

## વિવિધ ચાર્જને નામે જુદાં જુદાં ખાતામાં નાણાં જમા કરાવ્યા

**ગણદેવી**

ગણદેવીના અમલસાડ ગામે રહેતા મનીષભાઈ દેસાઈ (નામ બદલ્યું છે. ઉ.વ. ૬૨)ના ફોન પર વર્ષ ૨૦૧૫માં એક અજાણ્યાએ કોલ કરી પોતાની ઓળખ વિક્રમ પાંડે તરીકે આપી હતી અને પોતે પ્રાઈમ વેલ્યૂ કંપનીનો મેનેજર હોવાનું જણાવી ઈરડા ઈન્સ્યોરન્સ કંપનીમાં રોકાણ કરશો તો તમને સારું વળતર ઉપરાંત આજીવન પેન્શન મળશે તેવી વાત કરી હતી. આ શખ્સની વાતમાં આવી જઈને મનીષભાઈએ તે સમયે રૂ. ૫૦ લાખ જેવી માતબર રકમ ગુમાવી હતી. આ બનાવના ૧૦ વર્ષ બાદ ઠગ ટોળકીએ ગત વર્ષે ફરીથી પોતાનું પ્રોત પ્રકાશ્યું હતું. અને ગત તા. ૨૫-૪-૨૦૨૪ના રોજ મનીષભાઈના મોબાઈલ ફોન ઉપર દિલ્હીથી કોઈ જોગીન્દ્ર નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે પોતે જીવન વીમા લોકપાલ હોવાની ઓળખ આપીને પુછયુ હતુ કે, તમારું નામ મનીષ ? તમારી સાથે વર્ષ ૨૦૧૫માં રૂ. ૫૦ લાખનું ફ્રોડ થયું હતુ. જેના જવાબમાં મનીષભાઈએ હા પાડી હતી. ત્યારે જોગીન્દ્રે કહ્યું હતું કે તમારી સાથે ફ્રોડ કરનારા પકડાયા છે. તમારી રકમ વીમા કંપનીમાં હવે રૂ. ૨.૯૦ કરોડ થઈ છે. જેનો કેસ અમારી પાસે છે.

દિલ્હી કન્ઝયુમર કોર્ટમાંથી ઓર્ડર મેળવ્યા બાદ આ રકમ તમને મળશે, પરંતુ તેના માટે રૂ. ૨.૯૦ લાખ ઈન્કમટેક્સ અને રૂ. ૨.૮૦ લાખ અન્ય ચાર્જ તમારે બેંક દ્વારા ભરવો પડશે. આમ કહી વિશ્વાસ કેળવી તેમણે કોઈ દામિનીકુમારીનો બેંક ખાતા નંબર મોકલ્યો હતો. જેમાં મનીષભાઈએ રૂ.૫.૭૦ લાખ જમા કરાવ્યા બાદ ઠગ ટોળકીએ ચાર્ટર્ડ એકાઉન્ટની ફી, પછી અધિકારીની ફી, એમ એક બાદ એક નવા નવા પેંતરા રચી જુદાં જુદાં બેંક ખાતામાં રૂ. ૩૭.૪૧ લાખ ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. જો કે, બાદમાં ઠગાઈનો ખ્યાલ આવતા મનીષભાઈએ સાઈબર ક્રાઈમ પોલીસને ફરિયાદ કરી હતી.

# સુરતમાં પાડોશીએ 6 વર્ષની બાળકીને નિર્વસ્ત્ર કરી દુષ્કર્મ ગુજાર્યું

**સુરત**

ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરતમાં ફરી એકવાર બાળકી સાથે દુષ્કર્મ થયાની ઘટના બની છે. ઈચ્છાપોર વિસ્તારમાં માત્ર 6 વર્ષની બાળકીને પાડોશી શખ્સે પોતાની હવસનો શિકાર બનાવી છે. બાળકીને હાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઘટનાને અંજામ આપી આરોપી ફરાર થઈ ગયો છે. પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં પાડોશમાં જ રહેલા શખ્સે 6 વર્ષની માસૂમ બાળકીને પોતાની હવસનો શિકાર બનાવી છે. બાળકીના માતા-પિતા કોઈ કારણોસર બહાર ગામ ગયા હોવાથી બાળકીને તેના કાકાના ઘરે મૂકી હતી. બાળકીના કાકા નાઈટ શિફ્ટ કરીને આવ્યા હોવા તે સુઇ ગયા હતા. આ દરમિયાન પાડોશમાં રહેતા શખસે તકનો લાભ લઈ બાળકીને ઉઠાવી ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું.

# કેવડિયામાં ચોમાસા પહેલાં આદિવાસીઓના મકાન તોડવા યોગ્ય નહીં : મનસુખ વસાવા

કેવડિયા : સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટી તંત્ર દ્વારા કેવડિયા કોલોની વિસ્તાર સહિતના સ્થાનિક આદિવાસીઓના મકાનો-દુકાનો તોડી પાવડાને લઈને ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે સ્થાનિકો આગેવાનોને સાથે રાખી બેઠક બોલાવીને યોગ્ય ઉકેલ લાવવા માટે રજૂઆત કરી છે.

મનસુખ વસાવાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, 'કેવડિયા કોલોની વિસ્તારના સ્થાનિક આગેવાનોએ તેમના સળગતા પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. જેમાં ચોમાસાની ઋતુના એક મહિના પહેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના મકાનોને તંત્રએ તોડી પાડ્યા છે, તે યોગ્ય નથી. આ સાથે સ્થાનિક આદિવાસી લોકોની રોજગારીને લઈને મને રજૂઆત મળી છે. સમગ્ર મામલે સ્થાનિકોના પ્રશ્નો ઉકેલવા માટે સ્થાનિક આગેવાન સાથે આપના સ્તરે બેઠક બોલાવવા રજૂઆત કરી હતી.'

# અંકલેશ્વરના પરિવારનો ઉદયપુર નજીક અકસ્માત, કારના બે ટુકડા, બેના મોત

અંકલેશ્વર : અંકલેશ્વરના એક પરિવારના 10 સભ્યો અલગ-અલગ ત્રણ કાર લઈને અજમેર દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે ઉદયપુર નજીક તેમની એક કારને અકસ્માત નડ્યો હતો. જેમાં નવપરણિત યુવક પવન (ઉ.વ.30) યુવકને ફઈ નૈના દેવીબેન (ઉ.વ.50) નું મોત નીપજ્યું હતું. બંને મૃતકો મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. પવન પટેલ નામનો નવપરણિત યુવક કાર ચલાવી રહ્યો હતો, તેમની કારમાં કુલ પાંચ લોકો સવાર હતા. જ્યારે તેમની સાથે અન્ય બે કાર હતી, તેમાં પરિવારના અન્ય સભ્યો સવાર હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના બે ટુકડા થઈ ગયા હતા. કારના બોનેટ, અને કાચ અને દરવાજાનો કચ્ચરઘાણ વળી ગયો હતો.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં મહિલા ડૉક્ટરે કરેલી આત્મહત્યાનો ભેદ ઉકેલાયો, 'વાંદરી ગેંગ'ના 4 સભ્ય ઝડપાયા

## દર્દી બની ડોક્ટરને ફસાવ્યા, પહેલા અસલી સોનું આપ્યું પછી નકલી પધરાવ્યું

રાજકોટ

રાજકોટની એક મહિલા ડોક્ટરે દવાનો ઓવરડોઝ લઈને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી હતી. આ કેસમાં પોલીસે સમગ્ર મામલે 'વાંદરી ગેંગ'ના ચાર સભ્યોની ધરપકડ કરી છે. રાજકોટના રોણકી 80 ફૂટ રોડ પર આસ્થા સાંગ્રીલામાં રહેતા અને ઘર નજીક ક્લિનિક ધરાવતા ડો. ધવલ પ્રવીણભાઈ મોલિયા (ઉ.વ. 28) અને RMC ચોકમાં બાલાજી હોસ્પિટલમાં ફરજ બજાવતી તેમની પત્ની ડો. એન્જલ ગત તા. 19ના રોજ સસ્તા સોનાના દાગીનાની લાલચમાં રૂપિયા 5 લાખ ગુમાવ્યા હતા. આ ઘટનાના બે દિવસ બાદ ડો. એન્જલે પોતે જ્યાં ફરજ બજાવતી હતી તે હોસ્પિટલમાં એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઈ લીધો હતો. જેને કારણે ગત તા. 24ના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ ગંભીર અને ચોંકાવનારી ઘટના બાદ ગાંધીગ્રામ પોલીસે તબીબ દંપતી સાથે છેતરપિંડી કરનાર મહિલા સહિતની ટોળકી સામે ફરિયાદ નોંધી હતી. ત્યાર બાદ આ ગેંગના ચાર સભ્યોને પોલીસે ઝડપી લીધા હતા.

ગઈ કાલે રાત્રે તેના પતિ ડો. ધવલે ગાંધીગ્રામ પોલીસમાં સસ્તા સોનાના દાગીનાના નામે તેમની સાથે રૂપિયા 5 લાખની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ગત તા. 15ના રોજ રમેશ નામનો દર્દી તેમની પાસે આવ્યો હતો. તેણે તાવ અને કમરના દુખાવાની ફરિયાદ કરતાં દવા આપી હતી. વાતચીત દરમિયાન તેણે એક ચાંદીનો સિક્કો બતાવી કહ્યું કે, "અમે ગોંડલ ચોકડી પાસે સાઈટ પર રહીએ છીએ, ખોદકામ કરતી વખતે અમને આ ચાંદીનો સિક્કો અને અન્ય સોનાના દાગીના મળ્યા છે. તમારે સોનાના દાગીના જોઈતા હોય તો આવીને જોઈ જજો."

બીજા દિવસે સવારે ફોન કરી સિવિલ હોસ્પિટલ ખાતે દાગીના જોવા ગયા હતા. જ્યાં રમેશ નામના દર્દી ઉપરાંત એક મહિલા અને એક શખ્સે પીળી ધાતુના દાગીના બતાવ્યા હતા. જેનું વજન એકાદ કિલો હોવાનું કહ્યું હતું. તેમણે સોની વેપારીને દાગીના બતાવવાની ઈચ્છા દર્શાવતાં તેને એક





કટકો આપ્યો હતો. જે ચેક કરાવતાં 18 કેરેટનું સોનું હોવાનો અભિપ્રાય આવ્યો હતો. બાદમાં ઘરે જઈ પત્ની ડો. એન્જલને આ વાત કરી હતી. સાથોસાથ દાગીના લેવાનું પણ નક્કી કર્યું હતું. ગત તા. 17ના રોજ રમેશ નામના દર્દીને ફોન કરી રૂ.1 લાખમાં દાગીના માગ્યા હતા. અંતે રૂ. 5 લાખમાં સોદો થયો હતો. નક્કી થયા મુજબ ગત તા. 19ના રોજ સવારે તે પત્ની ડો. એન્જલ સાથે રૂ. 5 લાખ લઈ બાઈક ઉપર ચોટીલા પહોંચ્યા હતા. જ્યાં હાઈવે પર રમેશ નામનો દર્દી, અગાઉ સાથે રહેલા શખ્સ અને મહિલા મળ્યા હતા. આ તમામને રૂ. 5 લાખ આપતાં સોનાના દાગીના આપી દીધા હતા. જે લઈ રાજકોટ પહોંચ્યા બાદ ફરીથી ચેક કરાવતા નકલી હોવાનો અભિપ્રાય આપ્યો હતો. ત્યાર પછી તેણે રમેશ નામના દર્દીને ફોન કરતાં તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો. પરિણામે છેતરાઈ ગયાનો અહેસાસ થતાં ફરિયાદ નોંધાવી હતી.

ડો. એન્જલની આત્મહત્યામાં નિમિત્ત બનેલી ગેંગના જે ચાર સભ્યો ઝડપાયા છે તેમાં ઈશ્વર ઉર્ફે પટિયો વીરાભાઈ વાઘેલા (ઉ.વ. 30, રહે. સરખેજ, અમદાવાદ), અર્જુન પન્નાભાઈ સોલંકી (ઉ.વ. 38, રહે. માલિયાસણ ગામ), મોહન ઉર્ફે મન્યો ભગવાનભાઈ પરમાર (ઉ.વ. 25, રહે. માલિયાસણ ગામ) અને હિરા રામાભાઈ રાઠોડ (ઉ.વ. 25, રહે. માલિયાસણ ચોકડી) નો સમાવેશ થાય છે. જેમને એલસીબી ઝોન-2ના સ્ટાફે ઝડપી લઈ રોકડા રૂ. 2.15 લાખ, બે મોબાઈલ ફોન અને રિક્ષા મળી કુલ રૂ. 2.85 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# વેરાવળમાં યુવકની છરીના ઘા મારી હત્યા, આરોપી પોલીસ સમક્ષ હાજર

વેરાવળ

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં યુવકને છરીના ઘા મારીને હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી છે. હત્યા કર્યા બાદ આરોપી વેરાવળ પોલીસ સ્ટેશનમાં હાજર થયો હતો. જોકે, હત્યા કરવા પાછળનું કારણ અકબંધ છે, ત્યારે સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથના વેરાવળ ભીડીયા વિસ્તારમાં વાણીયાના મસાણથી ઓળખાતી જગ્યાએ મહેશ પ્રેમજી લોઢારી નામના યુવકને છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. હત્યારો કાજલી ગામનો વિપુલ અનિલકુમાર ઠાકોર હોવાનું સામે આવ્યું છે. આરોપી ઘટનાને અંજામ આપ્યા બાદ સીધો વેરાવળ પોલીસ સમક્ષ હાજર થઈ ગયો છે. પ્રાથમિક તપાસમાં સામાન્ય બોલાચાલી બાદ હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર ઘટનાને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને યુવકના મૃતદેહને પીએમ અર્થે મોકલ્યો હતો. હત્યાને લઈને પોલીસે ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. હત્યાના બનાવને લઈને ખારવા સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે એકઠા થયા હતા.

## રાજકોટ અગ્નિકાંડ પીડિતના પરિજનોનો બળાપો

# સરકાર ન્યાય ન કરી શકતી હોય તો આરોપી અમને સોંપે

રાજકોટ

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના મૃતકોના પરિવારજનોનો આક્રોશ આજે આ બનાવની પ્રથમ વરસીએ ચરમસીમા પર હોય એમ સરકારની ગુનાઈત લાપરવાહી સંદર્ભે બળાપો ઠાલવીને તેમણે એ મતલબનો પડકાર ફેંક્યો હતો કે જો સરકાર ન્યાય ન અપાવી શકતી હોય તો આરોપીઓને મૃતકોના આપ્તજનોને સોંપી દે, તેઓ જાતે જ ન્યાય તોળી લેશે! બનાવસ્થળે મૃતકોના મોક્ષાર્થે રખાયેલા હવન વખતે આશા કાથડ નામક મૃતકની બહેન સંતોષ કાથડે મીડિયા સમક્ષ રડતારડતા કહ્યું કે, 'એક વર્ષ વિતી ગયું છતાં ન્યાય નથી મળ્યો, સરકાર ખૂદ ગુનેગાર છે તો ન્યાય ક્યાંથી અપાવે! સરકારમાં શરમ હોત તો અમારે આંદોલન પર ઉતરવું ન પડયું હોત. જો અમારી માગણીઓ પૂરી કરવાની અને ન્યાય અપાવવાની સરકારમાં હિંમત ન હોય તો ખુરશી મુકી દેવી જોઈએ. વોટ માગતી વખતે તો ભીખારીની જેમ આવો છો! સરકારે જનતાનો અવાજ સાંભળવો જાઈએ.

# વઢવાણમાં મહારાષ્ટ્ર પ્રતાપની પ્રતિમા ખંડિત, ક્ષત્રિય સમાજમાં ભારે રોષ

વઢવાણ

વઢવાણ ધોળીપોળ વિસ્તારમાં પુલના ખુણે આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમા ખંડીત કરવામાં આવતા લોકો સહિત ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો સહિતના લોકો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પ્રતિમાને ખંડિત કરનાર શખ્સોને ઝડપી પાડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

વઢવાણ ધોળીપોળના પુલના છેડે આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમાને અસામાજિક તત્વો દ્વારા ખંડિત કરવામાં આવતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો. અસામાજિક તત્ત્વો દ્વારા મહારાણાની પ્રતિમાના હાથનો એક પંજો અજાણ્યા શખ્સો દ્વારા તોડી નાંખવામાં આવ્યો હતો તેમજ પ્રતિમાની તલવાર લઈ નાસી છુટ્યા હતા.

જ્યારે આ અંગેની જાણ થતાં ક્ષત્રિય સમાજના હોદ્દેદારો, આગેવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરતા પોલીસ કાફલાએ પણ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. પ્રતિમા પાસેથી બે મોટા પથ્થરો પણ મળી આવતા અસામાજીક તત્વો દ્વારા મહારાણા પ્રતાપની પ્રતિમાને ઈરાદાપૂર્વક ખંડીત કરી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે.

# જામનગર લૂંટેરી દુલ્હન કેસ : યુવકને ફસાવનાર બે આરોપીની ધરપકડ, 30 હજાર કબજે કરાયા

## 50,000માં મંગળસૂત્ર લેવા માટે જામનગરમાં ખરીદી કરવાના બહાને કન્યા રફુચક્કર

જામનગર

જામનગરના બેડી વિસ્તારમાં એકડે એક બાપુની દરગાહ પાસે રહેતા અને રિક્ષા ચલાવતા 39 વર્ષીય ખીમજીભાઈ બુધાભાઈ મકવાણા નામના યુવાન સાથે મહારાષ્ટ્રની એક યુવતીના લગ્ન કરાવી આપવા માટે 1.80 લાખ રૂપિયામાં સોદો થયો હતો. આ લગ્ન જામનગરમાં લાલખાણ વિસ્તારમાં રહેતા યુનુસભાઈ ગનીભાઈ મન્સૂરી અને કાલાવડના પંજેતન નગરમાં રહેતી મુમતાઝબેન અજીતભાઈ નામની મહિલાએ કરાવ્યા



હતા. બંને વચેટિયાઓએ મહારાષ્ટ્રના અકોલાની રોહિણી હિંગલે નામની યુવતી સાથે ખીમજીભાઈ મકવાણાના કોર્ટ મેરેજ કરાવ્યા. અને લગ્નના દિવસે જ રોહિણીને દોઢ લાખ રૂપિયા, જ્યારે મુમતાઝબેન અને યુનુસભાઈને 15-15 હજાર રૂપિયા એમ કુલ 30,000 રૂપિયા આપવામાં આવ્યા હતા. લગ્ન બાદ દંપતી જામનગર પરત ફર્યું હતું. 18મી તારીખે રોહિણી 50,000માં મંગળસૂત્ર લેવા માટે જામનગરના દરબારગઢમાં ખરીદી કરવાના બહાને ગઈ અને રફુચક્કર થઈ ગઈ હતી. આ પ્રકરણમાં આરોપી યુનુસભાઈ મન્સૂરી ઉપરાંત કાલાવડની મુમતાઝબેનને જામનગર બોલાવી અટક કરી હતી અને 30 હજાર કબજે કર્યા હતા.

# મુંડીના પાટિયા પાસે બે કાર અથડાતા એક જ પરિવારના 3 સહિત 4 ના મોત

ધંધુકા

મુળ ભાવનગરના વતની અને હાલ અમદાવાદ રહેતાં શ્યામુબેન કેશુભાઈ મારૂ (ઉ.વ.૭૫) તેમના પુત્રવધૂ ગીતાબેન પંકજભાઈ મારૂ (ઉ.વ.૫૦) અને પૌત્ર મીહિર પંકજભાઈ મારૂ( ઉ.વ.૨૯) સાથે મારૂતિ સુઝુકી એસકોસ કાર નં.જીજે.૦૪.ઈએ.૨૮૨૨ લઈને અમદાવાદથી ભાવનગર તરફ આવી રહ્યા હતા.

સામાપક્ષે ભાવનગર શહેરના શિશુવિહાર વિસ્તારમાં આવેલાં ઝૂબિન ફ્લેટમાં રહેતા અને સ્ક્રેપના વેપારી આકિબભાઈ આરિફભાઈ ડબ્બાવાલા (ઉ.વ.૩૧) પોતાની હ્યુન્ડાઈ વર્ના કાર નં.જીજે.૧૯.એમ.૮૭૦૩ લઈને ભાવનગરથી અદાવાદ તરફ જઈ રહ્યા હતા. ત્યારે, ભાવનગર-અમદાવાદ શોર્ટ રૂટ પર ચાલી રહેલાં એક્સપ્રેસ-વે પર સોમવારે બપોરના સુમારે ધોલેરા નજીક આવેલાં મુંડી ગામના પાટિયા પાસે બન્ને ફોર વ્હીલ કાર એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી.

બન્ને કારની ટક્કર એટલી જોરદાર હતી કે અકસ્માત બાદ એક કાર નજીકના ડીવાઈડર પર ચડી ગઈ હતી.તો, અકસ્માતના પગલે હાઈ-વે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. જયારે, આ ગંભીર અકસ્માતના પગલે બન્ને એસકેસ કારમાં સવાર વૃદ્ધા શ્યામુબેન તથા તેમના પુત્ર મીહિરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સામાપક્ષે વર્ના કારના ચાલક આકિબભાઈનું પણ ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

# રાજકોટમાં માતા દ્વારા બાળકને છત પરથી ફેંકવાનો પ્રયાસ, પિતાએ જીવ બચાવી લીધો

રાજકોટ

રાજકોટના ગોકુલધામ આવાસ યોજનામાં સોમવારે (26 મે) સાંજે એક ચોંકાવનારી ઘટના બની હતી. અગમ્ય કારણોસર સગી માતાએ પોતાના બાળકને ઘરની છત પરથી નીચે ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે બાળકના પિતા સમયસર પહોંચી ગયા હતા. આ ઘટનામાં રાહદારીની સતર્કતાના લીધે બાળકનો જીવ બચી ગયો હતો.

સોમવારે સાંજે 7:30 વાગ્યાની આસપાસ રાજકોટના ગોકુલધામ આવાસ યોજનામાં એક મહિલાએ પોતાના બાળકને છત પર લટકાવી દીધું હતું. આ દ્રશ્યો જોઈ બધા આવાક બની ગયા હતા. આસપાસમાંથી લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. જોકે મહિલાનો પતિ સમયસર પહોંચી જતાં તેણે બાળકને ખેંચી લીધું હતું અને બાળકનો જીવ બચી ગયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ બાળકની માતાને પોલીસ મથકે લઈ ગઈ હતી અને તેનું નિવેદન નોંધ્યું હતું.

મહિલાએ કહ્યું હતું કે તે બાળકને માત્ર ડરાવી રહી હતી. પરંતુ પોલીસ તપાસ કરી રહી છે કે મહિલા સાચું બોલી રહી છે કે કોઈ અન્ય કારણોસર આવું પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે આ ઘટનાના થોડા સમય પહેલાં જ મહિલાઓ પાડોશી સાથે ઝઘડો થયો હતો. જોકે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ હકિકત સામે આવશે.



## લંડનની સૌથી મોંઘી કોફી 31,000માં પીધી દિલજિત દોસાંજે

દિલજિત દોસાંજએ લંડનમાં સૌથી મોંઘી કોફી પીધી હતી, પણ એની કોઈ ખાસ મજા નહોતી આવી. તેણે કહ્યું હતું કે આ કોફીના ખર્ચમાં તો હું ભારતમાં એક લગ્ન અટેન્ડ કરી શકું! દિલજિત તેના કોન્સર્ટ અને સ્ટાઇલને લઈને હંમેશા ચર્ચામાં રહે છે, પરંતુ હાલમાં તે આ કોફીને કારણે ખૂબ જ ચર્ચામાં છે. તેણે લંડનમાં 'જપાન ટિપિકા નેચરલ' કોફી પીધી હતી, જે જપાનના ઓકિનાવામાં ઉગાડવામાં આવે છે. આ ખૂબ જ ઓછી માત્રામાં મળતી કોફી છે અને તેને ખુબ જ રસદાર માનવામાં આવે છે.



## રાજમૌલીની 1000 કરોડના બજેટની ફિલ્મમાં કામ કરવા નાના પાટેકરનો ઈનકાર



નાના પાટેકરે એસએસ રાજામૌલીની 'SSMB 29'માં કામ કરવાનો ઈન્કાર કરી દીધો છે. આ ફિલ્મ આશરે 1000 કરોડના બજેટમાં બની રહી છે. તેમાં ફક્ત 15 દિવસનાં શૂટિંગ માટે નાના પાટેકરને 20 કરોડ રુપિયાની ઓફર થઈ હોવાનું કહેવાય છે. મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા તથા પૃથ્વીરાજ સુકુમારન સહિતના કલાકારોની આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરીમાં શરૂ થઈ ગયું છે. હૈદરાબાદમાં શૂટિંગ પુરૂ કર્યા પછી ફિલ્મની ટીમ ઓડિસા ગઈ હતી. રાજામૌલીએ ગયા વરસે નાના પાટેકરનો સંપર્ક કર્યો હતો. નાના સાથે વાતચીત કરવા ફિલ્મ સર્જક હૈદરાબાદથી નાના પાટેકરના પુણેના ફાર્મહાઉસ પહોંચ્યો હતો. જ્યાં તેણે નાના પાટેકરને સ્ક્રિપ્ટ સંભળાવી હતી. જોકે, નાનાએ પોતાને રોલ પસંદ નહિ હોવાનું જણાવી દીધું હતું.

## તારા સુતરિયાનું હવે વીર પહારિયા સાથે ઈલૂ ઈલૂ



મુંબઈ : તારા સુતરિયા અને વીર પહારિયા આજકાલ રિલેશનશિપમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બંને કેટલાંક સમયથી સાથે જોવા મળી રહ્યાં છે. બંને તાજેતરમાં એક ફેશન શોમાં સાથે દેખાયાં હતાં. બાદમાં એકથી વધુ વખત તેઓ ડીનર ડેટ પર પણ સાથે જોવા મળ્યાં છે. તારા સુતરિયાનું અફેર વર્ષો સુધી રણબીર-કરીનાના કઝીન આદર જૈન સાથે હતું. જોકે, આદરે તેની સાથે બ્રેક અપ બાદ અન્યત્ર મેરેજ કરી લીધાં હતાં. બીજી તરફ વીર અગાઉ સારા અલી ખાન સહિતની કેટલીક હિરોઈનો સાથે રિલેશનશિપ ધરાવી ચૂક્યો છે. વીરનો ભાઈ શિખર પહારિયા જાહ્નવીનો બોય ફ્રેન્ડ છે. જાહ્નવી અને શિખર બંનેનાં સંબંધોને તેમના પરિવારજનો સ્વીકારી ચૂક્યા છે. વીર પહારિયાનની પહેલી ફિલ્મ 'સ્કાયફોર્સ' તાજેતરમાં જ રીલિઝ થઈ ચૂકી છે.

# બોલિવૂડમાં નવો વિવાદ: દીપિકા પાદુકોણ પર ભડક્યા સંદીપ રેડ્ડી વાંગા



ફિલ્મ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ' હાલ ચર્ચામાં છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણે મુખ્ય ભૂમિકા ભજવવાની હતી, પરંતુ થોડા સમય પહેલા સમાચાર આવ્યા કે અનપ્રોફેશનલ વર્તનના કારણે દીપિકા સાથે આ ફિલ્મનો કોન્ટ્રાક્ટ તોડી નાંખવામાં આવ્યો છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર ધીમે ધીમે ફિલ્મને લગતી માહિતી બહાર આવવા માંડી. આ કારણસર સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકા પાદુકોણનું નામ લીધા વિના સોશિયલ મીડિયામાં એક પોસ્ટ મૂકીને ખરુંખોટું સંભળાવી દીધું છે. વાંગાએ લખ્યું છે કે, એક અભિનેતા અને ફિલ્મ નિર્માતા વચ્ચે એક વણલિખિત કરાર હોય છે કે તેઓ ફિલ્મ સંબંધિત માહિતી લીક નહીં કરે. આ દરમિયાન એવા સમાચાર સામે આવ્યા કે દીપિકા પાદુકોણે બોલ્ડ સીનના કારણે આ ફિલ્મ છોડી દીધી છે. એટલું જ નહીં, સોશિયલ મીડિયા પર એવા સમાચારો પણ ફરી રહ્ય છે કે આ વખતે સંદીપ રેડ્ડી વાંગા 'એ' રેટેડ ફિલ્મ બનાવીને બધાને ચોંકાવી દેશે. આમ, આ ફિલ્મ વિશે એક પછી એક સમાચાર આવતા રહ્ય, જે સંદીપ રેડ્ડી વાંગાને પસંદ ના પડ્યું અને તેમણે દીપિકા પાદુકોણની 'સસ્તી પીઆર ટ્રીક્સ' માટે X પર પોસ્ટ કરીને તેની ટીકા કરી દીધી. આ પોસ્ટમાં સંદીપ રેડ્ડી વાંગાએ કોઈનું નામ લીધા વિના લખ્યું છે કે, 'હું એક અભિનેતા પર 100% વિશ્વાસ કરું છું. જ્યારે હું તેમને સ્ટોરી જણાવું છું ત્યારે અમારી વચ્ચે એક અસ્પષ્ટ NDA (નોન ડિસ્કલોઝર એગ્રીમેન્ટ) હોય છે. પરંતુ તારાથી નાની અભિનેત્રીનું અપમાન કરીને અને મારી સ્ટોરી જાહેર કરીને તે જણાવી દીધું કે તું કેવા પ્રકારની વ્યક્તિ છે. આ જ તારું ફેમિનિઝમ છે? એક ફિલ્મ નિર્માતા તરીકે મેં વર્ષોથી મારા કામ પર સખત મહેનત કરી છે અને મારા માટે, ફિલ્મ નિર્માણ જ બધું છે પણ આ વાત તુ નહીં સમજી શકે.' 'કબીર સિંહ' અને 'એનિમલ' જેવી બ્લોકબસ્ટર હિટ ફિલ્મો આપનારા સંદીપ રેડ્ડી વાંગાએ પોસ્ટમાં લખ્યું છે કે, 'એક ફિલ્મ મેકર તરીકે અમે અમારી કળા માટે વર્ષો સુધી સખત મહેનત કરીએ છીએ. મારા માટે ફિલ્મમેકિંગ જ સર્વસ્વ છે.' આ પોસ્ટમાં સંદીપ વાંગા રેડ્ડીએ dirtyPRGames હેશટેગ કર્યું છે અને છેલ્લે લખ્યું છે કે, 'એક કહેવત મને બહુ ગમે છે. ખુંદર મેં બિલ્લી ખંભા નોચે.' કોઈ વાત પર શરમ અનુભવીને ગુસ્સો કરનારી વ્યક્તિ વિશે આ કહેવતનો ઉપયોગ થાય છે.



# મારા મેનેજરે પણ મને 'જીસ્મ' ફિલ્મ કરવાની ના પાડી હતી...' : બિપાશા બાસુ

અભિનેત્રી બિપાશા બાસુ જેમણે 2003માં આવેલી થ્રિલર ફિલ્મ 'જીસ્મ' જે તેના એક્સ બોયફ્રેન્ડ અભિનેતા જ્હોન અબ્રાહમ સાથે કરી હતી. હવે તાજેતરમાં જ અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે, મને મારા મેનેજર આ ફિલ્મ ન કરવાની સલાહ આપી હતી. તેની કારકિર્દીના શિખર પર બિપાશાની મેનેજરને લાગ્યું કે તે આટલી બોલ્ડ ભૂમિકા સ્વીકારવા માટે 'પાગલ' છે. 46 વર્ષીય અભિનેત્રીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'જીસ્મ એ સમય હતો જ્યારે હું ટોચ પર હતી અને બધા મને કહેતા હતા કે તમે એડલ્ટ કન્ટેન્ટવાળી ફિલ્મો ન કરી શકો. તમે એક સામાન્ય હિન્દી ફિલ્મની અભિનેત્રી જેવી છો જે હવે લોકોના દિલમાં છે. મેં કહ્યું કે, મને સ્ટોરી ખૂબ ગમી. હું આગળ વધીશ અને તે કરીશ. બધાએ મને તે કરતા અટકાવી, મારા મેનેજરને લાગ્યું કે હું પાગલ થઈ ગઈ છું.' આ ઉપરાંત બિપાશાએ ખુલાસો કર્યો કે, 'મારા કારકિર્દીના શિખર પર જોખમ લેવાથી મને કેવી રીતે ફાયદો થયો અને ત્યારથી મારા માટે કેવી રીતે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો કે, જીસ્મ પછી સ્ત્રીઓએ તેની જેમ વાળને સેટ કર્યા અને ફિલ્મના સિગ્નેચર બ્રોન્ઝ મેકઅપ લૂકને અપનાવવાનું શરૂ કર્યું.

# લંડનના સ્ટેડિયમમાં પરફોર્મ કરનારા પહેલાં ઈન્ડિયન સિંગર બનશે અરિજિતસિંહ

પોપ્યુલર સિંગર અરિજીત સિંહ દુનિયાભરમાં ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. 5 સપ્ટેમ્બરે તેઓ બ્રિટનના ટોટનહામ હોટસ્પર સ્ટેડિયમમાં પરફોર્મ કરવા જઈ રહ્યા છે. અરિજિત સિંહ આ વર્ષે લંડનના પ્રખ્યાત સ્ટેડિયમમાં નવો રેકોર્ડ બનાવવા જઈ રહ્યા છે. હોટસ્પર સ્ટેડિયમમાં મોસ્ટ અવેટેડ સંગીત કાર્યક્રમમાં પોતાનો અવાજથી ચાહકોને મંત્રમુગ્ધ કરશે.

આ કાર્યક્રમ અરિજિતનો આ વર્ષનો પહેલો યુરોપિયન કાર્યક્રમ હશે, જે હવે સૌથી વધુ રાહ જોવાતી સંગીત કાર્યક્રમ બની ગયો છે. આ સમાચાર આવ્યા બાદ તેમના ચાહકોમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે. લંડનમાં




રહેતા તેમના ચાહકો હવે આ કાર્યક્રમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સિંગરના લંડનના આ કોન્સર્ટ માટે 6 જૂન 2025 ના બપોર પછીથી બુકિંગ શરુ થવાનું છે. આ કોન્સર્ટ પર મીડિયા સાથે વાત કરતા ગાયકે કહ્યું- 'હું એક સામાન્ય માણસ છું જે ગીતો ગાય છે, હું આ તક માટે ખૂબ જ નમ્ર અનુભવું છું કે હું ફરી એકવાર લંડનમાં મારા ગીતો રજૂ કરીશ, જો આનો અર્થ ઈતિહાસ રચવાનો છે તો હું તેના માટે આભારી છું.' વર્ષ 2024 માં, ગાયકે લંડનમાં O2 એરેના શોમાં ભાગ લીધો હતો જેણે ઘણી બધી હેડલાઈન્સ બનાવી હતી, તેણે બ્રિટિશ પોપ ગાયક ED શીરન સાથે સ્ટેજ શેર કર્યો હતો.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## હવાઈ આક્રમણના સામે લડવા વધુ સજ્જ થશે અમેરિકા

# ગોલ્ડન ડોમ પાછળ યુએસ કરશે જંગી ખર્ચ

દુનિયામાં જેટલી ઝડપે યુદ્ધના આધુનિક શસ્ત્રો બની રહ્યાં છે, તેટલી ઝડપે સંરક્ષણ પ્રણાલી પણ બદલવી પડે છે. જો કોઈ દેશ તેની પાછળ કરોડો ડોલરનો ખર્ચો કરવા તૈયાર ન થાય તો તેની સુરક્ષા ઉપર મોટો ખતરો પેદા થાય છે. ભૂતકાળમાં જેમની પાસે વધુ વિસ્ફોટક દારૂગોળો હોય તેઓ તોપો વડે દુશ્મન સૈન્ય પર બોમ્બ ફેંકીને યુદ્ધ જીતી જતા હતા. વિમાનની શોધ સાથે બોમ્બ ફેંકવા માટે વધુ સંહારક સાધન હાથમાં આવ્યું. વિમાન વડે હવાઈ હુમલા કરવામાં સરળતા હતી, કારણ કે તે માટે લશ્કરે શત્રુના દેશની જમીન પર પગ મૂકવાની જરૂર પડતી નહોતી. હવે આજની લડાઈ હવે ફાઈટર જેટ ઉપરાંત બેલિસ્ટિક મિસાઈલો વડે લડાય છે, જેઓ હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડીને દુશ્મનના સૈન્ય અડ્ડાઓ કે આતંકવાદી અડ્ડાઓનો સફાયો કરી શકે છે.

જો કે, એક મિસાઈલ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. આ મિસાઈલ જમીન પરથી છોડી શકાય છે અને તેને છોડવા માટે ફાઈટર જેટનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ વિનાશક મિસાઈલનો મુકાબલો કરવા શસ્ત્રો બનાવતી કંપનીઓ દ્વારા એન્ટી મિસાઈલ સિસ્ટમ બનાવવામાં આવી છે, જે મિસાઈલોને હવામાં જ આંતરીને ખતમ કરી શકે છે.

તાજેતરના ભારત-પાકિસ્તાન મીની યુદ્ધમાં રશિયાની એસ-૪૦૦ એન્ટી મિસાઈલ સિસ્ટમે ભારતની રક્ષા કરી હતી, જેને કારણે પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલું એક પણ મિસાઈલ તેના લક્ષ્ય પર ત્રાટકી શક્યું નહોતું. જો કે પાકિસ્તાને ચીન દ્વારા આપવામાં આવેલાં અદ્યતન મિસાઈલનો ઉપયોગ કરીને ભારતનાં રાફેલ સહિત પાંચ વિમાનો તોડી પાડ્યાં હતાં. આ પહેલાં ફ્રાન્સના રાફેલ ફાઈટર વિમાન કોઈ પણ મિસાઈલ દ્વારા અભેદ્ય માનવામાં આવતાં હતાં, પણ ચીને તેનું મારણ શોધી કાઢ્યું છે. રાફેલ બનાવતી દસાલ્ટ કંપનીએ હવે તેના ફાઈટર જેટની ડિઝાઈનમાં એવા ફેરફારો કરવા પડશે, જેના થકી તે ચીન કે રશિયાના અત્યાધુનિક મિસાઈલનો મુકાબલો કરી શકે. આ રીતે અદ્યતન મિસાઈલો અને સંરક્ષણ સિસ્ટમો બનાવતી કંપનીઓ અબજો ડોલરની કમાણી કરે છે આધુનિક બેલિસ્ટિક મિસાઈલ સામે સંરક્ષણ



આપવાની બાબતમાં ઈઝરાયેલની આયર્ન ડોમ સિસ્ટમ સૌથી વધુ સચોટ માનવામાં આવે છે, જેને વિકસાવવા પાછળ ઈઝરાયેલ દ્વારા અબજો ડોલરનો ખર્ચ કરાયો છે.

આ આયર્ન ડોમ સિસ્ટમને કારણે હમાસ કે બીજા દુશ્મન દેશો ઈઝરાયેલનો વાળ પણ વાંકો કરી શકતા નથી. ગોલ્ડન ડોમ સિસ્ટમ વિશ્વના અન્ય ભાગોથી અથવા અવકાશમાંથી છોડવામાં આવતી મિસાઈલોને પણ અટકાવવામાં સક્ષમ હશે. છેલ્લા ચાર દાયકામાં ચીને કોઈ મોટું યુદ્ધ લડ્યું નથી, પરંતુ આ સમય દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગના નેતૃત્વમાં ચીને તેની સેનાને મજબૂત બનાવવામાં અને અત્યાધુનિક શસ્ત્રો વિકસાવવામાં કોઈ કસર છોડી નથી. ચીને પાકિસ્તાનને પણ આ શસ્ત્રો પૂરાં પાડ્યાં છે. પાકિસ્તાને ૨૦૧૫-૧૯થી ૨૦૨૦-૨૪ દરમિયાન શસ્ત્રોની આયાતમાં ૬૧ ટકાનો વધારો કર્યો છે. પાકિસ્તાનને ચીન પાસેથી જે શસ્ત્રો મળે છે તેમાં આધુનિક ફાઈટર જેટ, મિસાઈલ, રડાર અને હવાઈ સંરક્ષણ પ્રણાલીનો સમાવેશ થાય છે. પાકિસ્તાનનાં આ શસ્ત્રોનો મુકાબલો કરવા ભારતને રશિયા, ફ્રાન્સ, ઈઝરાયેલ અને અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદવાની ફરજ પડી રહી છે. આ બાબતને ધ્યાને લઈને હવે અમેરિકાએ પણ ઈઝરાયેલની આયર્ન ડોમ સિસ્ટમ કરતાં પણ વધુ ખર્ચાળ અને વધુ નક્કર સિસ્ટમ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. અમેરિકા પાસે હાલમાં મિસાઈલ પ્રતિરોધક સિસ્ટમ છે, પણ તે એક દાયકા જેટલી જૂની થઈ ગઈ છે. આ એક દાયકામાં રશિયા અને ચીન જેવા અમેરિકાના દુશ્મનો દ્વારા અત્યાધુનિક મિસાઈલો તૈયાર કરી દેવાઈ છે. હવે જગતજમાદારનો વટ રાખવો પડે તેમ હોવાથી અમેરિકા ગોલ્ડન ડોમ સિસ્ટમ પાછળ ૧૭૫ અબજ ડોલરનો ખર્ચ કરવા તૈયાર થયું છે. જો કે, અમેરિકાના અંદાજ કરતા ખર્ચ વધી શકે છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગોલ્ડન ડોમ અંગે ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમના દેશે ગોલ્ડન ડોમ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે ડિઝાઈન પસંદ કરી છે. આ અમેરિકાની ભવિષ્યની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી હશે. આ સિસ્ટમ ડોનાલ્ડ ટ્રમ્પના વર્તમાન કાર્યકાળના અંત સુધીમાં કામ કરવાનું શરૂ કરશે. તેનો ઉદ્દેશ અમેરિકાને આગામી હવાઈ આક્રમણના ખતરા સામે લડવા સક્ષમ બનાવવાનો છે. તેમાં બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલોનાં જોખમોનો સામનો કરવાની પણ ક્ષમતા પણ હશે. ગોલ્ડન ડોમ સિસ્ટમ માટે અમેરિકાના બજેટમાં ૨૫ અબજ ડોલરની પ્રારંભિક રકમ નક્કી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ તરીકેના તેમના બીજા કાર્યકાળના સાતમા દિવસે ટ્રમ્પે સંરક્ષણ મંત્રાલયને ગોલ્ડન ડોમ માટે યોજના તૈયાર કરવા આદેશ આપ્યો હતો. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે, અમેરિકાની વર્તમાન સંરક્ષણ પ્રણાલી તેના દુશ્મનોના ઝડપથી વિકસતાં આધુનિક શસ્ત્રોથી તેનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય તેમ છે. પેન્ટાગોનના અધિકારીઓનું કહેવું છે કે, અમેરિકાની વર્તમાન ડિફેન્સ સિસ્ટમ રશિયા અને ચીનની નવી મિસાઈલ ટેકનોલોજીથી પાછળ રહી ગઈ છે. યુએસ ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા જારી કરાયેલા બ્રીફિંગ સંબંધિત એક દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, આગામી દિવસોમાં મિસાઈલ ખતરાનો વ્યાપ વધુ વધશે. કારણ કે, તેમના હુમલા વધુ ઘાતક હોઈ શકે છે. ચીન અને રશિયા અમેરિકાની સંરક્ષણ પ્રણાલીની ખામીઓનો લાભ લેવા માટે ઝડપથી પોતાની નવી સિસ્ટમો બનાવાઈ રહી છે.

અમેરિકન સંસદના બજેટ વિભાગે કહ્યું છે કે, સરકાર આ સિસ્ટમ ઉપર હજી વધુ ખર્ચ કરી શકે છે. આગામી બે દાયકામાં તે વધીને ૫૪૨ અબજ ડોલર થઈ શકે છે. આટલો મોટો ખર્ચ ફક્ત આ સિસ્ટમના જગ્યા આધારિત ભાગ પર જ થઈ શકે છે. વન બિગ બ્યુટીફુલ બિલ હેઠળ ટ્રમ્પનો કરવેરા થકી જ ૨૫ અબજ ડોલરનો ખર્ચ હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. જો કે, આ બિલ હજુ સુધી પસાર થયું નથી. ટ્રમ્પે કહ્યું કે, આ સિસ્ટમ તેમના વર્તમાન કાર્યકાળના અંત સુધીમાં એટલે કે, ૨૦૨૮ સુધીમાં શરૂ થશે. નવી મિસાઈલ સંરક્ષણ પ્રણાલી જમીન, સમુદ્ર અને અવકાશમાં નવી પેઢીની ટેકનોલોજીથી સજ્જ હશે. આ સિસ્ટમ હેઠળ અવકાશમાં સેન્સર અને ઈન્ટરસેપ્ટર હશે, જે આ હવાઈ હુમલાઓના ખતરાને રોકવામાં સક્ષમ હશે.

આ સિસ્ટમ કંઈક અંશે ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત છે. ઈઝરાયલ ૨૦૧૧થી રોકેટ અને મિસાઈલ હુમલાઓને રોકવા માટે તેનો ઉપયોગ કરી રહ્યું છે. જો કે, ગોલ્ડન ડોમ આયર્ન ડોમ કરતાં પ્રમાણમાં ઘણો મોટો હશે અને તે હાઈપરસોનિક શસ્ત્રો સહિત વિવિધ પ્રકારનાં જોખમોનો સામનો કરી શકશે. તે ધ્વનિની ગતિ અને ફ્રેક્શનલ ઓર્બિટલ બોમ્બાર્ડમેન્ટ સિસ્ટમ્સ એટલે કે, FOBS કરતાં વધુ ઝડપથી સ્થાન બદલી શકશે. FOBS અવકાશમાંથી શસ્ત્રો ચલાવી શકે છે. તેનો સફળતા દર લગભગ ૧૦૦ ટકા છે. યુએસ સ્પેસ ફોર્સના ડેપ્યુટી ચીફ જનરલ માઈકલ ગેટલાઈન આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની દેખરેખ રાખશે.

**દુશ્મન દેશો સામે બાથ ભીડવા માટે સ્થાપિત થનારી સિસ્ટમ માટે અમેરિકાના બજેટમાં 25 અબજ ડોલરની પ્રારંભિક જોગવાઈ કરાઈ, નવી પ્રણાલીમાં બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલોનાં જોખમોનો સામનો કરવાની પણ ક્ષમતા પણ હશે**

# સાડીને પણ એટ્રેક્ટિવ લુક આપતાં ડિઝાઈનર બ્લાઉઝ

લગ્ન અને નાના પ્રસંગોની સીઝન ચાલી રહી છે. એમાં સાડી એક એવું આઉટફિટ છે જે દરેક એજની મહિલાને ગોર્જિયસ લુક આપે છે. સાડીના લુકને એટ્રેક્ટિવ બનાવવા ડિઝાઈનર બ્લાઉઝ કેરી કરી શકો. આજે આપણે ડિફરન્ટ ટાઈપના ડિઝાઈનર બ્લાઉઝ વિશે વાત કરીશું.



### ત્રિકોણીય કટઆઉટ બ્લાઉઝ

ફંક્શનમાં સાડી એટલી હેવી ન હોય અને બ્લાઉઝ હેવી હોય તો પણ આકર્ષક લુક મેળવી શકાય છે. બ્લાઉઝના બેકમાં ત્રિકોણીય કટઆઉટ પેટર્ન કરાવી શકો છો. એમાં બેકમાં ત્રિકોણ સ્ટાર્ટ થતું હોય એ ભાગમાં તેની સાથે મેચ થાય એવું શો બટન મુકાવી શકો. ત્રિકોણની પેટર્ન નાની-મોટી તમારી ચોઈસ પ્રમાણે રાખી શકો છો. એની નીચે પોટલી બટન અથવા શો બટન લગાવી શકો. ત્રિકોણની નીચેનો પટ્ટો બ્લાઉઝ સાથે મેચ થાય એના અલગ કલરનો પણ મુકાવી શકાય, જેથી યુનિક લુક મળે.

### યુ શેપ્ડ કટઆઉટ

બ્લાઉઝના બેકમાં યુ શેપ્ડનો કટ આપ્યા બાદ એમાં સાડી સાથે મેચ થાય એવા કલરની મોતીની બોર્ડર મુકાવી શકો છો. જેમ કે, સાડી યલો અને રેડ હોય તો એમાં બ્લાઉઝ યલો હોય તો બેકમાં યુ શેપ્ડ આપ્યા બાદ રેડ કલરના મોતીની બોર્ડર અથવા લેસ જે પણ તમને ગમતું હોય એ મુકાવી શકો છો. એનાથી બ્લાઉઝ વધારે હેવી લાગશે.

### વી નેક પોટલી પેટર્ન

આજકાલ યુવતીઓ ડિફરન્ટ ડિઝાઈનના બ્લાઉઝ પહેરવાનું વધારે પસંદ કરે છે. એમાં બેકમાં અને આગળના ભાગમાં વી નેક જેટલું બ્રોડ તમને અનુકૂળ હોય એટલું કરાવી શકો. બેકમાં વી નેક કરાવ્યા બાદ નીચેના ભાગમાં પોટલી બટન કરાવી શકો. પોટલી બટનની પેટર્ન ઓલ ટાઈમ હોટ ફેવરિટ છે.

### ક્રિસ ક્રોસ પેટર્ન

યંગ જનરેશનમાં ક્રિસ ક્રોસ પેટર્ન હોટ ફેવરિટ છે. આ પેટર્નમાં બેકમાં વચ્ચેના ભાગને ઓપન રાખીને એમાં સામસામે લુપ્સ બનાવવામાં આવે છે. આ લુપ્સમાં દોરી એ રીતે ભરાવવામાં આવે છે જેથી ક્રિસ ક્રોસ ટાઈપની પેટર્ન બને. આ પેટર્ન સ્ટાઈલિશ લાગશે અને તમારી સાડીમાં મોડર્ન ટચ પણ એડ થશે.

### બટરફ્લાય ડિઝાઈન

બ્લાઉઝના બેકને યુનિક અને ક્યૂટ લુક આપવા માટે ફેન્સ બટરફ્લાય ડિઝાઈનવાળો બ્લાઉઝ કરાવી શકે છે. એમાં નેટ ફેબ્રિક અને બટનનો ઉપયોગ પણ કરી શકાય છે, જે તમારા બ્લાઉઝ પીસને ડિઝાઈનર લુક આપશે.

### ફેન્સી કટ વર્ક

બ્લાઉઝમાં બેક પર તમે ફેન્સી કટ વર્ક પણ કરાવી શકો છો. એમાં તમારે સંપૂર્ણ રીતે બેકલેસ પેટર્ન ન કરાવવી હોય તો પણ આ ડિઝાઈન પરફેક્ટ રહેશે. આ સ્ટાઈલ દેખાવમાં સ્ટાઈલિશ લાગશે.

### યુનિક બ્લાઉઝ ડિઝાઈન

કોઈ હટકર ડિઝાઈનર લુકવાળા બ્લાઉઝ પીસ સ્ટિચ કરાવવા ઈચ્છો છો તો આ પેટર્ન તમારા માટે બેસ્ટ છે. એમાં બો શેપ અને દોરી ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવે છે, જે એટ્રેક્ટિવ લાગે છે.



## બોલ્ડ માટે હોલ્ટર નેક

યુવતીઓ હંમેશાં કંઈક અલગ પહેરવાનું પસંદ કરે છે. એમાંય ગરમીની સીઝન ચાલી રહી છે, જેમાં હેવી આઉટફિટ પહેરવાને બદલે ગરમીમાં રાહત આપવાની સાથે સ્ટાઈલ આપે એવાં આઉટફિટ પહેરવાનો તેઓ આગ્રહ રાખે છે. એમાં હોલ્ટર નેક કૂલ લુક આપે છે. ઈન્ડિયન વેર હોય કે પછી વેસ્ટર્ન વેર હોય, તેની ડિઝાઈન જો જરા હટકે હોય તો આખા આઉટફિટનો લુક બદલાઈ જાય છે

બેકલેસ હોલ્ટર નેક ડિઝાઈનની વાત કરીએ તો આ ડિઝાઈન ફક્ત ફ્રન્ટથી જ નહીં, પરંતુ બેકથી પણ સુંદર લાગે છે. આ નેક ડિઝાઈન બ્લાઉઝ અને ટોપમાં અમે બનાવીએ છીએ. બેકલેસ હોલ્ટર નેક ડિઝાઈનને કેઝ્યુઅલથી લઈને હોલિડેમાં સરળતાથી પહેરી શકાય છે. પાર્ટી કે ફંક્શન માટે હોલ્ટર નેક ક્રોપ ટોપમાં ડિઝાઈન કરવામાં આવે છે.

ક્રોપ ટોપ સાથે સ્કર્ટ કે પેન્ટ પણ કેરી કરી શકાય છે. સિલ્વર કે ગોલ્ડન કલરના હોલ્ટર ક્રોપ ટોપ પહેરીને નીચે ડાર્ક પર્પલ સ્ટ્રેટ પેન્ટ અને સિલ્વર સ્ટિલેટોસની સાથે ટીમઅપ કરવાથી યુનિક લુક મળશે. આ લુક યંગ જનરેશનને એલિગન્ટ અને સ્ટાઈલિશ દેખાવવામાં મદદ કરે છે.

એમ્બ્રોઈડેડ હોલ્ટર નેક ડિઝાઈન પણ બનાવવામાં આવે છે, જે એકદમ પરફેક્ટ લુક આપે છે. આ લુક સાથે તમે એક્સપેરિમેન્ટ કરી શકો છો. એમ્બ્રોઈડેડ હોલ્ટર નેકની સાથે લોંગ અથવા શોર્ટ સ્કર્ટ ટ્રાય કરો. આની સાથે રફલ્સ સાડી, ગાઉન પણ કેરી કરી શકો છો. આમાં તમને ડિસન્ટ લુક મળશે. એમ્બ્રોઈડેડ હોલ્ટર નેક ડિઝાઈન પ્રસંગોમાં ચોલીમાં કરાવી એક્ટ્રેક્ટિવ લુક મેળવી શકાય છે. આમ, હોલ્ટર નેક ડિઝાઈનને વિવિધ આઉટફિટમાં અલગ અલગ રીતે ટ્રાય કરવાથી ગોર્જિયસ લુક ક્રિએટ કરી શકાય છે.

# પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમથી સાવધાન

**પ્રજનન કાળને આવરી લેતો અને મેનોપોઝની પણ અસર ફેલાવતો સ્ત્રીઓમાં સામાન્ય રીતે જોવા મળતો આ રોગ લગભગ 12થી 15 જેટલી સ્ત્રીઓને અસર કરે છે. તેમાં પણ વંધ્યત્વની સારવાર માટે આવતી સ્ત્રીઓમાં તો PCOSની શક્યતા 25 %થી 30 % જેટલા કિસ્સાઓમાં જોવા મળે છે. કેટલીકવાર PCOSને PCOD તરીકે પણ ઓળખવામાં આવે છે, પરંતુ આ બંને શબ્દો લગભગ સામાનાર્થી છે. `સ્ટેન લેવેન્થલ સિન્ડ્રોમ'ના નામથી ઓળખાતો રોગ મલ્ટિસિસ્ટિક ઓવરી, સ્કેલેરોસિસ્ટિક ઓવરીના નામથી પણ ઓળખાય છે. NIH 1990, રોટરડેમ 2003 અને AE-PCOS Society 2006ના જુદા જુદા માપદંડો પ્રમાણે મુખ્યત્વે એન્ડ્રોજન અંત:સ્રાવનું વધેલું પ્રમાણ, એનઓવ્યુલેશન અને પોલિસિસ્ટિક ઓવરીની હાજરીને ધ્યાનમાં લઈને આ રોગનું નિદાન કરવામાં આવે છે.**



આ રોગમાં મુખ્યત્વે મેદસ્વિતા, ખીલ તથા ચહેરા અને શરીર ઉપરના વણજોઈતા વાળની હાજરી, વાળનું વધારે ખરવું, માસિકની અનિયમિતતા તથા વંધ્યત્વ જેવી ફરિયાદો જોવામાં આવે છે.

આ રોગના નિદાન માટે ગાયનેક ચેકઅપ ઓવરી માટેની સોનોગ્રાફી અને કેટલીક લોહીની તપાસ જેવી કે, ઉપવાસ બ્લડ શુગર, ભોજન બાદની શરગર, એચબીએવનસી (ગ્લાઈકેટેડ હિમોગ્લોબિન), લિપિડ પ્રોફાઈલ (ચરબી સંબંધી રક્ત તપાસ), એફ.એસ.એચ. (ફોલિકલ સ્ટિમ્યુલેટિંગ હોર્મોન), એલ.એચ. (લ્યુટિનાઈઝિંગ હોર્મોન), ટી.એસ.એચ. (થાઈરોઈડ સ્ટિમ્યુલેટિંગ હોર્મોન), પી.આર.એલ. (પ્રોલેક્ટિન), ટેસ્ટોસ્ટેરોન (મુક્ત એન્ડ્રોજેન), ડી.એચ.ઈ.એ.એસ. (ડિહાઈડ્રોએપિએન્ડ્રોસ્ટેરોન સલ્ફેટ), ડી.એચ.ટી. (ડિહાઈડ્રોટેસ્ટોસ્ટેરોન), AMH જેવા હોર્મોન્સનું એસસમેન્ટ કરવાથી લગભગ સચોટ નિદાન ઉપર આવી શકાય છે. PCOS એ પિટ્યુટરી ગ્રંથિના હોર્મોનના અસમતોલતાને લીધે શરીરની જુદી જુદી અંત:સ્રાવી ગ્રંથિઓ જેવી કે ઓવરી, એડ્રિનાલ, લીવર તથા પેન્ક્રિઆઝ ઉપર અસર કરે છે. જેના લીધે ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ તથા એન્ડ્રોજન હોર્મોનનું વધારે માત્રામાં પેદા કરવાથી ઉપર જણાવેલાં લક્ષણો જોવા મળે છે.

આ રીતે PCOS એક સ્પેશિયાલિટીનો રોગ ન રહેતા, કેટલીકવાર ચર્મરોગ વિશેષજ્ઞની સલાહ લેવાની જરૂર પડે છે. આ રોગ સ્ત્રી જીવનને ત્રણ તબક્કામાં અસર કરે છે.

### યુવાવસ્થા

છોકરીઓમાં માસિકની શરૂઆત લગભગ 12 વર્ષથી 14 વર્ષ સુધીમાં થાય છે. PCOSના લીધે માસિક બિલકુલ ન આવવાથી લઈને, માસિકચક્રની અનિયમિતતા જોવા મળે છે, જે લગભગ 87% કિસ્સાઓમાં જોવા મળે છે. સાથે સાથે લગભગ 40થી 60% કિસ્સાઓમાં PCOSના દર્દીઓમાં મેદસ્વિતા પણ જોવા મળે છે. આ ઉપરાંત મોઢા ઉપર થતા ખીલ, ચામડીમાં ચીકાશ, ચહેરા અને શરીર ઉપર ઊગી નીકળતા અણગમતા વાળ જેવી સમસ્યાઓ પણ જોવા મળે છે અને એટલે જ હું તો માનું છું કે દરેક સ્કૂલમાં ધો-6થી 10 સુધીમાં PCOSનું સ્કિનિંગ થવું જ જોઈએ. આવા કિસ્સાઓમાં માસિકની અનિયમિતતાની સારવાર લો. ડોઝ o-C.PIlls કે જેમાં cyproteron કે Drosperinone જેવા એન્ડ્રોજન નિરોધક હોર્મોન હોવાની સાથે સાથે ખીલ અને હિરસ્યુટિઝમ ઘટાડવામાં પણ મદદ કરે છે. આ ઉપરાંત દવાઓ, ડર્મોબ્રેઝન, શેવિંગ, લેઝર જેવા કોસ્મેટિક ઉપાયો પણ કરી શકાય.

### (2) પ્રજનન અવસ્થા

લગભગ 25થી 30 % જેટલા PCOSના દર્દીઓમાં વંધ્યત્વની સમસ્યા ઊભી થાય છે. તેમાં પણ સ્ત્રીબીજ બહાર પાડવા માટેની દવાઓ, મોટીટરિંગ કરવું જરૂરી બને છે. કેટલીકવાર લેપ્રોસ્કોપી અને ઓવરીનું ડ્રિલિંગ કરી શકાય છે. PCOSના દર્દીઓમાં મલ્ટિપલ ગર્ભાવસ્થા અને કેટલીકવાર OHSSના નામે ઓળખાતી ગંભીર સમસ્યા પેદા થઈ શકે છે. PCOS ધરાવતી સ્ત્રીઓમાં કસુવાવડ થવાની સંભાવના ઘણી ઊંચી રહે છે. (40થી 50 %) અને આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન બ્લડ પ્રેશર વધી જવું (PIH) કે GDM (મધુપ્રમેહ)ની સમસ્યા પણ ઉદ્ભવી શકે છે.

### (3) મેનોપોઝ

Pcosવાળા દર્દીઓએ મેનોપોઝમાં પણ સાવચેત રહેવું જરૂરી છે. ડાયાબિટીસ થવાની સંભાવના, કોલેસ્ટ્રોલની સમસ્યા, હાઈ બ્લડપ્રેશર, હૃદયરોગ, ગર્ભાશયનું કેન્સર જેની રેગ્યુલર તપાસ કરાવી શકાય. આમ, Pcos એ મેદસ્વિતાને વચ્ચે રાખીને પેદા થતી સમસ્યા છે, જેમાં જિનેટિક કારણો મહંદઅંશે જવાબદાર હોય છે. વજન ઉપર કંટ્રોલ, રેગ્યુલર કસરતો અને લાઈફ સ્ટાઈલમાં બદલાવ આ સમસ્યાને મહંદઅંશે કાબૂમાં રાખવા માટે જરૂરી છે.

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મીટીંગ : મધર્સ ડે ઉજવાયો

## સભ્યોની વર્ષગાંઠ અને લગ્નતિથિની ઉજવણી, આરોગ્યની સંભાળ અને કાયદાકીય માહિતીની ચર્ચા










ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટન દ્વારા Infermation Meetingનું આયોજન મે માસની ૨૫ તારીખે ગોર મેડો લાયબ્રેરીના હોલમાં કરાયું હતુ. સૌ પ્રથમ 'ॐ तत्श्रीनारायण' પ્રાર્થના થયા બાદ તુ કીતની અચ્છી હે ગીત પર દક્ષાબેન ડી. પટેલે સુંદર કસરત કરાવી હતી.

દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમીટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું અંત:કરણથી સ્વાગત કર્યા બાદ સૌને Mother's Dayની અંત:કરણથી

શુભેચ્છા આપી હતી. જ્યોતિબેન શાહે ગર્ભસ્થ શિશુનો ઈશ્વર સાથે સંવાદ લેખનું વાંચન કર્યું હતુ.

જ્યારે હર્ષદભાઈએ ૨૭ જૂનમાં રાખેલ પીકનીકની જાણ કરી સંસ્થાકીય આપી હતી. ત્યારબાદ આ માસમાં આવતી જે તે સભ્યોની birthday અને anniversaryની ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ ત્રણ couplesની special anniversary ઉજવવામાં આવી હતી. ગીત "हम तुम चोरी से....!!! અને "आज कल तेरे मेरे....!!!" બંને ગીતના remix પર dance કરી આનંદ વ્યક્ત કર્યો હતો. breakમાં ફાફડા-જલેબી- કઢી અને તળેલા મરચા આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ડેન્ટીસ્ટ ડો. સંજીવકુમાર અને ડો. રવિ કિરન તરફથી આવેલ સાગર રાજેશ્વરીએ સૌ મેમ્બર્સ ભાઈ-બહેનોને Teeth treatment ને લગતી સંપૂર્ણ માહિતી આપી હતી.

સાથે જ Canadian Government તરફથી મળતી તમામ સવલતોની માહિતી રજૂ થઈ હતી. Vyas Law Officeના તૃપ્તિબેન વ્યાસે વડીલોએ 'વસિયત નામુ' શા માટે બનાવવું તેનું importance વિગતવાર સરળ શબ્દોમાં સુંદર રીતે સમજાવ્યું હતુ.

ડોન પટેલ- ફાલ્ગુની પટેલ પણ અત્રે ઉપસ્થિત હતા. Brampton Crematorium & Visitations Centre, Ajay Shahના માધ્યમથી આવેલ હરવિંદરભાઈ તેમજ પુનિતભાઈએ Funeral Insuranceનું મહત્વ સમજાવ્યું હતુ.

વિશેષમાં સ્નેહલભાઈ- બિનાબેન કાંટાવાલા તરફથી સૌને આનંદબાવાના શુભ હસ્તે gift આપવામાં આવી હતી. Councillor Rod Pawer પણ અત્રે ઉપસ્થિત હતા. દક્ષાબેન રાજાએ cake cutting કરી સૌનું તેમણે અભિવાદન કર્યું હતું. City of Bramptonના 50 વર્ષ પૂર્ણ થયા, તેના માનમાં દક્ષાબેનને કાઉન્સીલરે PIN એનાયત કરી હતી. દક્ષાબેન રાજાએ આવેલા સૌ આમંત્રિત મહેમાનોને Appreciation Certificates એનાયત કરી તેમની સેવાને બિરદાવી અભિવાદન કર્યું હતું. કંચનબેન, અમીતાબેન, દિપીકાબેન પાઠક, જયશ્રીબેન અને પ્રિતીબેને Mother's Dayને અનુલક્ષીને મધુર કંઠે ગીતો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષાબેન રાજા, શિલાબેન ને ગાંધી, જ્યોતિબેન શાહ અને અનીલભાઈ જેઠવાએ કર્યું હતું.

અંતે આગામી મીટીંગ 27 જૂને Paul Coffey Park, 3430 Derry Rd. E, Mississauga, On L4V 1 P 1 ખાતે યોજવાની જાહેરાત થઈ હતી.

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓની પરમિટમાં ઘટાડો

## જાન્યુઆરીથી માર્ચ 2025 સુધીમાં માત્ર 30,640 વિદ્યાર્થીને સ્ટડી પરમિટ અપાઇ

**ઓટાવા**

કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્ટડી પરમિટની સંખ્યામાં ઘટાડો કર્યો છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 2025ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલી પરમિટમાં 31% ઘટાડો થયો છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટિઝનશિપ કેનેડા (IRCC)ના ડેટા અનુસાર જાન્યુઆરી-માર્ચ 2025 વચ્ચે માત્ર 30,640 વિદ્યાર્થીને સ્ટડી પરમિટ આપવામાં આવી હતી, જ્યારે 2024માં સમાન સમયગાળા દરમિયાન આ સંખ્યા 44,295 હતી. જાન્યુઆરી 2025માં કેનેડાની વસતિ 41.5 મિલિયન હતી, જેમાંથી 32 મિલિયન કામચલાઉ રહેવાસીઓ હતા. આ આશરે 7.25% છે. કેનેડા સરકાર 2028 સુધીમાં આને 5% કરતાં ઓછો કરવા માગે છે. આ જ કારણ છે કે, IRCCએ 2025 માટે સ્ટડી પરમિટ મર્યાદા વધારીને 437,000 કરી છે, જે 2024 કરતાં 10% ઓછી છે. આ મર્યાદા 2026 સુધી અમલમાં રહેશે. કેનેડાએ 2023થી જ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ શરૂ કરી દીધો હતો. કેનેડાએ 2023માં કુલ 6.81 લાખ સ્ટડી પરમિટ જારી કરી હતી. જેમાંથી 2.78 લાખ ભારતીય વિદ્યાર્થીઓ માટે હતા. 2024માં કુલ પરમિટની સંખ્યા ઘટીને 5.16 લાખ થઈ ગઈ હતી, જેમાંથી 1.88 લાખ ભારતીય વિદ્યાર્થીઓ હતા. જેને કારણે કેનેડા આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં લગભગ 40% ઘટાડો થયો છે. કેનેડા બે જૂથમાં પરમિટ આપશે. એના માટે પ્રાંતીય ચકાસણી પત્ર (PAL) અથવા પ્રાદેશિક ચકાસણી પત્ર (TAL) સબ્મિટ કરવાનો રહેશે. કેનેડા સરકારે સ્ટડી પરમિટ અરજીઓ માટે ઘણા નવા નિયમો રજૂ કર્યા છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અરજીપ્રક્રિયા વધુ કડક બની છે.

# ઈઝરાયલ સાથેના લશ્કરી વેપાર બંધ કરવા કેનેડિયન ડોક્ટરોની માંગણી

**જેરુસેલમ**

ગાઝા પટ્ટીમાં ઘાયલ પેલેસ્ટિનિયનોની સારવાર કરનારા કેનેડિયન તબીબી વ્યાવસાયિકો ઓટ્ટાવાને ઈઝરાયલ સાથેના તમામ લશ્કરી વેપાર બંધ કરવા વિનંતી કરી રહ્યા છે. ડોકટરોએ બુધવારે જણાવ્યું હતું કે, દેશમાં શસ્ત્રોની નિકાસ પર કેનેડાના વર્તમાન પ્રતિબંધો પૂરતા નથી, અને તેમણે આરોપ લગાવ્યો હતો કે કેનેડિયન કંપનીઓ હજુ પણ ગાઝામાં ઉપયોગમાં લેવાતા લશ્કરી ઘટકો બનાવી રહી છે. ઈઝરાયલ મહિનાઓથી આગ્રહ કરી રહ્યું છે કે, ગાઝામાં તેની લશ્કરી કાર્યવાહી હમાસ દ્વારા ઉભા થયેલા ખતરાને રોકવા માટે છે. યુદ્ધમાં હજારો પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને સહાય જૂથો ગાઝામાં દુષ્કાળની ચેતવણી આપે છે. ઓર્થોપેડિક સર્જન ડેઈર્ડ્રે નુનાને બુધવારે પાર્લામેન્ટ હિલ પર એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તેણીએ ગાઝાની તેમની પાંચ મુલાકાતો દરમિયાન ભયાનક ઈજાગ્રસ્ત ઘણા દર્દીઓ જોયા હતા. તેણી સાથે પત્રકાર પરિષદમાં ડોક્ટર્સ અગેઈન્સ્ટ જેનોસાઈડ જૂથના અન્ય તબીબી વ્યાવસાયિકો પણ જોડાયા હતા, જેણે બુધવારે CANSEC નામના મુખ્ય શસ્ત્ર-ઉદ્યોગ વેપાર શોમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

# યુએસનો ભાગ બને તો કેનેડાએ સંરક્ષણ યોજના માટે કાંઈ આપવુ નહીં પડશે : ટ્રમ્પ

## કેનેડા એક સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્ર હોવાની પીએમની સ્પષ્ટતા

**ટોરોન્ટો**

ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે, કેનેડાએ તેમની "ગોલ્ડન ડોમ" અવકાશ-આધારિત મિસાઈલ સંરક્ષણ યોજનાનો ભાગ બનવા માટે US $ 61 બિલિયન ચૂકવવા પડશે. પરંતુ જો તે યુએસનો ભાગ બનશે તો કંઈ ચૂકવશે નહીં.

કિંગ ચાર્લ્સ-IIIએ કેનેડાની સંસદમાં ભાષણ આપ્યાના કલાકો પછી સોશિયલ મીડિયા પોસ્ટ આવી હતી. જેમાં ખાસ કરીને કેનેડાની સાર્વભૌમત્વનો દાવો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રીય સંરક્ષણને મજબૂત બનાવવાની યોજનાઓનો સમાવેશ થતો હતો. ટ્રમ્પે સોશિયલ મીડિયામાં લખ્યું હતુ કે, મેં કેનેડાને કહ્યું, જે આપણી શાનદાર ગોલ્ડન ડોમ સિસ્ટમનો ભાગ બનવા માંગે છે, જો તેઓ એક અલગ, પરંતુ અસમાન, રાષ્ટ્ર રહે તો તેનો ખર્ચ $61 બિલિયન ડોલર થશે. પરંતુ જો તેઓ આપણું પ્રિય 51મું રાજ્ય બને તો તેણે કાંઈ આપવું નહીં પડે. જો કે, આ ઘટના અંગે કેનેડાના વડાપ્રધાન કાર્યાલયે એવું કહ્યું ન હતું કે તેમને ટ્રમ્પ તરફથી આવી "ઓફર" મળી છે. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની વાતચીત સહિત દરેક તક પર સ્પષ્ટતા કરી છે કે, કેનેડા એક સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્ર છે, અને તે એક જ રાષ્ટ્ર રહેશે,"

# ટોરોન્ટોમાં પ્રથમ સ્વદેશી સંચાલિત આવાસ પ્રોજેક્ટ વડીલોની જરૂરિયાતોને ટેકો આપશે

## 29 માશની ઈમારતમાં વરિષ્ઠ નાગરિકો માટે 294 રહેણાંક એકમો હશે

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં પ્રથમ સ્વદેશી-સંચાલિત ભાડાના આવાસ પ્રોજેક્ટ વડીલો માટે પોષણયુક્ત વાતાવરણ પૂરું પાડશે અને સાંસ્કૃતિક પરંપરાઓનું સન્માન કરશે, એમ મિસાનાબી ક્રી ફર્સ્ટ નેશનના વડાએ સોમવારે જણાવ્યું હતું.

રાષ્ટ્ર, જેની પોતાની વિકાસ કંપની છે, તે યોંગ સ્ટ્રીટ અને ડેવિસવિલે એવન્યુ નજીક 140 મેર્ટન સ્ટ્રીટ ખાતેના પ્રોજેક્ટ પાછળનું પ્રેરક બળ છે. એકવાર પૂર્ણ થયા પછી આ ઈમારત પ્રથમ શહેરની માલિકીની મિલકત હશે, જે ફક્ત સ્વદેશી સંગઠન અને બિન-લાભકારી સંસ્થા દ્વારા ભાડે લેવામાં આવશે અને સંચાલિત કરવામાં આવશે.

આ ઈમારતમાં સ્વદેશી વડીલો અને બિન-સ્વદેશી વરિષ્ઠ નાગરિકો માટે 294 રહેણાંક એકમો હશે, જેમાં આમાંથી લગભગ ત્રીજા ભાગના એકમોને સસ્તા આવાસ તરીકે નિયુક્ત કરવામાં આવશે.

ઓનલાઈન પોસ્ટ કરાયેલા શહેરના દસ્તાવેજો અનુસાર આ ઈમારત 29 માળ ઊંચી હશે. ગૌથિયરે જણાવ્યું હતું કે, તેમાં એક ઔપચારિક જગ્યા, સ્મજિંગ રૂમ અને ઈન્ડોર અને આઉટડોર કોમ્યુનલ વિસ્તારોનો સમાવેશ થશે.

# રાજ્યની 8,326 ગ્રામ પંચાયતોની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

## ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 9 જૂન 2025 રહેશે : 22 જૂને મતદાન અને 25 જૂને મતગણતરી યોજાશે

**ગાંધીનગર**

આજે ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દ્વારા રાજ્યમાં 2.5 વર્ષથી ખોરંભે મુકાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ચૂંટણી કમિશનર ડો એસ મુરલીકૃષ્ણ ચૂંટણીની જાહેરાત કરતા માહિતી આપી કે આ ચૂંટણી કાર્યક્રમમાં ચૂંટણીનું જાહેરનામું 2જી જૂન 2025ના બહાર પાડવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 9 જૂન 2025 રહેશે. 22 જૂન 2025ના રોજ મતદાન યોજાશે અને મત ગણતરી 25 જૂન 2025ના રોજ થશે.

મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ 27 મી મે 2025 ના રોજ કરવામાં આવી હતી અને આજે ચૂંટણી જાહેરાત કરવામાં આવી છે. આજથી આચારસંહિતા અમલમાં આવશે. કુલ 8326 પંચાયતોમાંથી 4688 પંચાયતોમાં (સામાન્ય/વિભાજન/મધ્યસત્ર ચૂંટણી) જ્યારે 3638 પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે.

મહત્વની વાત એ છેકે, પંચાયતોની ચૂંટણીમાં બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવશે, ઈવીએમનો ઉપયોગ થશે નહીં. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં જ 4 હજાર ગ્રામ પંચાયતમાં 3 વર્ષથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, જેમાં વધુ 1400 પંચાયતોની મુદત 30 જૂને પૂર્ણ થઈ રહી છે.

### વિસાવદરમાં ત્રણેય પક્ષોનું પાટીદાર કાર્ડ, કડીમાં કોંગ્રેસમાં ડખા

ગુજરાતના કડી અને વિસાવદર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી જાહેર થતા ભાજપ, કોંગ્રેસ અને આપ સક્રિય થયું છે. જોકે, વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીએ પાટીદાર ઉમેદવારને ટિકિટ આપી છે, ત્યારે હવે ભાજપ અને કોંગ્રેસ પણ પાટીદાર ઉમેદવારની શોધમાં છે. ટૂંકમાં ત્રણેય પક્ષોએ પાટીદાર પાસું ખેલ્યું છે. વિસાવદરમાં આપે ગોપાલ ઈટાલિયાને ચૂંટણી મેદાને ઉતાર્યા છે ત્યારે ભાજપે પૂર્વ મંત્રી જયેશ રાદડિયાને આ બેઠકના પ્રભારી બનાવી માસ્ટર સ્ટ્રોક કર્યો છે. વિસાવદરમાં કોંગ્રેસ પણ પાટીદાર ઉમેદવાર તરીકે પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને ટિકિટ આપી શકે છે. એવામાં ભાજપ પણ આપમાંથી રાજીનામું આપનારાં પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીને ચૂંટણી મેદાને ઉતારે તેવી શક્યતા જોવાઈ રહી છે. એકબાજું, કોંગ્રેસમાં જૂથવાદ અને રાજકીય ડખાં યથાવત છે. એવામાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને કડી બેઠક પર પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી પણ તેમણે ઘરાર ના પાડી દીધી છે. કડી બેઠક પર ભાજપ પૂર્વ ધારાસભ્ય હિતુ કનોડિયા પર પસંદગી ઉતારે તો પણ કોઈ નવાઈ નહીં. જ્યારે કોંગ્રેસ પણ પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકીને ટિકિટ આપે તેવી ચર્ચા છે. 30 મેના દિવસે આપના ઉમેદવાર ગોપાલ ઈટાલિયા ફોર્મ ભરશે.

# અમદાવાદમાં સગીરાનો નહાતો વીડિયો શૂટ કરનારો પાડોશી ઝબ્બે

**અમદાવાદ**

કાલુપુર પોલીસે અમદાવાદના સારંગપુર વિસ્તારમાં રહેતી એક 17 વર્ષીય સગીરાનો નહાતો વીડિયો બનાવનારા પાડોશીની ધરપકડ કરી છે. આ વ્યક્તિની ઓળખ 36 વર્ષીય દીપકકુમાર શર્મા તરીકે થઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ, આ કિશોરી તેના ઘરમાં બાથરૂમમાં નહાતી હતી, જેની છત ખુલ્લી હતી. ત્યારે તેના પાડોશી દીપક કુમાર પ્યારેલાલ શર્માએ કથિત રીતે છત પર ચઢીને તેના મોબાઈલ ફોનમાં વીડિયો રેકોર્ડ કર્યો હતો. ફરિયાદીએ પોલીસને જણાવ્યું કે, તેમણે બે દિવસ પહેલા પણ આરોપીને વીડિયો બનાવતા જોયો હતો. આ વ્યક્તિ પણ ત્યાં જ રહે છે. આ ઘટનાના દિવસે પણ સગીરા સ્નાન કરી રહી હતી, ત્યારે પાડોશી દીપક શર્માને ઉપરની છત પરથી ડોકિયું કરતો હતો. જો કે, સગીરાએ બૂમાબૂમ કરતા તે ત્યાંથી ભાગી ગયો હતો.

આ મુદ્દે સગીરાએ તુરંત જ પરિવારજનોને જાણ કરી હતી, જેથી તેમણે કાલુપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે દીપક શર્માની સારંગપુરમાં આવેલા તેના ઘરેથી ધરપકડ કરી છે.

# નારોલમાં ખાળકૂવામાં ગુંગળામણથી ત્રણના મોત

## ગુંગળામણથી કે પછી વીજ કરંટથી મોત અંગે નારોલ પોલીસે તપાસ શરુ કરી

**અમદાવાદ**




નારોલમાં પાણીની ટાંકી અને ખાળકુવામાં સમારકામ કરવા ઉતરેલા ત્રણ યુવકોના મોત નિપજ્યા હતા. જેમાં પાણીની ટાંકી અને ખાળકૂવો અડીને આવેલ હોવાથી ખાળકૂવો ભરાઈ ગયો હતો. જેથી પહેલા ભાડૂઆત યુવક પાણીની ટાંકીમાં ઉતરીને નીચેથી ખોદકામ કરીને કામ કરી રહ્યા હતા. આ સમયે ગૂંગળામણથી બેભાન થઈ ગયા હતા. જેથી આસપાસના પાડોશી બે યુવકો પણ અંદર ઉતર્યા હતા તેમને પણ ગૂંગળામણ થતા સારવાર દરમિયાન ત્રણેયના મોત થયા હતા.

નારોલ કોઝી હોટલ પાસે વૈશાલીનગર પાસે આવેલી વૃંદાવન સોસાયટીમાં ભાડે રહેતા યુવકના ઘરમાં પાણીની ટાંકી અને ખાળકુવો બાજુ બાજુમાં આવેલો હતો ખાળકૂવો વારંવાર ભરાઈ જતો હતો અને બાજુમાં પાણીની બંધ પડેલી ટાંકી આવેલી હતી. ખાળકુવા પાસે પાણીની ટાંકીની દિવાલ હોવાથી ત્યાં સમારકામ કરી રહ્યા હતા જ્યાં બબ્લ પણ ચાલું હતો. આ સમયે ગૂંગળામણથી બેભાન થઈ ગયા હતા. તેઓ ઘણો સમય થવા છતા બહાર ના આવતા તેમના પાડોશમાં રહેતા બે યુવકો અંદર ઉતર્યા હતા ત્રણેય બહાર ના આવતા આસપાસના લોકોએ ફાયરને જાણ કરતા ફાયરના કર્મટચારીઓએ રેસ્ક્યુ કરીને બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ત્રણેયના મોત થયા હતા. નારોલ પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે પીએમ બાદ ગુંગળામણથી કે પછી કરંટથી મોત તે સ્પષ્ટ થશે.

# સોન-અસલી હીરાનાના ભાવ આસમાને પહોચતાં લેબગ્રોન ડાયમંડની ડિમાન્ડ વધી

## સોનાના દસ ગ્રામના ભાવ રૂ. 99000ની આસપાસના થતાં વેપારી લેબગ્રોન ડાયમંડ તરફ વળ્યા

**અમદાવાદ**

નેચરલ ડાયમંડના ભાવ સાતમે આસમાને પહોંચી ગયા હોવાથી લોકો ઝડપથી લેબોરેટરીમાં બનાવવામાં આવતા ડાયમંડની ખરીદી તરફ વળી રહ્યા છે. અસલી હીરાની ચમક લેબ્રોન ડાયમંડમાં પણ જોવા મળી રહી હોવાથી અનેલેબગ્રોન ડાયમંડના ભાવે ૭૦થી ૯૦ ટકા નીચે હોવાથી લોકો લેબગ્રોન ડાયમંડની ખરીદી તરફ વળી રહ્યા છે.પૃથ્વીના પેટાળમાં ડાયમંડ બનવાની થતી પ્રક્રિયા લેબોરેટરીમાં કરીને લેબગ્રોન ડાયમંડ તૈયારક રવામાં આવી રહ્યા છે.

લેબોરેટરીમાં બનતા ડાયમંડ પરવડે તેવા અને વિવિધતાભર્યા હોવાથી ગ્રાહકોને તે ગમવા માંડયા છે. એક જમાનામાં જે મધ્યમ વર્ગ અસલી હીરોનો વિચાર પણ કરતાં નહોતા તે મધ્યમ વર્ગના લોકો પણ હવે લેબોરેટરીમાં બનતા હીરાના દાગીના લેતા થઈ ગયા છે. આમ હીરાના બજારમાં માત્ર ઉચ્ચ વર્ગની ઈજારાશાહી હતી તે ડાયમંડની ખરીદી કરવા મધ્યમ વર્ગ પણ લાગી ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ લેબગ્રોન ડાયમંડની વિદેશી મહાનુભાવોને ભટ આપતા થયા હોવાથી પણ લેબગ્રોન ડાયમંડની ડિમાન્ડ વધી રહી છે.

લેબગ્રોન ડાયમંડના ભાવ અસલી ડાયમંડની તુલનાએ ૮૦થી ૯૦ ટકા ઓછા હોવાથી ડાયમંડની ડિમાન્ડ વધી રહી છે. પરંતુ તેના થકી થતી આવકમાં ઘટાડો થઈ રહ્યો છે, એમ સુરતના ડાયમંડ ડિલર્સના એસોસિયેસનના પૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયાનું કહેવું છે.

# બાંગ્લાદેશી નાગરિક નકલી ભારતીય પાસપોર્ટથી કુવૈત સુધી પહોંચી ગયો

## બનાવટી ડોક્યુમેન્ટસના આધારે ભારતીય પાસપોર્ટ મેળવ્યો

**અમદાવાદ**

પશ્ચિમ બંગાળમાં સ્થાયી થયેલો મુળ બાંગ્લાદેશનો એક યુવકે નકલી પાસપોર્ટ બનાવડાવીને કુવૈત કમાણી કરવા પહોંચી ગયો હતો. સાત વર્ષ પછી વતન બાંગ્લાદેશ જઈ લગ્ન કર્યા અને પરત કુવૈત જઈ રહ્યો હતો તે દરમિયાન ઈમિગ્રેશન ચેકીંગમાં શંકા જતાં બનાવટી પાસપોર્ટનો ભંડાફોડ થયો હતો. એસ.ઓ.જી.એ ગુનો નોંધીને બનાવટી ભારતીય પાસપોર્ટથી અરબ કન્ટ્રીઝમાં કમાણીના કારસ્તાન ચલાવતા એજન્ટ અંગે ઊંડી તપાસ શરૂ કરી છે.

એસ.ઓ.જી.ના પી.આઈ. પી.વી. દેસાઈએ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના ગુપ્તીપુરા વિસ્તારની રામનગર કોલોનીમાં રહેતા 30 વર્ષના બિપ્લોબ નિહારરંજન હલદાર તેમજ હુગલીના છપન નામના એજન્ટ સામે બનાવટી ડોક્યુમેન્ટસના આધારે ભારતીય પાસપોર્ટ મેળવ્યા અંગે ગુના નોંધાવ્યો છે. ફરિયાદ અનુસાર, ગત તા. 23ના રોજ અમદાવાદ એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન અધિકારીને કુવૈત જતી ફ્લાઈટના ઈમિગ્રેશન ચેકીંગ દરમિયાન બિપ્લોબ હલદારના ભારતીય પાસપોર્ટમાં શંકાસ્પદ બાબતોની ઊંડી તપાસ હાથ ધરાઈ હતી.

# હરિદ્વાર યાત્રાએ ગયેલા વડોદરા-તરસાલીના આધેડ વ્યક્તિનું મોત નીપજ્યું

**વડોદરા**

તરસાલી મારૂતિ ધામમાં રહેતા ૬૦ વર્ષના રમેશ શિવલાલ ઠક્કરની ઈચ્છા હરિદ્વાર જઈ ગંગા સ્નાન કરવાની હતી. તેથી તેઓ હરિદ્વાર ગયા હતા. ગંગાઘાટે આરતી કર્યા પછી ૨૭મી તારીખે રાત્રે ૧૧:૩૦ વાગ્યે હરિદ્વારના બજારમાં રિક્ષામાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે અચાનક બેહોશ થઈ ગયા હતા. રિક્ષા ચાલક તેમને કનખલ વિસ્તારમાં આવેલી રામકૃષ્ણ મિશન સેવાશ્રમ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

તેમના મૃત્યુની જાણ પરિવારજનોને કરતા હરિદ્વાર પહોંચી મૃતદેહને લાવવામાં આવ્યો હતો અને સયાજી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો.

# રામોલમાં પ્રેમસંબંધ રાખવાની ના પાડનાર પરીણિતાની હત્યા, બંને આરોપીની અટકાયત

**અમદાવાદ**

વરસ્ત્રાલમાં હર ભોળેનાથ સોસાયટીમાં મંગળવારે અશોક પટેલે અંકિતા પ્રજાપતિ નામની મહિલાની તેના જ ઘરમાં ઘૂસી છરીના ઘા મારી હત્યા કરી દીધી હતી. મૃતક મહિલાનો આરોપી અશોક પટેલ સાથે પ્રેમસંબંધ હતો. જેના કારણે બંનેના પરિવાર વચ્ચે પણ અગાઉ માથાકૂટ થયેલી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર, મૃતક મહિલાના પતિએ જણાવ્યું કે, અમે જ્યાં પહેલાં રહેતા હતાં, ત્યાં બંનેનો સંપર્ક થયો હતો અને બંને વચ્ચે ઘણાં બંનેનો પ્રેમ સંબંધ હતો. જોકે, આ વિશે જાણ થતાં અમે ઘર બદલીને વસ્ત્રાલ આવી ગયા હતાં. જોકે, ત્યારબાદ પણ બંને વચ્ચે સંપર્ક હતો. આરોપી અશોક પટેલ મારી પત્નીને જબરદસ્તી ફોન ઉપર વાત કરવા દબાણ કરતો અને જો તે એવું ન કરે તો છોકરાઓને ઉપાડી જવા તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. આરોપી અવાર-નવાર મારી પત્ની તેમજ મારી સાથે મારપીટ અને બોલાચાલીથી ઝઘડો કરતો હતો. જોકે, મારી પત્નીને તેની સાથે કોઈ સંબંધ નહતો રાખવો તેથી તેની અદાવત રાખીને મંગળવારે પત્નીની હત્યા કરી દેવામાં આવી હતી. આ કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે.

# 4 મહિનાની બાળકીને ફાડી ખાનારા ડોગ રોટવિલરનું પણ મોત, ટીક ફીવર થયું હતું

**અમદાવાદ**

હાથીજણ વિસ્તારમાં ચાર મહીનાની બાળકી ઉપર હુમલો કરી ફાડી ખાનારા રોટવિલર ડોગને ટીક ફીવર હોવાનુ જાણવા મળતા તેને બોડકદેવ ખાતે આવેલી વેટરનરી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.જયાં મંગળવારે મધરાતે તેનુ મોત થતા ગ્યાસપુર ખાતે કાર્કસ ડેપોની જગ્યામાં ઉડો ખાડો કરી તેને દાટીને અંતિમ સંસ્કાર કરાયા હતા.

રાધે રેસિડેન્સીના ફ્લેટ નંબર એ-202મા રહેતા દીલીપ પટેલના રોકી નામના પેટ ડોગ રોટ વિલર દ્વારા બાળકી ઉપર હુમલો કરવાની ઘટના પછી 13 મેના રોજ આ પેટડોગને દાણીલીમડા ખાતે આવેલા ડોગ રેસ્કયુ વેલ્ફેર સેન્ટર ખાતે ખસેડાયો હતો.

# રાજકોટમાં કટર અને વેલ્ડીંગ મશીનથી તિજોરી કાપી ૬૦ લાખના હીરા ચોર્યા

**રાજકોટ**

રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કોઠારીયા રિંગ રોડ પર ખોડીયાર ડાયમંડ નામના કારખાનામાં ૧૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ રાત્રિના સમયે અજાણ્યા વ્યક્તિ દ્વારા કારખાનામાં ગેરકાયદેસર પ્રવેશ કરીને રૂપિયા ૬૦ લાખથી વધુના કિંમતના ૧૧૬૫૫ નંગ કાચા હીરાની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો હતો. ત્યારે સમગ્ર મામલે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સુરત ખાતેથી ૩૪ વર્ષીય અજય નાયકા નામના વ્યક્તિને ઝડપી પાડયો હોવાનું સામે આવ્યું છે. આરોપી પાસેથી ચોરી કરેલા તમામ હીરા સહિતના કુલ ૬૧ લાખથી પણ વધુની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ડીસીપી ક્રાઈમ ડોક્ટર પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું છે કે, બનાવ સંદર્ભે ૧૧ તારીખના રોજ ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તસ્કરોએ જે પ્રકારની મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. આ પ્રકારની મોડસ ઓપરેન્ડી દ્વારા અજય નાયકા નામનો ગુનાહિત ઈતિહાસ ધરાવનાર આરોપી ઉપયોગ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. જે અંતર્ગત સસ્પેક્ટ અજય નાયકાને સુરત ખાતેથી રાઉન્ડ અપ કરીને તેની પૂછપરછ કરતાં તેણે પોતે ગુનાની કબૂલાત આપી હતી. તેમજ રાજકોટમાં તેણે ચોરી કરેલા હીરા સહિતની વસ્તુઓ છુપાવીને રાખી હતી તે જગ્યા પણ પોલીસને બતાવતા પોલીસ દ્વારા ૧૦૦% મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. ચોરીની આ ઘટનામાં કટર અને વેલ્ડિંગ મશીનથી તિજોરી કાપી નાંખવામાં આવી હતી.

# મોરબીમાં બિલ્ડર પુત્રએ લેણદારોથી બચવા પોતાના પર કરાવ્યું ફાયરિંગ

### આરોપી પાસેથી 1 લાખ 10 હજાર રોકડા, પિસ્તોલ કબજે

**મોરબી**

મોરબીના બિલ્ડર પુત્રએ લેણદારોથી બચવા પોતેજ ફાયરિંગ કરાવ્યું હોવાની વિગત બહાર આવી છે. આ મામલે બે શખ્સ પકડાયા છે. તેમણે કહ્યું હતું કે, ધંધામાં દેણું વધી જતાં પોતાનાં પર ફાયરીંગ કરાવવાની સોપારી આપી હતી. માળિયાના મોટાં દહિસરા ગામનાં રેલવે ફાટક પાસે ૨૧ તારીખે બનાવ બન્યો હતો. તરુણ હંસરાજભાઈ ગામીએ દેણું વધી જતાં ૩ લાખમાં પોતાનાં પર ફાયરીંગની સોપારી આપી હતી. આરોપી પરેશ ઉઘરેજા અને મકસુદ મહંમદભાઈ નકુમની ધરપકડ કરી છે. મોરબી એલસીબી પોલીસે મકસુદ મહંમદભાઈ નકુમ પાસેથી ૧ લાખ ૧૦ હજાર રોકડા, પિસ્તોલ સહિત ત્રણ મોબાઈલ કબજે કર્યા છે. ૨૧ મેના રોજ મોરબીમાં મોટા દહીસર પાસે મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ બિલ્ડરના પુત્ર તરુણ ગામી પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરતાં ચકચાર મચી જવા પામ્યો હતો. આ ઘટનામાં તરુણ ગામીને ત્રણ ગોળી વાગતાં તે ઈજાગ્રસ્ત થયો હતો.

# ગુજરાત રાજ્યમાં કોરોના સંક્રમિતોનો આંકડો વધીને ૧૦૦ ઉપર પહોંચી ગયો

**ગાંધીનગર**

રાજ્યમાં કોરોના કેસો ધીરેધીરે બેવડી સદી તરફ આગળ વધી રહ્યાં છે, રાજકોટમાં પણ કોરોના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરમાં એક જ દિવસમાં ૬ કેસ સામે આવતા અને તેમાં ૬ માસનું એક બાળક પણ સંક્રમિત થતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. આ ઉપરાંત ભાવનગરમાં કોરોનાના વધુ બે કેસ તેમજ જામનગર અને જૂનાગઢમાં એક-એક કેસ સામે આવ્યાં છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. એક પછી એક શહેરમાંથી કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદ, સુરત બાદ ફરી એકવાર રાજકોટમાં જ કોરોનાના કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. રાજકોટમાં નોંધાયેલા ૬ કેસોમાં રામપાર્કમાં ૨૫ વર્ષીય મહિલા, સદગુરુનગરમાં ૬ માસનું બાળક તેમજ ૩૨ વર્ષીય પુરુષ, બસ સ્ટેશન પાસેના વિસ્તારમાં ૨૬ વર્ષીય પુરુષ, જીવરાજ પાર્કમાં ૬૭ વર્ષીય પુરુષ તેમજ મંગલ પાર્કમાં ૨૬ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. આ તમામ દર્દીઓ હાલ આઈસોલેશનમાં છે.

# મહારાષ્ટ્રમાં ગુજરાતની કાર ખીણમાં ખાબકતાં દેડિયાપાડાના 3ના મોત, 5 લોકો ઈજાગ્રસ્ત

**નંદુરબાર**

નંદુરબાર જિલ્લામાં ગુજરાતીઓની કારને ગંભીર અકસ્માત નડ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં કાર ખીણમાં ખાબકતાં કારમાં સવાર દેડિયાપાડાના 8 વ્યક્તિઓમાંથી 3ના મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય 5 લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ગુજરાતના દેડિયાપાડા તાલુકાના કોલીવાડા, કંકાલા અને પાનસર ગામના 8 લોકો ઈકો કારમાં મહારાષ્ટ્રના મોલગી વિસ્તારમાં ભજન કાર્યક્રમમાં ગયા હતા. ગુજરાતીઓ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ગત 22 મે, 2025ના રોજ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના મોલગી વિસ્તાર નજીક કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર જંગલની ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ઘટનામાં દેડિયાપાડાના



પાનસરના ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકોમાં મોહનભાઈ બામણીયા વસાવા (ઉ.વ. 39, પાનસર), જીવણદાસ સૂરદાસ વસાવા (ઉ.વ. 40, કંકાલા), સુભાષભાઈ ફુલજીભાઈ (ઉ.વ. 48, રૂપઘાટ, નેત્રંગ)નો સમાવેશ થાય છે.

# ધોલેરામાં દેશી દારૂ પીધા બાદ બેના શંકાસ્પદ મોત, કોંગ્રેસે લઠ્ઠાકાંડની આશંકા વ્યક્ત કરી

### પોલીસ દ્વારા મામલો દબાવવાના પ્રયાસ થઈ રહ્યાનો કોંગ્રેસનો આક્ષેપ

**ધોલેરા**

ધોલેરામાં દેશી દારૂ પીવાના લીધે બે લોકોના શંકાસ્પદ મોત થતાં ચકચાર મચી છે. મૃતકોએ જે સ્થાનેથી દારૂ લઈને પીધો હતો, ત્યાંથી અન્ય ૨૦ જેટલા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે, અને સાવચેતીના ભાગરૂપે તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસ અને આરોગ્ય વિભાગ દ્વારા આગળની કાર્યવાહી ચાલી રહી છે. આ મામલે ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને લઠ્ઠાકાંડની આશંકા વ્યક્ત કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે, 'ધોલેરામાં લઠ્ઠાકાંડ થયો છે અને મજૂરોના મૃત્યુ થયા છે, પરંતુ પોલીસ દ્વારા સમગ્ર મામલો દબાવી દેવાની કોશિશ થઈ રહી છે તેવા કેટલાક ફોન મારા ઉપર આવ્યા છે. મુખ્યમંત્રી, આપ યોગ્ય તપાસ કરાવશો જેથી સત્ય બહાર આવે અને સારવારના અભાવે વધુ ગરીબોના મૃત્યુ ન થાય.'

ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષે અન્ય એક ટ્વિટ કરીને સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'અમદાવાદના ડીએસપીનો મારા ઉપર ફોન આવ્યો છે કે ધોલેરામાં દેશી દારૂ ખૂબ જ પીવાના કારણે બે વ્યક્તિના મૃત્યુ થયા છે. જે બુટલેગરના ત્યાંથી મૃતકોએ દારૂ પીધો હતો, તે જ જગ્યાએથી બીજા જે લોકોએ દારૂ પીધો હતો તેઓને પ્રિકોશનના ભાગરૂપે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ જાતે જ ગુનાની ઉપર નજર રાખી રહ્યા છે,

# અમદાવાદમાં 52.5 લાખના MD ડ્રગ્સ સાથે એક મહિલા સહિત બેની ધરપકડ

**અમદાવાદ**

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પોલીસે રવિવારે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી મોટી માત્રામાં એમડી ડ્રગ્સ સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. બાતમીના આધારે પોલીસે પ્રતિબંધિત માદક દ્રવ્યનો 525 ગ્રામ જથ્થો જપ્ત કર્યો છે, જેની અંદાજિત બજાર કિંમત 52.5 લાખ છે. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ અજય પ્રજાપતિ (રતલામ, મધ્યપ્રદેશનો રહેવાસી) અને આનંદી ડામર (ગંગાસાગર, મધ્યપ્રદેશની રહેવાસી) તરીકે થઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ માદક દ્રવ્ય કથિત રીતે મંદસૌરથી કાલુ નામના વ્યક્તિ દ્વારા મોકલવામાં આવ્યું હતું અને તે અમદાવાદના વટવા સ્થિત શાહરૂખ નામના વ્યક્તિને પહોંચાડવાનું હતું. બાતમીના આધારે પોલીસની ટીમ ઘટનાસ્થળ પહોંચી હતી અને મધ્ય પ્રદેશના રતલામથી ડ્રગ્સ આપવા માટે આવેલા અજય અને આનંદીને આવતાની સાથે જ રોકી લીધા હતા. અજયના કબજામાંથી બે પેકેટ મેફેડ્રોન ભરેલી બેગ મળી આવી હતી, જ્યારે આનંદીના કાળા લેડીઝ પર્સમાંથી ડ્રગનું બીજું એક પેકેટ મળી આવ્યું હતું. તલાશી દરમિયાન પોલીસે અજય પાસેથી મોબાઈલ ફોન, ઓળખ કાર્ડ, ટ્રેનની ટિકિટો અને 2,320 રોકડા પણ જપ્ત કર્યા હતા.

# ભાવનગર ખાતે જૂની અદાવતમાં મહિલા પોલીસકર્મીના પુત્રની હત્યા

### કાર લેવા ગયેલા યુવાન પર બે શખ્સોનો છરી વડે હુમલો

**ભાવનગર**

ભાવનગરમાં ધોળાદિવસે મહિલા પોલીસકર્મીના પુત્રની હત્યા કરી નખાઈ છે. પંચવટી ચોકથી ઘોઘા જકાત તરફના રસ્તા પર બે અજાણ્યા શખસોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી પોલીસપુત્રની હત્યા કરી ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન ઘટનાસ્થળે માતાએ આક્રંદ મચાવ્યું હતું. મળતી માહિતી મુજબ, શહેરના ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા રેખાબેન આહીરનો પુત્ર કેવલ દિલીપભાઈ આહીર તેના મિત્ર સાથે પંચવટી ચોકથી ઘોઘા જકાત જવાના રસ્તા પર સર્વિસમાં મુકેલી કાર લેવા ગયો હતો. તે દરમિયાન બે શખસોએ કેવલ પર છરી વડે આડેધડ હુમલો કરી તેની હત્યા કરી નાખી અને ત્યાંથી ફરાર થઈ ગયા. આ હત્યા પાછળ જૂની અદાવત કારણભૂત હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

# રાજકોટ એરપોર્ટ ઉપર ટેક્નિકલ ખામી સર્જાતા ભારે અંધાધૂંધી, ફ્લાઈટ ડાયવર્ટ

### ઈન્ડિગોની ફ્લાઈટને લેન્ડિંગની મંજૂરી ન મળતા વડોદરા ડાયવર્ટ કરાઈ

**રાજકોટ**

રાજકોટ એરપોર્ટ પર ગુરુવારે સવારે ઈલેક્ટ્રોનિક ચેક-ઈન સિસ્ટમ ખોટકાઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અનેક મુસાફરો એરપોર્ટમાં ફસાઈ જતાં હોબાળો થયો હતો. આ ટેકનિકલ ખામીના કારણે મુંબઈથી રાજકોટ આવતી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ ૫૩૨૧ને વડોદરા ડાયવર્ટ કરવી પડી હતી. રનવે પર ઉતરવાની મંજૂરી ન મળતા આ ફ્લાઈટને વડોદરા વાળવામાં આવી હતી.બીજી તરફ, એરપોર્ટ પર આટલી મોટી સમસ્યા સર્જાઈ હોવા છતાં, એરપોર્ટ ડાયરેક્ટર બોહરા સહિતના અધિકારીઓએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા અને મુસાફરોને કોઈ માહિતી ન આપતા તેઓ હેરાન થયા હતા. ઈન્ડિગો એરલાઈન્સના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, એરપોર્ટ પર ઓપરેશનલ ઈશ્યુના કારણે ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ કરાઈ હતી, જ્યારે અમુક સૂત્રોએ ફ્યુઅલનો ઈશ્યુ હોવાનું જણાવ્યું હતું. ઈન્ડિગોના જવાબદાર અધિકારીઓ પણ અલગ અલગ કારણો આપી રહ્યા હતા. જોકે, દોઢ કલાક બાદ વડોદરા ડાયવર્ટ કરાયેલી ફ્લાઈટ ફરી રાજકોટ પરત લવાઈ હતી.આ પહેલા આજે સવારે પણ એર ઈન્ડિયાની ચેક-ઈન સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. પરિણામે ચેક-ઈનની પ્રક્રિયા મેન્યુઅલી કરવી પડતા મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી.

# દેવું વધી જતા હરિયાણામાં પરિવારના 7 સભ્યોની આત્મહત્યા

## પંચકુલામાં બાગેશ્વર ધામમાં કથા સાંભળ્યા પછી પરિવાર કારમાં પરત ફરી રહ્યો હતો ત્યારે જીવન સફરનો અંત આણવા ઝેર ખાધું

**ચંડીગઢ**

હરિયાણાના પંચકુલામાં ત્રણ બાળકો સહિત એક જ પરિવારના છ સભ્યો કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતાં જ્યારે અન્ય એક વ્યકિતનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું હતું તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

પોલીસને મૃતકોની ઓળખ ૪૧ વર્ષીય પ્રવીણ મિત્તલ, તેમંના પત્ની,દંપતિના ત્રણ બાળકો તથા તેમના માતા પિતા તરીકે કરવામાં આવી છે. દેવાના બોજમાં દબાયેલા એક જ પરિવારના સાત સભ્યોએ ઝેર ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.



તપાસમાં જાણવા મળ્યું છે કે પરિવાર દહેરાદૂનનો રહેવાસી હતો અને પંચકુલામાં બાગેશ્વર ધામમાં હનુમંત કથા સાંભળવા માટે આવ્યું હતું. કથા સાંભળ્યા પછી પરિવાર કારમાં પરત ફરી રહ્યું હતું ત્યારે તમામ સભ્યોએ રસ્તામાં ઝેર ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

રાતે ૧૧ વાગ્યે પોલીસને માહિતી મળી કે સેક્ટર-૨૭માં મકાન નંબર ૧૨૦૪ની બહાર ઉભેલી એક કારમાં કેટલાક લોકો ગંભીર સ્થિતિમાં છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી તો કારમાંથી છ મૃતદેહો મળી આવ્યા હતાં અને એકની સ્થિતિ ગંભીર હતીજો કે હોસ્પિટલ લઈ જતી વખતે તેનું પણ મોત થયું હતું.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પરિવારના નજીકના લોકોએ કહ્યું છે કે પરિવાર મોટી રકમનું દેવું હતું. પ્રવીણ મિત્તલે તાજેતરમાં દેહરાદૂનમાં ટૂર એન્ડ ટ્રાવેલ્સ કંપનીનો વ્યવસાય શરૂ કર્યો હતો જેમાં તેમને ભારે નુકસાન થયું હતું. આર્થિક તંગીને કારણે પરિવારે આ દુઃખદ પગલું ભર્યુ હતું. પોલીસના જણાવ્યા અનુસાર તેને ઘટના સ્થળેથી સુસાઈડ નોટ પણ મળી આવી છે.

આ ઘટનાના સાક્ષી અને સ્થાનિક રહેવાસી પુનિત રાણાએ જણાવ્યું હતું કે તેણે કારમાં છ લોકોને ઢળી પડેલા જોયા હતાં અને તેમના મોંમાંથી ફીણ નીકળી રહી હતી. તે સમયે પ્રવીણ મિત્તલ જીવિત હતાં અને મિત્તલે રાણાને જણાવ્યું હતું કે પરિવાર તમામ સભ્યોએ ઝેર પી આત્મહત્યા કરી લીધી છે અને હું પણ પાંચ મિનિટમાં મૃત્યુ પામીશ.આટલું કહી મિત્તલ પણ ઢળી પડયા હતાં.

લુધિયાણામાં રહેતા પ્રવીણ મિત્તલના પિતરાઈ ભાઈ સંદીપ અગ્રવાલે જણાવ્યું હતું કે એક સમયે મિત્તલને ૧૫ થી ૨૦ કરોડ રૂપિયાનું દેવું હતું. જો કે આ જૂની વાત છે અને બેંકોએ આ દેવું સેટલ કરવા અનેક વસ્તુઓ જપ્ત કરી હતી.

# એકપણ પ્રોજેક્ટ સમયસર પૂરો નથી થતો : ચીફ માર્શલ અમર પ્રીત સિંહ

## વાયુસેના પ્રમુખે રાજનાથ સિંહની હાજરીમાં જ નારાજગી વ્યક્ત કરી

**નવી દિલ્હી**

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે ગુરુવારે દિલ્હીમાં આયોજિતCII વાર્ષિક વ્યાપાર સમિટને સંબોધતા ભારતની સંરક્ષણ ખરીદીમાં જવાબદારી અને તત્પરતાની માંગ કરી છે. મુખ્ય સંરક્ષણ ખરીદી પ્રોજેક્ટ્સમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે કરાર પર હસ્તાક્ષર કરતી વખતે આપણે જાણીએ છીએ કે આ સિસ્ટમો ક્યારેય આવશે નહીં. એર ચીફ માર્શલે નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે સમયરેખા એક મોટો મુદ્દો છે. એક પણ પ્રોજેક્ટ ક્યારેય સમયસર પૂર્ણ થયો નથી. તેમણે કહ્યું કે જ્યારે કોઈ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થતો નથી, તો પછી દર વખતે વચનો શા માટે આપવામાં આવે છે? તેમણે સંરક્ષણ પ્રણાલીઓમાં વિલંબના ઘણા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો, ખાસ કરીને સ્વદેશી પ્રોજેક્ટ્સમાં વિલંબના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો.

# દેશના 17 રાજ્યમાં ચોમાસાની એન્ટ્રી, વરસાદથી મુંબઈ જળબંબાકાર, રાજસ્થાનમાં બેવડી ઋતુ

**મુંબઈ**

દેશમાં 17 રાજ્યોમાં ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે. બુધવારે ચોમાસું સમયથી 12 દિવસ પહેલા છત્તીસગઢ અને 13 દિવસ પહેલા ઓડિશા પહોચ્યું છે. બંન્ને રાજ્યોના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ થયો છે. મુંબઈ ઠાણે, પાલઘર, રાયખઢમાં આજે ભારે વરસાદ થઈ રહ્યો છે. અહીં વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બદલાપુર, ઉલ્હાસનગર, કલ્યાણ, ડોમ્બિવલી અને થાણેના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.



રાજસ્થાનમાં હવામાનના ત્રણ રુપ જોવા મળી રહ્યા છે. બુંદી જિલ્લામાં તીવ્ર ગરમી પડી રહી છે. અહીં ગામમાં એક વૃદ્ધ મહિલાનું મૃત્યુ થયું છે. તપાસમાં જાણવા મળ્યું કે, આ મૃત્યુ હીટવેવને કારણે મોત થયું છે. ઉદયપુર, ચિત્તોડગઢ-ભીલવાડામાં વરસાદ ચાલુ છે. જેસલમેરમાં સવારથી આંધી- તોફાન છે.

# ઝારખંડમાં નક્સલવાદીઓ બોમ્બ બનાવવામાં વપરાતા જિલેટીનના 200 બોક્સ લૂંટી ફરાર

## પોલીસને મળેલી ટ્રકમાંથી જિલટીન ગાયબ હતું, ઝારખંડ-ઓડિશા પોલીસ એલર્ટ

**રાંચી**

ઝારખંડના સારંડાના જંગલમાં નકસલીઓએ 200 પેટી જિલેટિનની લૂંટ કરી છે. જિલેટિન લૂંટવાની આ ઘટના ઝારખંડ સરકાર માટે પડકાર રુપ બની છે. કારણ કે, નકસલીઓ આ જિલેટિનનો ઉપયોગ મોટા વિસ્ફોટક બોમ્બ બનાવવામાં કરે છે.

એક બાજુ છત્તીસગઢના બસ્તર જિલ્લાને નક્સલ મુક્ત જાહેર કરવામાં આવ્યો છે, તો બીજી બાજુ ઝારખંડમાં નક્સલીઓએ એક મોટી ઘટનાને અંજામ આપ્યો છે. રાજ્યના સારંડા જંગલમાં 27 મે 2025 ના રોજ નક્સલીઓએ પથ્થરની ખાણ તરફ જઈ રહેલા એક ટ્રકને લૂંટી હતી. જેમાં જિલેટીનના 200 બોક્સ (વિસ્ફોટક સામગ્રી) હતા. પોલીસને એક ખાલી ટ્રક મળી જ્યારે તેમાથી જિલેટીન ગાયબ હતું. આ ઘટના કેબલંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી, એ પછી ઝારખંડ અને ઓડિશા પોલીસ હાઈ એલર્ટમાં આવી ગઈ છે.

જિલેટીન એક ખતરનાક વિસ્ફોટક છે. તેનો ઉપયોગ ખાણકામમાં પથ્થરો તોડવા માટે કરવામાં આવે છે. જ્યારે નક્સલીઓ તેનો ઉપયોગ હુમલા માટે કરે છે. ઉલ્લેખનીય છે કે, નકસલીઓએ આટલા મોટા પ્રમાણમાં જિલેટિનની લૂંટ કરતાં સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો છે, કારણ કે સારંડા જંગલ લાંબા સમયથી નક્સલીઓનો ગઢ રહ્યું છે. હવે તેમની પાસે મોટી માત્રામાં જિલેટીન પણ આવી ગયું છે.

# નેવીની 2 મહિલા ઓફિસર વિશ્વની દરિયાઈ પરિક્રમા કરીને પરત ફરી

**ભારતીય**

ભારતીય નેવીની બે મહિલા અધિકારીઓ, લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા એ. અને લેફ્ટનન્ટ કમાન્ડર દિલના કે. એ દુનિયાની દરિયાઈ પરિક્રમા પૂરી કરી લીધી છે. તેમણે નેવીની સેલિંગ બોટ INSV તારિણી પર માત્ર સેલ અને પવનની મદદથી આ પરિક્રમા પૂરી કરી છે. આ યાત્રા 02 ઓક્ટોબર 2024ના રોજ ગોવાથી શરૂ થઈ હતી. ત્યારે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તેમના આગમન પર તેમનું સન્માન કર્યું છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગોવાના મોર્મુગાઓ પોર્ટ ખાતે એક ખાસ સમારોહમાં તેમનું સ્વાગત કર્યું છે.



તેમણે કહ્યું, 'આ ઐતિહાસિક સિદ્ધિ માટે હું તમને બંનેને અભિનંદન આપું છું. તમે જે કરિશ્માઈ કામ કર્યું છે તે તમારી સાથે સમગ્ર દેશની સિદ્ધિ છે.' આ મુસાફરીનો હેતુ દુનિયાને બતાવવાનો હતો કે ભારત સમુદ્રમાં કેટલું સક્ષમ છે. આપણી મહિલાઓ કોઈપણ પડકારનો સામનો કરી શકે છે. આ મિશનનું સૂત્ર હતું: 'સાહસી દિલ, અસીમ સમંદર'.

# રેકોર્ડ : 28 દિવસમાં 6.5 લાખ શ્રદ્ધાળુએ કેદારનાથના દર્શન કર્યા

**દહેરાદુન**

કેદારનાથ યાત્રા માટે તમામ ભક્તો ઉત્સાહીત હોય છે. ત્યારે આ વર્ષે આ યાત્રામાં અનોખા રેકોર્ડ નોંધાઈ રહ્યા છે. કેદારનાથ યાત્રા અક્ષય તૃત્તિયાથી શરૂ કરવામાં આવે છે. ત્યારે માત્ર 28 દિવસમાં જ યાત્રા દરમિયાન નવો કિર્તીમાન સ્થાપિત કરાયો છે. આ યાત્રામાં 28 દિવસમાં 6.5 લાખ એટલે કે સાડા છ લાખ શ્રદ્ધાળુઓએ ભોલે બાબાના દર્શન કર્યા છે. ભક્તોની રોજની સંખ્યા પર નજર કરીએ તો 25 હજાર જેટલા લોકો કેદારનાથ ધામમાં બાબાના દર્શન કરી રહ્યા છે. કેદારનાથ યાત્રામાં ભક્તોને કોઈ સમસ્યા નહી પડે તે માટે અગાઉથી જ તંત્રે તમામ પગલાઓ લીધા છે. કેદારનાથ યાત્રામાં ટોકન પદ્ધતિ કરવામાં આવી છે. જેનાથી ભક્તો દર્શન કરી શકે છે. આ યાત્રા દરમિયાન તમામ પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી રહી છે. 28 દિવસમાં સાડા છ લાખ ભક્તોના દર્શને નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે.

# ઓપરેશન શિલ્ડ : ગુજરાત સહિતના રાજ્યોમાં 31 મેએ મોકડ્રીલ યોજાશે

## નાગરિકોને સેલ્ફ ડિફેન્સ માટે માર્ગદર્શન અપાશે

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરના પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. આ દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિને લઈને ગુજરાત સહિત દેશના અનેક જિલ્લામાં મોક ડ્રીલ થઈ હતી. જ્યારે સરહદ પર સીઝફાયર બાદ સિવિલ ડિફેન્સે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ફરી મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કર્યો છે. મોક ડ્રીલભારત સરકારના આદેશ હેઠળ ગુજરાત સહિત 5 રાજ્યોમાં આગામી 31 મે ના રોજ નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરાશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં મોક ડ્રીલનું આયોજન થશે. પાકિસ્તાન સરહદથી જોડાયેલા ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંડીગઢ અને જમ્મુ કાશ્મીરમાં 'ઓપરેશન શિલ્ડ' મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કરાયો છે.

# ભારતમાં ૨૪ કરોડ મુસ્લિમ સુખ-શાંતિથી રહે છે : ઓવૈસી

**જમ્મુ કાશ્મીર**

ઘણા નેતાઓ ઓપરેશન સિંદૂર અને આતંકવાદ પર ભારતનો સ્ટેન્ડ વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે વિવિધ દેશોમાં ગયા છે. જેમાં ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયા પહોંચ્યું. જ્યાં રિયાધમાં AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ ભારત પર પાકિસ્તાનના હુમલા વિષે વાત કરી હતી આ સાથે મુસ્લિમો ભારતમાં કેવી રીતે રહે છે તે અંગે પણ વાત કરી હતી. સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ રિયાધમાં કહ્યું, *આ ખૂબ જ દુઃખદ છે કે પાકિસ્તાન મુસ્લિમ દેશો અને વિશ્વને સંદેશ આપે છે કે પાકિસ્તાન એક મુસ્લિમ દેશ છે અને ભારત નથી. પરંતુ ૨૪ કરોડ મુસ્લિમો ભારતમાં ગર્વથી રહે છે. આ પાકિસ્તાનનો ખોટો પ્રચાર છે કે તે મુસ્લિમ દેશ હોવાથી ભારત તેને નુકસાન પહોંચાડી રહ્યું છે.'

# જેસલમેર ખાતે આઈએસઆઈ માટે જાસૂસી કરનાર સરકારી અધિકારીની ધરપકડ કરાઈ

**જેસલમેર**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ બાદ સ્થિતિ સામાન્ય થવા છતાં દેશભરમાં સુરક્ષાને લઈને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ઓપરેશન સિંદૂર બાદ દેશભરમાં પાકિસ્તાન પ્રેરિત જાસૂસી નેટવર્કસને લઈને સુરક્ષા એજન્સી બાજ નજર રાખી રહી છે. સુરક્ષા એજન્સીએ આજે રાજસ્થાનમાંથી વધુ એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

સુરક્ષા એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવેલ શખ્સ રાજસ્થાન સરકારના રોજગાર વિભાગનો કર્મચારી છે. આ સરકારી કર્મચારી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે જાસૂસી કરી રહ્યો હતો. હમણાં થોડા સમય પહેલા આ સરકારી કર્મચારી વિભાગીય પરવાનગી વિના પાકિસ્તાન ગયો હતો. જેના બાદ આ શખ્સ પર શંકા જતા તેની હિલચાલ પર નજર રાખવામાં આવી. સરકારી કર્મચારીની શંકાસ્પદ પ્રવૃત્તિના આધારે તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. સંયુક્ત તપાસ સમિતિ (JIC) આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

રાજસ્થાનમાં અટકાયત કરાયેલા શંકાસ્પદ યુવકની ઓળખ શકુર ખાન તરીકે થઈ છે. શકુર ખાન ડેલ ખાનનો પુત્ર છે અને બરોડા ગામના મંગળિયો કી ધાણીનો રહેવાસી છે. શકુર ખાનની હાલમાં પાકિસ્તાન મુલાકાત બાદ શંકાના દાયરામાં આવતા તેની તપાસ કરાઈ. ત્યારે સામે આવ્યું કે તે છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI ના સંપર્કમાં હતો. શકુર ખાન ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસ નેતા સાલેહ મોહમ્મદના નજીકના હોવાનું પણ કહેવાય છે. તપાસ એજન્સીઓ શકુર ખાનની સંયુક્ત રીતે પૂછપરછ કરી રહી છે. આ પૂછપરછમાં મોટા ખુલાસા થવાની સંભાવના છે.

# શોપિયામાં સેનાએ પકડ્યા 2 આતંકી મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કરાયા

**શોપિયા**



જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. શોપિયામાં એક ઓપરેશન દરમિયાન બે આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. સુરક્ષા દળોએ આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. મળતી માહિતી મુજબ સુરક્ષા દળોએ બાસ્કુચનમાં સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કર્યુ હતું. તે વિસ્તારને ઘેરી લીધો. નજીકના બગીચામાં આતંકવાદીઓની ગતિવિધિ જોવા મળી હતી જે બાદ આતંકી ઇરફાન બશીર અને ઉઝૈર સલામે આત્મસમર્પણ કર્યું. તેઓ પાસેથી બે AK-56 રાઈફલ, ચાર મેગેઝિન, 102 રાઉન્ડ, બે હેન્ડ ગ્રેનેડ, બે પાઉચ વગેરે મળી આવ્યા હતા. શોપિયા પોલીસે જણાવ્યું કે સંબંધિત કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.

# POK ભારતનું અંગ અને આતંકવાદનો અંત નક્કી છે : રાજનાથ સિંહનો સંદેશ

**નવી દિલ્હી**

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ફરી એક વખત પાકિસ્તાનને આડે હાથ લીધું છે. તેમણે ગુરુવારે કહ્યું કે આતંકવાદના વ્યવસાયમાં જોડાયેલા લોકોને ભારે કિંમત ચૂકવવી પડશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે ઘણો આગળ આવી ગયો છે. આપણું સંરક્ષણ માળખું પહેલા કરતાં વધુ મજબૂત બન્યું છે. રક્ષા મંત્રી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે પીઓકે ભારતનું અંગ છે અને આ ઉપરાંત આતંકવાદનો અંત નક્કી છે.



રાજનાથ સિંહે POKનો ઉલ્લેખ કરીને પાકિસ્તાનને સંદેશ આપ્યો. તેમણે કહ્યું, "પીઓકેના લોકો આપણા પોતાના છે, તેમને ફક્ત ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.પીઓકે આપણો એક ભાગ છે અને મને વિશ્વાસ છે કે એક દિવસ પીઓકે પોતે જ કહેશે કે તે ભારતનો એક ભાગ છે. રાજનાથ સિંહે કહ્યું, "પીઓકે આપણા માટે એવું જ છે જેવું મહારાણા પ્રતાપના નાના ભાઈ શક્તિ સિંહ તેમના માટે હતા.

# ઓસ્ટ્રેલિયા જઈ રહેલા પંજાબના 3 નાગરિકોનું ઈરાનમાં અપહરણ, 1 કરોડની ખંડણી મંગાઈ

## ઘટના અંગે તેહરાનમાં ઈન્ડિયન એમ્બેસીએ ઈરાન ઓથોરિટીનું ધ્યાન દોરાયું

**નવી દિલ્હી**

ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ત્રણ ભારતીયોનું ઈરાનમાં અપહરણ થયુ છે. તેમના પરિવારજનો પાસે રૂ.1 કરોડની ખંડણી માગવામાં આવી છે. આ ત્રણ યુવકો પંજાબના સંગરૂર, એસબીએસ નગર અને હોશિયારપુર જિલ્લાના રહેવાસી છે. એજન્ટ મારફત ઈરાન થઈ તેમને ઓસ્ટ્રેલિયા લઈ જવામાં આવી રહ્યા હતાં. તેઓ 1 મેથી ગુમ થયા હતાં.




ઈરાનમાં ભારતની એમ્બેસીએ સ્થાનિક પોલીસ અને સત્તાધીશોની મદદ લઈ આ ત્રણેય ગુમ યુવકોને શોધી કાઢવાની તજવીજ હાથ ધરી છે. ઈરાન પહોંચ્યા બાદ આ યુવકો ગુમ થયા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. 11 દિવસ સુધી તેમની કોઈ ભાળ મળી ન હતી. બાદમાં તેમનો એક વીડિયો આવ્યો હતો. જેમાં તેમના હાથ-પગ બાંધેલા હતા. અને અપહરણકર્તાએ રૂ. 1 કરોડની ખંડણીની માગ કરી હતી. તેમજ તેમના ગળા પર ચપ્પુ મુકી ખંડણીની માગ કરવામાં આવી હતી. તેહરાનમાં ઈન્ડિયન એમ્બેસીએ આ મુદ્દે ઈરાન ઓથોરિટીને તાત્કાલિક ધોરણે ધ્યાન આપી શોધ કરવા માગ કરી છે.

# ઉ.પ્રદેશમાં વધતા ગુનાઓને ડામવા અભૂતપૂર્વ કાર્યવાહી, છેલ્લા 24 કલાકમાં 14 એન્કાઉન્ટર

## બિશ્નોઇ ગેંગના એક શાર્પશૂટરનું પણ મોત, 12થી વધુ ગુનેગારોને પગમાં ગોળી મારી

**લખનૌ**

ઉત્તર પ્રદેશ પોલીસે રાજ્યમાં વધતા ગુનાઓને ડામવા ગુનેગારો સામે અભૂતપૂર્વ કાર્યવાહી કરીને છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ એન્કાઉન્ટર કર્યા છે. આમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક શાર્પશૂટરને ઠાર મારવામાં આવ્યો છે, સાથે જ એક ડઝનથી વધુ ગુનેગારોને પગમાં ગોળી મારીને પકડી લેવામાં આવ્યા છે. પોલીસની આ ઝડપી કાર્યવાહીથી ગુનેગારોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. જેથી ઘણા



ગુનેગારોએ સામેથી જ પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું છે.

ઉત્તરપ્રદેશ પોલીસના STFઅને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં લોરેન્સ ગેંગ સાથે જોડાયેલ કુખ્યાત ગુનેગાર નવીન પણ ઠાર થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, નવીન લૉરેન્સ ગેંગનો શાર્પ શૂટર હતો અને તેની સામે દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં અડધા ડઝનથી વધુ કેસ ચાલી રહ્યા હતા. યુપી એસટીએફને એક બાતમી મળી હતી કે આ ગુનેગાર હાપુડના કોતવાલી વિસ્તારમાં ફરી રહ્યો છે. જે બાદ યુપી એસટીએફએ દિલ્હી પોલીસ સાથે મળીને તેને ઘેરી લીધો હતો. દરમિયાન, નવીને પોલીસ પર ગોળીબાર કર્યો હતો.

# બિહાર એસટીએફની ગાડી રતલામમાં પલટી, 2 પોલીસ જવાનના મોત થયા

**ઈન્દોર**

ગુજરાત આવી રહેલી બિહાર STF (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)ની ગાડીનો મધ્ય પ્રદેશમાં અકસ્માત થયો છે. આ અકસ્માતમાં બે જવાનોના મોત નિપજ્યા છે અને ચાર અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટના રતલામના દિલ્હી-મુંબઈ 8 લેનવાળા એક્સપ્રેસ પર થઈ હતી.

રતલામ SP અમિત કુમારે જણાવ્યું કે, બિહાર STFના જવાન દરોડા પાડવા જતાં હતા. તમામ લોકો બિહારથી ગયાના સ્કોર્પિયો દ્વારા ગાંધીધામ જઈ રહ્યા હતા પરંતુ, વચ્ચે અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્માત ગાડી પલટવાના કારણે થયું હતું. મળતી માહિતી મુજબ, સંતુલન બગડતા ગાડી પલટી ગઈ હતી. સિક્રેટ મિશન પર ગાંધીધામ જઈ રહેલી STFની ગાડીએ અચાનક સંતુલન ગુમાવ્યું અને અકસ્માત થઈ ગયો. ઈજાગ્રસ્તે જણાવ્યું કે, અકસ્માત ગાડી લગભગ 100 મીટર સુધી ઢસેડાઈ હતી. અકસ્માતમાં જીવ ગુમાવનાર જવાનની ઓળખ સબ ઈન્સ્પેક્ટર મુકુંદ મુરારી અને કોન્સ્ટેબલ વિકાસ કુમાર છે. વળી, ઈજાગ્રસ્તોનું નામ- સબ ઈન્સ્પેક્ટર સંતોષ કુમાર, કોન્સ્ટેબલ જીવધારી કુમાર, કોન્સ્ટેબલ મિથિલેશ પાસવાન અને કોન્સ્ટેબલ રંજન કુમાર છે.

## પ.બંગાળમાં મોદી અને મમતા બેનર્જીના એકબીજા પર શાબ્દિક પ્રહાર

# હિંમત હોય તો આવતીકાલે ચૂંટણી મેદાને આવો : મમતા બેનરજી

કોલકાતા : બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ TMC સરકાર પર પ્રહાર કરનાર નરેન્દ્ર મોદીને જવાબ આપ્યો છે. ઓપરેશન સિંદૂર અને પહેલગામ આતંકી હુમલા અંગે મમતા બેનર્જીએ કહ્યું કે,'વડાપ્રધાન મોદીએ જે કહ્યું તેનાથી અમને આઘાત લાગ્યો છે અને તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ પણ છે.' મમતાએ કહ્યું કે, 'સમગ્ર વિપક્ષ દુનિયામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે અને દેશના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે એક સાહસિક પગલું ભરી રહ્યા છે, પરંતુ શું વડાપ્રધાન અને તેમના નેતાઓ માટે એવું કહેવાનો સમય આવી ગયો છે કે, તેઓ ઓપરેશન સિંદૂરની જેમ ઓપરેશન બંગાળ પણ કરશે. હું તેમને પડકાર ફેંકું છું કે, જો તેમનામાં હિંમત હોય તો કાલે ચૂંટણી મેદાનમાં આવે, અમે તૈયાર છીએ અને બંગાળ તમારા પડકારને સ્વીકારવા તૈયાર છે.



# મુર્શિદાબાદ-માલદામાં જે કંઈ થયું તે સરકારની નિર્દયતાનું ઉદાહરણ : PM



મુર્શિદાબાદ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર મોટો હુમલો કર્યો, મુર્શિદાબાદ અને માલદામાં થયેલી હિંસાને તૃણમૂલ કોંગ્રેસ સરકારની ક્રૂરતાનું પ્રતીક ગણાવી. મમતા બેનર્જીનું નામ લેતા વડા પ્રધાન મોદીએ કહ્યું છે કે મુર્શિદાબાદ અને માલદામાં જે કંઈ થયું તે સરકારની 'નિર્દયતા'નું ઉદાહરણ છે. ગુરુવારે પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના અલીપુરદુઆર જિલ્લામાં ૧,૦૧૦ કરોડ રૂપિયાના સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન(CGD) પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. પીએમ મોદીએ એક રેલીને સંબોધિત કરતી વખતે તૃણમૂલ સરકારને ઘેરી લીધી. તેમણે કહ્યું છે કે આજના યુગમાં બંગાળ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, પરંતુ સરકાર આ બધાને દૂર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન બાદ સરકાર બનવાની કવાયત, 44 MLAનો સમર્થનનો દાવો

**ઈમ્ફાલ**

દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ફરી સરકાર બનાવવાની કવાયત ઝડપી શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષ સુધી જાતીય હિંસાનો દોર ચાલ્યો હતો. આ સમયગાળા દરમિયાન મુખ્યમંત્રી એન.બીરેન સિંહે રાજીનામું આપ્યું હતું, જેના કારણે સરકાર પડી ભાંગી અને રાષ્ટ્રપતિ શાસન લગાવી દેવાયું હતું. જોકે હવે હિંસાગ્રસ્ત રાજ્યમાં સરકાર બનવાની કવાયત તેજ કરી દેવાઈ છે. ભાજપના ધારાસભ્ય થોકચોમ રાધેશ્યામ સિંહની આગેવાની હેઠળ NDAના 10 ધારાસભ્યોના ડેલિગેશને રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરી હતી અને રાજ્યમાં સરકાર બનાવવા માટે 44 ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે.

# બેંગલુરુ 9 વર્ષ બાદ ફાઈનલમાં, ક્વોલિફાયર-1માં પંજાબને હરાવ્યું

## આરસીબીએ પંજાબને આઠ વિકેટે હરાવ્યું : પંજાબ ૧૦૧ ઓલઆઉટ : પંજાબ કિંગ્સને વધુ એક તક મળશે

આઈપીએલ-2025માં આજે પંજાબના ઢાકા સ્થિત મુલ્લાંપુરના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ક્વોલિફાયર-1 મેચ રમાઈ હતી, જેમાં રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પંજાબ કિંગ્સને હરાવીને 9 વર્ષ બાદ ફાઈનલમાં પહોંચી ગઈ છે. પંજાબની ટીમે આજની મહત્ત્વની મેચમાં ખરાબ પ્રદર્શન કર્યું હતું અને ટીમ માત્ર 101 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારે બેંગલુરુની ટીમે 10 ઓવરમાં બે વિકેટે 106 રન ફટકારી પંજાબ સામે 8 વિકેટે વિજય મેળવ્યો છે.

પંજાબ તરફથી ઓપનિંગમાં આવેલા પ્રિયાંશ આર્યએ સાત રન, પ્રભસિમરન સિંહે 18, જોશ ઈંગ્લીસે 4, સુકાની શ્રેયસ ઐયરે 2, નેહલ વાઢેરે 8, માર્કસ સ્ટોઈનિસે 26, શશાંક સિંહે 3, મુશીર ખાને 0, અઝમતુલ્લા ઓમરઝાઈએ 18, હરપ્રીત બ્રારે 4 અને કાયલ જેમીસન અણનમ 0 રન નોંધાવ્યા હતા. બેંગલુરુના



બોલરોની દમદાર બોલિંગના કારણે પંજાબની ટીમ સસ્તામાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જોશ હેઝલવુડ અને સુયેશ શર્માએ 3-3 વિકેટ ખેરવી હતી, જ્યારે યશ દયાલે બે, ભુવનેશ્વકુમાર અને આર.શેફર્ડે 1-1 વિકેટ ઝડપી હતી. બેંગલુરુએ માત્ર 10 ઓવરમાં બે વિકેટે 106 રન નોંધાવી જીત મેળવવાની સાથે ફાઈનલમાં એન્ટ્રી મેળવી લીધી છે. બેંગુલુર તરફથી ઓપનિંગમાં આવેલા ફિલ સોલ્ટે 27 બોલમાં છ ફોર અને ત્રણ સિક્સ સાથે અણનમ 56 રન નોંધાવ્યા હતા. ત્યારબાદ વિરાટ કોહલીએ 12, મયંક અગ્રવાલે 19 અને સુકાની રજત પાટીદારે અણનમ 15 રન નોંધાવ્યા હતા. પંજાબ તરફથી માત્ર કાયલ જેમીસને ત્રણ ઓવરમાં એક મેડન નાખી 27 રન આપ્યા હતા અને એક વિકેટ ઝડપી હતી. જ્યારે મુશીર ખાને બે ઓવરમાં 27 રન આપી એક વિકેટ ઝડપી હતી.

# ICC ટેસ્ટ રેન્કિંગની જાહેરાત : બેટરમાં જો રૂટ નંબર વન, ભારતનો યશસ્વી જયસ્વાલ ટોપ-5માં

**દુબઈ**

ICC એ બેટરની લેટેસ્ટ ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી છે. જેમાં ઝિમ્બાબ્વે સામે શાનદાર બેટિંગ બાદ ICC ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ટોપ ઓર્ડરના 3 ક્રિકેટરોને ઘણો ફાયદો થયો છે. ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટ આ વખતે ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વમાં નંબર-1 બની ગયો છે.

ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જો રૂટ 888 રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગની આ યાદીમાં ટોચના સ્થાને છે. જ્યારે હેરી બ્રુક 873 રેટિંગ પોઈન્ટ સાથે



બીજા નંબર પર છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન (867) ત્રીજા નંબર પર, યશસ્વી જયસ્વાલ (847) ચોથા નંબર પર અને સ્ટીવ સ્મિથ (823) પાંચમા નંબર પર છે. ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં જેક ક્રોલી (124), બેન ડકેટ (140) અને ઓલી પોપ (171) એ મજબૂત સદીઓ ફટકારી હતી, જેનો તેમને ટેસ્ટ રેન્કિંગમાં ફાયદો થયો હતો.

ઝિમ્બાબ્વે સામે શાનદાર બેટિંગ બાદ બેન ડકેટને બે સ્થાનનો ફાયદો થયો હતો. તે હાલમાં 13મા સ્થાને છે. જ્યારે ઓલી પોપ 6 સ્થાન ઉપર ચઢીને 22મા સ્થાને અને જેક ક્રોલી આઠ સ્થાન ઉપર ચઢીને ૩૩મા સ્થાને પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડની ટીમ ભારત સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી સાથે તેના નવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અભિયાનની શરૂઆત કરશે.

# IPL ફાઇનલઃ મોદી સ્ટેડિયમમાં કરાશે ઓપરેશન સિંદૂરની ઉજવણી

## સેનાના સન્માન માટે BCCIની ખાસ તૈયારી

**મુંબઈ :** આ વખતે IPLની ક્લોઝિંગ સેરેમની ખાસ રહેવાની છે. ક્લોઝિંગ સેરેમનીમાં BCCI એ ઓપરેશન સિંદૂરની જીતની ઉજવણી કરવા માટે અને સેનાની બહાદુરીને સલામ કરવા માટે ખાસ તૈયારી કરી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ IPL 2025 ની ફાઈનલ મેચ દરમિયાન ભારતીય સેનાને વિશેષ સન્માન આપવાનો નિર્ણય લીધો છે. આ કાર્યક્રમ 3 જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ક્લોઝિંગ સેરેમનીમાં યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સિંદૂરની સફળતા ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવશે. BCCIએ આ ઓપરેશન સિંદૂરની સફળતાને આઈપીએલના પ્લેટફોર્મ પર ઉજવવાનું નક્કી કર્યું છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ આ અંગે જણાવ્યું હતું કે, 'આ વખતે ક્લોઝિંગ સેરેમની સંપૂર્ણપણે ભારતીય સશસ્ત્ર દળોને સમર્પિત રહેશે. આ માટે સેના, નેવી અને એરફોર્સના વડાઓને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ભારતે મિક્સ રિલેમાં ગોલ્ડ જીત્યો તેજસ્વિન અને પૂજાને સિલ્વર મેડલ

નવી દિલ્હી : ભારતની ચાર બાય ૪૦૦ મીટર મિક્સ રિલે ટીમે સાઉથ કોરિયા ખાતેની ૨૬મી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને પોતાના ગોલ્ડ મેડલના ટાઈટલને જાળવી રાખ્યું હતું. વિવિધ સ્પર્ધામાં ચાર સિલ્વર અને એક બ્રોન્ઝ જીત્યા બાદ ભારતી બીજી દિવસે કુલ આઠ મેડલ્સ જીત્યા હતા. રુપલ ચૌધરી, સંતોષ કુમાર, વિશાલ ટીકે તથા શુભા વેંકટેશનની ભારતીય ટીમે મિક્સ રિલે રેસને ત્રણ મિનિટ ૧૮.૧૨ સેકન્ડના સમય સાથે જીતી લીધી હતી. આ ઈવેન્ટમાં ચીને સિલ્વર તથા શ્રીલંકાએ બ્રોન્ઝ મેડલ જીત્યો




હતો. તેજસ્વિન શંકરે ડેકાથ્લોનમાં બીજું સ્થાન હાંસલ કર્યું હતું. રુપલ ચૌધરીએ વિમેન્સ ૪૦૦ મીટરમાં અને પૂજાએ ૧૫૦૦ મીટરમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ પહેલાં મેન્સ ૧૫૦૦ મીટરમાં ભારતના યૂનુસ શાહે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. રુપલે ૪૦૦ મીટર ફાઈનલમાં ૫૨.૬૮ સેકન્ડનો સમય હાંસલ કર્યો હતો.

# બાંગ્લાદેશ અને સાઉથ આફ્રિકાના ખેલાડી વચ્ચે મેદાનમાં બબાલ! મારામારી સુધી મામલો પહોંચ્યો

**નવીદિલ્હી**

IPL 2025 ના રોમાંચ વચ્ચે, ક્રિકેટ જગતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેલાડીઓ વચ્ચે ગરમાગરમ વાતાવરણ સામાન્ય રીતે ક્રિકેટના મેદાન પર ખેલાડીઓ વચ્ચે ઝગડો થાય તે સામાન્ય બાબત છે. ક્યારે બંને વચ્ચે દલીલો વધી પણ જતી હોય છે. પરંતુ બાંગ્લાદેશમાં એક એવી ઘટના બની છે જેમાં બે ખેલાડીઓ વચ્ચે ઝઘડો થયો અને મામલો મારામારી સુધી પહોંચી ગયો. જેને જોઈને અમ્પાયરે મામલો શાંત કરવા વચ્ચે આવવું પડ્યું હતું. દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશની ઉભરતી



ટીમ વચ્ચે ઢાકાના શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં રમાઈ રહેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટ મેચ દરમિયાન આ ઘટના બની હતી. મેચના બીજા દિવસે, દક્ષિણ આફ્રિકાના ખેલાડી ત્શેપો ન્તુલી અને બાંગ્લાદેશના રિપન મંડલ વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી ત્યારબાદ બંને ખેલાડીઓ એકબીજાને ધક્કો મારતા જોવા મળ્યા હતા અને મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો.

# સિંધુ-પ્રણોય ટૂર્નામેન્ટમાંથી બહાર થયા, સાત્વિક અને ચિરાગ ક્વાર્ટર ફાઈનલમાં

**સિંગાપોર**

સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય મેન્સ ડબલ્સ જોડીએ સાબર કાર્યમન ગુટામા તથા મોહ રેજા ઈસ્ફહાનીની સાતમી ક્રમાંકિત ઈન્ડોનેશિયાની જોડીને હરાવીને સિંગાપોર ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો પરંતુ ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધુનું અભિયાન પૂરું થયું હતું. સાત્વિક અને ચિરાગની જોડીએ વળતો પ્રહાર કરીને એક કલાક ૧૪ મિનિટ સુધી રમાયેલી મેચમાં ૧૯-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૯ના સ્કોરથી વિજય મેળવ્યો હતો. બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ સિંધુ વિશ્વની પાંચમી ક્રમાંકિત ચીનની યેન યૂફેઈ સામે ૬૫ મિનિટના સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ૯-૨૧, ૨૧-૧૮, ૧૬-૨૧ના સ્કોરથી હારી ગઈ હતી.

# ગુકેશે પોતાના ૧૯મા જન્મદિવસે અમેરિકાના નાકામુરાને હરાવ્યો

## નોર્વે ચેસમાં ભારતના એરિગેસીનો પરાજય

**નોર્વે**

ભારતના વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશે આખરે નોર્વે ચેસ ટૂર્નામેન્ટમાં વિજય હાંસલ કર્યો હતો. તેણે પોતાના ૧૯મા જન્મદિવસે અમેરિકાના બીજા ક્રમાંકિત હિકારુ નાકામુરાને હરાવીને ત્રણ મહત્ત્વપૂર્ણ પોઈન્ટ હાંસલ કર્યા હતા. પ્રથમ બે રાઉન્ડમાં વિશ્વના પ્રથમ ક્રમાંકિત નોર્વેના મેગ્નસ કાર્લસન અને ભારતના અર્જુન એરિગેસી સામે પરાજયનો સામનો કરનાર ગુકેશે રેપિડ અને બ્લિટ્ઝમાં નાકામુરાને સતત દબાણમાં રાખીને ૪૨ મૂવ્સમાં વિજય મેળવ્યો હતો. નોર્વ ચેસ ટૂર્નામેન્ટ છ ખેલાડીઓ વચ્ચે ડબલ રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમાય છે. સારી શરૂઆત કર્યા બાદ એરિગેસીને ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆન સામે પરાજયનો સામનો કરવો પડયો હતો. ગયા વર્ષના ચેમ્પિયન કાર્લસનનો આર્માગેડોન ટાઈબ્રેકમાં ચીનના વેઈ યી સામે પરાજય થયો હતો. કારુઆના કુલ છ પોઈન્ટ સાથે ટોચના ક્રમે છે. કાર્લસન પાંચ પોઈન્ટ સાથે બીજા અને એરિગેસી તથા નાકામુરા ૪.૫ પોઈન્ટ સાથે સંયુક્ત રીતે ત્રીજા ક્રમે છે.

# ત્રણ વન-ડે માટે ઓસ્ટ્રેલિયાની વિમેન્સ ટીમ સપ્ટેમ્બરમાં ભારતનો પ્રવાસ ખેડશે

**મુંબઇ**

ઓસ્ટ્રેલિયાની વિમેન્સ ક્રિકેટ ટીમ સપ્ટેમ્બરમાં ભારતનો પ્રવાસ ખેડશે અને આ બાબતને બીસીસીઆઈએ સમર્થન આપ્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રોણી રમાશે જે વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ પહેલાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેટિયમ ખાતે રમાનારી ત્રણેય મેચ અનુક્રમે ૧૪મી, ૧૭ અને ૨૦મી સપ્ટેમ્બરે રમાશે. હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય વિમેન્સ ટીમ ૨૮મી જૂનથી ઈંગ્લેન્ડ સામેની વ્હાઈટબોલ ટૂર દ્વારા વર્લ્ડ કપની તૈયારીઓનો પ્રારંભ કરશે. બીસીસીઆઈએ જાહેરાત કરી છે કે ભારત-એ મેન્સ ટીમ સપ્ટેમ્બરના અંતમાં બે મલ્ટિપલ ફોર્મેટની સિરીઝમાં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની યજમાની કરશે.

# સહાયથી આવતાં અન્નક્ષેત્ર ઉપર હજ્જારો ગાઝાવાસીઓનો ધસારો : 47ને ઈજાઓ

## ભૂખે મરતા લોકો આડશો તોડી નીચી દિવાલો કૂદીને અન્નક્ષેત્ર તરફ ધસી ગયા

**રાફાર**

સમગ્ર ગાઝા પટ્ટી ઈઝરાયલનાં આક્રમણથી ખેદાન-મેદાન થઈ ગઈ છે. તેમાં એક તરફ અસહ્ય ગરમી બીજી તરફ દુષ્કાળની પરિસ્થિતિ અને ત્રીજી તરફ ઈઝરાયેલ અટકાવેલા સહાય ટ્રકોને પરિણામે ત્યાં વસતા પેલેસ્ટાઈનીઓની હાલત હૃદય કંપાવનારી બની રહી છે. તેવામાં આખરે આંતરરાષ્ટ્રીય દબાણને વશ થઈ છેવટે ઈઝરાયલને ગાઝામાં સહાય ટ્રકો જવા દેવા પડયા. પરંતુ અનેક સ્થળોએ તો તે ટ્રકો તેમનાં ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલા લોકો ટ્રકો પર



ચઢી ગયા હતા અને ખાદ્યાનની લૂંટફાટ કરતા હતા.

તેવામાં દક્ષિણ ગાઝામાં આવેલાં રફાર શહેરમાં તો હૃદય હલાવી દે તેવાં દ્રશ્યો જોવા મળ્યાં હતાં, ત્યાં અમેરિકાની સહાયથી ચાલતાં અન્નક્ષેત્રમાં તો પરિસ્થિતિ હૃદયદ્રાવક બની ગઈ હતી. ભૂખે મરતા હજ્જારો લોકો હાથમાં જે કોઈ વાસણ હોય તે લઈ અન્નક્ષેત્ર તરફ ધસી જતાં અંધાધૂંધી પ્રસરી રહી હતી. તે ધસારામાં ઓછામાં ઓછા ૪૭ તો ભારે ઈજાઓ થઈ હતી.

ભૂખે મરતા લોકો હાથમાં જે વાસણ આવ્યું તે લઈ ધસી ગયા હતા અને ધસારો અટકાવવા ઊભી કરેલી આડશો તોડી આગળ ધસતા હતા. તેટલું જ નહીં પરંતુ આડશો પછી માટીથી બનાવેલી નીચી દિવાલો કૂદી કૂદી ધસી ગયા હતા.

# ફ્રાન્સમાં 300 જેટલા બાળકો પર રેપના આરોપમાં પૂર્વ સર્જનને 20 વર્ષની સજા

## સર્જન દોષિત જાહેર, પોતાની પૌત્રીને પણ ના છોડી

**પેરિસ**

ફ્રાન્સની એક કોર્ટે ૭૪ વર્ષીય પૂર્વ સર્જનને બે દાયકાના સમયગાળામાં લગભગ ૩૦૦ બાળકોનું જાતીય શોષણ કરવા બદલ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. જોએલ લે સ્કૌરેનેકને ૨૯૯ બાળકો પર બળાત્કાર અને જાતીય હુમલો કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. લે સ્કૌરેનેક પહેલાથી જ ચાર બાળકો પર બળાત્કાર કરવા બદલ ૧૫ વર્ષની સજા કાપી રહ્યો છે, જેમાં તેના બે સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. તેને ૨૦૨૦માં આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. સ્કૌરનેક ૨૯૯ ઉપરાંત અન્ય બાળકોનું જાતીય શોષણ કર્યું હોવાની કબૂલાત કરી હતી. તેણે કોર્ટને જણાવ્યું હતું કે તેણે પહેલી વાર ૧૯૮૫માં તેની ભત્રીજીનું જાતીય શોષણ કર્યું હતું અને તે સમયે તે માત્ર પાંચ વર્ષની હતી. આગામી વર્ષોમાં ત્રીજી ટ્રાયલ થવાની અપેક્ષા છે, જેમાં સર્જને પોતાની પૌત્રી સાથે પણ આવું જ દુષ્કૃત્ય કર્યું હતું.હવસખોર સર્જન વિરુદ્ધ નવી ટ્રાયલ ફેબ્રુઆરીમાં પશ્ચિમ ળાન્સના બ્રિટ્ટેનીમાં શરૂ થઈ હતી.

# બાંગ્લાદેશમાં હજારોની ભીડ રસ્તા પર, ફાસીવાદ ખતમ કરવા નારેબાજી

**ઢાકા**

બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર ચલાવી રહેલા મોહમ્મદ યુનુસ વિરૂદ્ધ રોષ વધી રહ્યો છે. બુધવારે હજારો લોકો ઢાકાના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતાં. તેઓ 'ફાસીવાદ' ખતમ કરોના સુત્રોચ્ચાર કરી રહ્યા હતાં. યુનુસનો વધતો વિરોધ તેમને રાજીનામું આપવા મજબૂર કરી રહ્યો છે. બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન બેગમ ખાલિદા જિયાની પાર્ટી બીએનપીએ આ આંદોલન શરૂ કર્યુ હતું. જેમાં દેશભરમાંથી હજારો લોકો જોડાયા છે. ઢાકાના તમામ મુખ્ય માર્ગો પર ચક્કાજામ કરી દીધો છે. તેમજ



યુનુસને પદ પરથી દૂર કરવા આંદોલનો કરી રહ્યા છે. બાંગ્લાદેશની નેશનલિસ્ટ પાર્ટીની રેલીમાં ટૂંકસમયમાં સામાન્ય ચૂંટણી કરાવવાની માગ ઉભી થઈ છે. બીજી તરફ છેલ્લા થોડા દિવસથી મોહમ્મદ યુનુસ પણ સત્તા પર મજા ન આવતી હોવાનું નિવેદન આપતાં રાજીનામાંની વાત કરી રહી છે.

# નેપાળ પોલીસે કથિત અપહરણ ગેંગનો પર્દાફાશ કર્યો, પાંચ ભારતીય નાગરિકોની ધરપકડ કરાઈ

## બાંગ્લાદેશી પુરુષ પાસેથી 2,000-3,500 યુએસ ડોલર, ફોન લૂંટી લેવામાં આવ્યા હતા

**કાઠમંડુ**

નેપાળ પોલીસે બુધવારે એક કથિત અપહરણ ગેંગનો પર્દાફાશ કર્યો હતો અને પાંચ ભારતીય નાગરિકોની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓ નેપાળમાં ખંડણી માટે બાંગ્લાદેશી પ્રવાસીઓને બંધક બનાવવામાં શામેલ હતા. કાઠમંડુ મેટ્રોપોલિટન પોલીસના પ્રવક્તા અને વરિષ્ઠ પોલીસ અધિક્ષક અપિલ બોહારાના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ દિલ્હીના રહેવાસી શિવ સૌરભ (34), ઉત્તર પ્રદેશના કાનપુરના રહેવાસી રમેશ જાધવ (64), દીપક કુમાર (32), સંદીપ કુમાર (36) અને જસપ્રીત સિંહ (38) તરીકે થઈ છે, જે બધા પંજાબના રહેવાસી છે. બોહરાએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ ગેંગે સસ્તા ટ્રાવેલ પેકેજની લાલચ આપીને નેપાળ જઈ રહેલા સાત બાંગ્લાદેશી નાગરિકોનું અપહરણ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે બાંગ્લાદેશી નાગરિકોને કાઠમંડુ ખીણના લલિતપુર મહાનગરમાં ભાડાના મકાનમાં બંધક બનાવવામાં આવ્યા હતા. બંધક બનાવેલા બાંગ્લાદેશી નાગરિકોને માનસિક અને શારીરિક ત્રાસ પણ આપવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, દરેક બાંગ્લાદેશી પુરુષ પાસેથી 2,000-3,500 યુએસ ડોલર અને તેમના મોબાઈલ ફોન લૂંટી લેવામાં આવ્યા હતા અને વોટ્સએપ દ્વારા લાખો ડોલરની ખંડણી માંગવાની ફરજ પાડવામાં આવી હતી.

# લિવરપુલ ફૂટબોલ કલબની વિકટરી પેરેડ માણતા ટોળામાં કાર ધસી આવતાં 65 લોકો ઈજાગ્રસ્ત

**લિવરપુલ**

લિવરપુલ ફૂટબોલ કલબની વિકટરી પેરેડ અફડાતફડી અંધાધૂંધી સાથે લોહીયાળ બની રહી. આ વિજયનો આનંદોત્સવ માણતા લોકો વચ્ચે એક કાર ધસી જતાં ઓછામાં ઓછા 65 લોકોને ઈજાઓ થઈ હતી. તે પૈકી ૨૭ને તો ગંભીર ઈજાઓ થતાં તેઓને મુખ્ય હોસ્પિટલમાં લઈ જવા પડયા હતા. જયારે અન્ય ૨૦ને વોટર-સ્ટ્રીટ સ્થિત હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

આ માહિતી આપતા પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ૫૩ વર્ષનો એક બ્રિટિશર જ કાર ચલાવતો હતો. તેણે આ વિજયનો આનંદ માણતા ટોળામા કાર ઘૂસાડી દીધી હતી. જો કે આ ઘટના ત્રાસવાદી ઘટના તો ન જ હતી, તેમ પણ પોલીસ પ્રવકતાએ જણાવ્યું હતું. લિવરપુલ શહેરનાં જ ફૂટબોલ ગ્રાઉન્ડ ઉપર યોજાયેલી આ ફૂટબોલ મેચમાં



લિવરપુલની ફૂટબોલ ટીમે માન્ચેસ્ટરની ટીમ ઉપર વિજય મેળવતાં લિવરપુલવાસીઓ ગાંડા-ઘેલા બની ગયા હતા, કારણ કે માંચેસ્ટર ટીમ તો મોસ્ટ-પાવરફૂલ ટીમ કહેવાય છે. તેથી લિવરપુલ -ફેન્સ શેરીઓમાં પણ આનંદોત્સવ માણતા હતા. ત્યાં આ કાર ધસી જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. તે બ્રિટિશર ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી હતી.

# ઈઝરાયેલમાં હુમલાનો માસ્ટરમાઈન્ડ હમાસનો વડો સિનવાર ઠારઃ નેતન્યાહૂ

## સિનાવરે હમાસના લશ્કર અને રાજકીય નેતૃત્વ કરતો હતો

**તેલ અવીવ**

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ બુધવારે જણાવ્યું કે, ઈઝરાયલના લશ્કરે હમાસના ગાઝા પ્રમુખ અને સંગઠનના નેતા યાહ્યા સિનવારના નાના ભાઈ મોહમ્મદ સિનવારને ઠાર કર્યો છે. મોહમ્મદ સિનવારને ઈઝરાયલ પર ઓક્ટોબર ૨૦૨૩માં થયેલા ઘાતકી હુમલાનો માસ્ટરમાઈન્ડ મનાય છે. ઈઝરાયેલના સુરક્ષા દળ (આઈડીએફ)એ હવાઈ હુમલો કરીને ખાન યુનિસના યુરોપીયન હોસ્પિટલ નજીક એક સુરંગમાં સિનવારને ઠાર કરી દેવામાં આવ્યો હતો. નેતન્યાહૂએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'મોહમ્મદ સિનવારનો ખાત્મો બોલાવી દેવામાં આવ્યો છે.' તે હમાસના લશ્કરની પાંખનું નેતૃત્વ કરી રહ્યો હતો. હમાસ માટે આ મોટો ઝાટકો છે. પરંતુ અમારું અભિયાન હજુ પૂર્ણ થયું નથી. વડાપ્રધાને જણાવ્યું કે, ગાઝામાં બંધકોને નુકસાન પહોંચાડનારા વિરુદ્ધ કાર્યવાહી કરાશે. યાહ્યા સિનવારનું ઓક્ટોબર ૨૦૨૪માં મૃત્યુ થયા બાદ સિનવારે હમાસના લશ્કર અને રાજકીય નેતૃત્વ પર પકડ મેળવી હતી.

# કોરોના રેટ વધતાં WHO ચિંતિત, સભ્ય દેશોને કહ્યું - વેક્સિનેશન ચાલુ રાખો

**વોશિંગ્ટન**

દુનિયામાં SARS-CoV-2 વાઈરસની ગતિવિધિમાં વધારો નોંધાયો છે. જેથી રસીકરણનો પ્રોગ્રામ બંધ ન કરે કોવિડ ટેસ્ટમાં પોઝિટિવિટી રેટ 11% સુધી પહોંચી ગયો છે, જે જુલાઈ 2024 બાદ સૌથી વધુ છે. આ વધારો વિશેષ રૂપે ઈસ્ટર્ન મેડિટેરેનિયન સાઉથ-ઈસ્ટ એશિયા, વેસ્ટર્ન પેસિફિક (પશ્ચિમી પ્રશાંત વિસ્તાર)થી જોવા મળી રહ્યો છે. WHOનું કહેવું છે કે, 2025ની શરૂઆતથી કોરોના વેરિયન્ટના ટ્રેન્ડમાં થોડો બદલાવ જોવા મળ્યો છે. LP.8.1 વેરિયન્ટ ઘટી રહ્યો છે. જોકે, NB.1.8.1ને વેરિયન્ટ દેખરેખ હેઠળની શ્રેણીમાં રાખવામાં આવ્યો છે, જેના કેસ ઝડપથી વધી રહ્યા છે.

# ગરમી, દુષ્કાળ, આગ, પૂરથી આગામી પાંચ વર્ષમાં તમામ રેકોર્ડ તૂટશે : યુએન

**ન્યૂયોર્ક**

સંયુક્ત રાષ્ટ્રનાં વિશ્વ-ઋતુ-વિજ્ઞાન-સંગઠન (ડબલ્યુ એમ ઓ) એ તેના તાજેતરના રીપોર્ટમાં ચેતવણી આપી છે કે પાંચ વર્ષ (૨૦૨૫-૨૦૨૯) માં વિશ્વ ઉષ્ણતામાનમાં જરા પણ રાહત મળવાની આશા નથી.

રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તે ગાળા દરમિયાન, વિશ્વનું સરેરાશ ઉષ્ણતામાન ૧.૫ સેલ્સિયસથી પણ વધવાની ભીતી છે. જે ૭૦ ટકા જેટલી સાચી પડવા સંભવ છે. જે પેરીસ સમજૂતીનાં આકલનથી વધુ છે. ઉપરાંત ૮૦ ટકા સંભાવના તો તે રહી છે કે આગામી પાંચ વર્ષમાં એક વર્ષ એવું જશે કે, જે ૨૦૨૪ના વર્ષનો પણ રેકોર્ડ તોડી નાખશે. રીપોર્ટ વધુમાં જણાવે છે કે, દુનિયા સતત બે વર્ષ (૨૦૨૩-૨૪) માં સૌથી વધુ ગરમ વર્ષોનો સામનો કરી ચૂકી છે. પૃથ્વીનું ઉષ્ણતામાન ઐતિહાસિક સ્તરે ઊંચુ જવા સંભવ છે. ડબલ્યુએમઓના ઉપમહામંત્રી, કો બેરેટે કહ્યું છે કે આપણે હમણાં હમણાં જ ૧૦ સૌથી વધુ ગરમ વર્ષો અનુભવ્યાં છે. અને આગામી વર્ષોમાં કોઈ રાહત મળવાની સંભવના નથી. તેનો અર્થ તે થયો કે આપણાં દૈનિક જીવન, આપણી પરિસ્થિતિ, આપણી પ્રણાલી અને કુટુંબોની તથા રાષ્ટ્રોની અર્થવ્યવસ્થા પર તેની સીધી અસર થશે.

# IBM કંપનીએ AIને કામે લગાવી, 8000 કર્મચારીઓની નોકરી ઝૂંટવી લીધી

**ઇસ્લામાબાદ**

અમેરિકામાં AIને કામે લગાડી કર્મચારીઓને રવાના કરવાની ઝૂંબેશમાં વિખ્યાત IBM કંપનીએ પણ જોડાઈ 8000 કર્મચારીઓને રવાના કરી દેવાયા છે. મોટાભાગની નોકરીઓ હ્યુમન રિસોર્સ એટલે કે, HR વિભાગમાંથી કપાઈ છે. આ મહિનાની શરૂઆતમાં IBM દ્વારા AI એજન્ટ્સને કામે લગાડી 200 નોકરીઓનું કામ AIને સોંપી દેવાયું હતું. માણસો દ્વારા જે કામ થતાં હતા તે કામો હવે AI કરે છે અને ઘણાં કામ તબક્કાવાર રદ કરવામાં આવી રહ્યા છે. AIને કામે લગાડી કર્મચારીઓને રવાના કરવાનું વલણ IBM પૂરતું મર્યાદિત નથી. ઘણી અમેરિકન કંપનીઓમાં આ વલણ જોવા મળી રહ્યું છે.

# ડિંગુચાના પરિવારનો ભોગ લેનારા હર્ષને અમેરિકામાં ૨૦ વર્ષની સજાની સંભાવના

## ડંકી રૂટથી અમેરિકા જવાના પ્રયાસમાં પતિ-પત્ની અને બે સંતાનો ઠૂંઠવાઈને મરી ગયા હતા

**મિનેપોલિસ**

ડંકી રૂટથી અમેરિકા જવાના પ્રયાસમાં કલોલ તાલુકાના ડિંગુચા ગામનો પરિવાર હોમાઈ ગયો હતો. અમેરિકા-કેનેડાની સરહદ પર પતિ-પત્ની અને બે બાળકો ઠંડીમાં ઠૂંઠવાઈને ગુજરી ગયા હતા. આ ચકચારી કેસમાં બે આરોપીની ધરપકડ થઈ છે અને મિનેસોટા કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, જ્યાં મુખ્ય સૂત્રધાર હર્ષ પટેલને ૨૦ વર્ષની કેદની સજા થવાની સંભાવના છે.કોર્ટમાં સુનાવણી દરમિયાન ફેડરલ પ્રોસિક્યુટરે હર્ષ રમણલાલ પટેલના કારસ્તાનને આંતરરાષ્ટ્રીય ષડયંત્ર ગણાવ્યુ હતું અને તેને ૨૦ વર્ષની સજા ફટકારવા રજૂઆત કરી હતી. હર્ષે ડિંગુચાના પટેલ

પરિવારને તેડવા જવાની જવાબદારી સ્ટીવ એન્થોની શેન્ડને સોંપી હતી, જેને ૧૧ વર્ષની સજા થઈ શકે છે. ગત મહિને યુએસ ડિસ્ટ્રિક્ટ જજે હર્ષને કસૂરવાર ઠરાવવા ઈનકાર કર્યો હતો અને કેસ પૂરો ન થયો હોવાનું કહ્યું હતું. ટ્રાયલ દરમિયાન પ્રોસીક્યુટરે દલીલ કરી હતી કે, હર્ષ પટેલ ભારતીય નાગરિક છે અને તેને લોકો 'ડર્ટી હેરી' તરીકે ઓળખે છે. તેનો ડ્રાઈવર એન્થોની અમેરિકાન સિટીઝન છે. તેઓ ભારતમાંથી અનેક લોકોને સ્ટુડન્ટ વિઝ પર કેનેડા બોલાવતા હતા અને ત્યાંથી યુએસ બોર્ડર પાર કરાવતા હતા. ડિંગુચાના વતની જગદીશ પટેલ તેની પત્ની વૈશાલી બેન, ૧૧ વર્ષની દીકરી અને ૩ વર્ષના દીકરા ગેરકાયદે અમેરિકા પહોંચાડવાનું કામ હર્ષે લીધુ હતું. એક જ પરિવારના ચારેય સભ્યોના મૃતદેહ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કેનેડા પોલીસને મળી આવ્યા હતા. એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતાં પોલીસ ચોંકી ઊઠી હતી. આ મામલે તપાસ બાદ અમેરિકામાં હર્ષ તથા તેના સાગરિતની ધરપકડ કરવામાં આવી હતી.

# અફઘાનિસ્તાન સાથે તણાવ : પાક. સેનાએ ટેન્કો તૈનાત કરી ચોકીઓ ભીષણ હુમલો કર્યો

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સેનાઓ વચ્ચે ગુરૂવારે સવારે ફરી એકવાર તંગદિલીનો માહોલ સર્જાયો છે. બંને દેશોએ અફઘાનિસ્તાનની બરમાચા સરહદ પર આમને-સામને ફાયરિંગ કર્યું હતું. આ વિસ્તાર પાકિસ્તાનના બલૂચિસ્તાનના સમાનાંતરમાં સ્થિત છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, બોર્ડર પર નવી ચોકીઓ બનાવવાથી વિવાદ સર્જાયો હતો. જેના લીધે બંને દેશો વચ્ચે આજે સવારથી ફાયરિંગ શરૂ થયુ હતું. જો કે, થોડા કલાક બાદ ફાયરિંગ બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં બપોર પછી ફરી તણાવ વધ્યો હતો. બપોરે લગભગ 4.30 વાગ્યે બંને દેશો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો. પાકિસ્તાનની સેનાએ અફઘાનિસ્તાન સામે યુદ્ધની સ્થિતિ સર્જાવવાની ભીતિ સાથે ટેન્ક પણ તૈનાત કર્યા છે. અફઘાન સરહદ પર બનાવવામાં આવેલી ચોકીઓને તોપમારો કરી ઉડાવી દેવામાં આવી હતી. પાકિસ્તાન અને અફઘાન તાલિબાન આજે કટ્ટર દુશ્મન બન્યા છે. બંને એક-બીજાના સૈનિકોના મોત પર ઉજવણી કરી રહ્યા છે. અફઘાનની તાલિબાની સેના છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન પર હુમલા કરી રહી છે. તાલિબાન સમર્થક ટીટીપીએ પાકિસ્તાનમાં તેની ચોકીઓ પર કબજો મેળવ્યો છે. તાલિબાન દ્વારા પાકિસ્તાનમાં ટ્રેન હાઈજેક કરવા ઉપરાંત સેના પર હુમલાઓનો કિસ્સા વધ્યા છે.

# ક્રેડિટ વેલી હોસ્પિટલના કેન્સર સેન્ટરમાં GSSMની તકતી મુકાઈ



**મિસીસાગા**

ગુજરાતી સિનિયર સમાજ ઓફ મિસિસાગા-ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશન ઘણાં વર્ષોથી સામાજિક કાર્યો માટે ભંડોળ ઊભું કરવાનુ મહત્વનું કાર્ય કરે છે. THPFની આ પહેલના બીજ ૨૦૧૯માં રોપાયા હતા, જ્યારે GSSM એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય કનુભાઈ પટેલે GSSMના નેતૃત્વમાં આ વિચાર રજૂ કર્યો હતો. તેમની પ્રેરણા - એક ઊંડા વ્યક્તિગત અનુભવમાંથી ઉદ્ભવી હતી. જેમા તેમના સ્વર્ગસ્થ પત્ની સવિતાબેન પટેલે અનેક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથેના સંઘર્ષ દરમિયાન ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ખાતે અસાધારણ સંભાળ મેળવી હતી.

આ સેવાઓના અપાર મૂલ્યને ઓળખીને કનુભાઈ ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશન (THPF)ને ટેકો આપવા માટે પ્રેરાયા હતા. ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ (THP) ઓન્ટેરિયોમાં એક અગ્રણી હોસ્પિટલ નેટવર્ક છે, જેમાં ત્રણ મુખ્ય સ્થળો ક્રેડિટ વેલી હોસ્પિટલ, મિસિસાગા હોસ્પિટલ અને ક્વીન્સવે હેલ્થ સેન્ટરનો સમાવેશ થાય છે.

ઓગસ્ટ ૨૦૧૯માં GSSM એક્ઝિક્યુટિવે THPF માટે ભંડોળ ઊભું કરવાની પહેલને સત્તાવાર રીતે મંજૂરી મળી અને હોસ્પિટલ ભંડોળ ઊભું કરવાની સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં શરૂઆતમાં કનુભાઈ પટેલ, અગ્નિભાઈ શાહ અને દિલીપભાઈ એન.પટેલનો સમાવેશ થતો હતો. પછીથી અગ્નિભાઈ શાહના સ્થાને કલાબેન પટેલ (૨૦૧૯થી ૨૦૨૪ સુધી GSSMના પ્રમુખ) સમિતિમાં જોડાયા હતા. ત્યારથી GSSMના સભ્યો અને સમર્થકોએ THPF માટે પ્રભાવશાળી $૫૨૦,૦૩૯ એકત્ર કર્યા છે. આ બાબતની નોંધ લઈને ક્રેડિટ વેલી હોસ્પિટલમાં THPFએ GSSMના નામ સહિતની તકતી કેન્સર સેન્ટરમાં રેડિયેશન ડેસ્કની પાછળ મુકી હતી. ભંડોળ માટે વિવિધ પ્રયાસો થયા છે. જેમાં કોવિડ -૧૯ના રોગચાળા દરમિયાન લાઈવ ફેસબુક સિંગિંગ ફંડરેઝર, અને ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન ત્રણ વોકેથોનનો જેવી પ્રવૃત્તિ થઈ હતી.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**Urgent Listing Require: Motels & Hotels**
**Any Size, Any Price, Any Location**
Qualified Buyers Having
**40% To 50% Down Payment,**
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

**16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million**
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaurant and Bar (closed). Year round business.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit**

**17 ROOM MOTEL – Chatham - $1.7M**
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round buniness with repeat customers. Very low operating costs.

**Coming up For Sale – Motels & Hotels**
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

**21 ROOM MOTEL– Gravenhurst - $1.7M**
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed) Buyer to assum everyone staying there AS IS. 3 Acres of land, all muncipal services – opportunity for future development

**Motel Jobs AND Working Partner opportunity available**
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

**Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100**